સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH


# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૩ | અંક : ૩ | જૂન-૨૦૧૮

## જળ છે તો કાલ છે

## પાણી બચાવો, જીવન બચાવો
## આવતીકાલ સુરક્ષિત કરો

## જળ એ જ જીવન છે



# સરસ્વતી વિદ્યામંડળ – શૈક્ષણિક સેમિનાર–૨૦૧૮



# ઘરશાળા

**જૂન - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૩**


સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| **લવાજમ :** | **ભારત** | **પરદેશ** | |
|---|---|---|---|
| **વાર્ષિક :** | **૧૫૦/-** | **૪૦ $** | **૨૫ ¤** |
| **આજીવન** (૨૦ વર્ષ) | **૨,૦૦૦/-** | **૨૦૦ $** | **૧૦૦ ¤** |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| વૃદ્ધ અને પુલ | ધીરુભાઈ શાહ / ૧૩ |
| કદર કરવાની આ રીત કેવી ? | મનસુખ સલ્લા / ૧૪ |
| હીંચકો | ઉમેશ જોષી / ૧૪ |
| પરદેશનો મોહ : ઝાંઝવાનું જળ | રણછોડ શાહ / ૧૫ |
| પુસ્તક પરિચય : પ્રાથમિક શાળામાં શિક્ષક | પ્રવીણ કે. મકવાણા / ૧૭ |
| સ્વચ્છતા અભિયાનમાં એક શિક્ષકની ભૂમિકા | જિજ્ઞેષ ઠાકર / ૧૮ |
| શિક્ષક અને લઘુતમ અધ્યયન ક્ષમતા | શ્રી પરેશભાઈ પટેલ / ૧૯ |
| શૈક્ષણિક શિબિર | મૃણાલ ઓઝા / ૨૩ |
| "તો પછી રાંધો લાપસી !" 'સ્પેરોમેન' જગતભાઈ કિનખાબવાલા | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૫ |
| સરસ્વતી મંડળ - શિક્ષકવૃંદ (છ દાયકાપૂર્વેનું) | ચંદ્રવદન એસ. વ્યાસ / ૩૧ |
| કોરી સ્લેટના મનડા... | મિત્તલ પટેલ / ૩૪ |
| કેળવણીમાં ભારતીયતાની શોધ | / ૩૫ |
| પ્રતિભાવ | / ૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૩૯ |


# "ઘરશાળા"
# શૈક્ષણિક માસિક

### લેખક જોગ - વાચકો જોગ

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## બાળઅપરાધમાં ડોકિયું


બાળકો, ખાસ કરીને ગુનો કે અપરાધ આચરે છે, ત્યારે તેને બાળઅપરાધ તરીકે ઓળખવામાં આવે છે. આ એક સમસ્યા છે, સામાજિક મૂંઝવણ છે.

આવો બાળઅપરાધ બે રીતે જોવામાં આવે છે. એક તો નૈતિક સમસ્યા અથવા ઘર અને સમાજનાં નૈતિક ધોરણોથી અળગા થઈ જવાનું કૃત્ય અને બીજી તરફ કાનૂની સમસ્યા કે કાયદાકીય ધોરણોથી અળગા થઈ જવાનું વલણ.

મૂળતઃ તો બાળ અપરાધ એક કાનૂની વિભાવના છે, જે સામાન્ય રીતે તે સોળ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો કે જેઓ કાયદાનું ઉલ્લંઘન કરી શિક્ષાત્મક એવું વર્તનવ્યવહાર દાખવે છે, તેમને આ લાગુ પડે છે. જોકે મોટા ભાગના બાળઅપરાધીઓ તરુણાવસ્થામાં હોય છે, પણ તેમની ગુનાહિત પ્રવૃત્તિઓની શરૂઆત તો તેમની દસ વર્ષની કિશોરાવસ્થા દરમિયાન જ થતી હોય છે. વિશેષતઃ બાળઅપરાધ એક વ્યક્તિત્વની વિકૃત્તિને લગતી સમસ્યા લેખાય છે.

છોકરા કરતાં છોકરીઓ ઓછી ગુનેગાર (સામાજિક ધોરણોથી) હોય છે. એક અંદાજ મુજબ કુલ બાળઅપરાધીઓ પૈકી ફક્ત વીસ ટકા જેટલી જ છોકરીઓ હોય છે. છોકરાઓમાં અતિ વારંવાર થતા બાળઅપરાધોમાં ચોરી, નાની મોટી વસ્તુઓ ઊઠાવી જવા જેવાં કૃત્યોનો સમાવેશ થાય છે. તો છોકરીઓ રીસાઈ જઈને પોતાના ઘરેથી નાસી જવું અને બિનકાયદેસર જાતીય વર્તન કરવા જેવાં કૃત્યોમાં સામેલ થતી હોય છે.

બાળ અપરાધનાં ઘણાં ખરાં સ્વરૂપો સામાજિક સ્વીકૃતિ ધરાવતાં વર્તનમાં નિષ્ફળતા અને ઘર કે સમાજે નિશ્ચિત કરેલાં નૈતિક ધોરણોથી ચલિત થવાપણામાંથી ઉદ્ભવે છે. આમ, બાળઅપરાધના પાયામાં સામાજિકતા વિકસાવવામાં નિષ્ફળતા અને નીતિનિયમોની જાગૃતિની ઊણપ પડેલાં છે. તે ઉપરાંત સમવયસ્ક કે મોટી વયના લોકોની વર્તન-અસરો પણ બાળકોને અપરાધી બનવાને પ્રેરે છે.



# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે

## શિક્ષણમાં સંવાદ ખોરવાયો છે

દુનિયાનો સૌથી યુવાન દેશ, યુવાનો અને કિશોરો માટે આપણે સૌ શિક્ષણ વ્યવસ્થા અંગે સતત મથામણ કરીએ છીએ. સરકાર, વાલીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, વિદ્યાર્થીઓ, સમાજશાસ્ત્રીઓ આ દિશામાં પ્રયત્નશીલ છે. પરંતુ પ્રયત્નોમાં સંવાદિતા ઓછી અને વિવાદો વધુ છે.

લોકશાહી વ્યવસ્થામાં વિચારોમાં મતભેદ હોઈ શકે પણ સાથે સાથે બીજાના વિચારોને સમજવાની માનસિકતા પણ જરૂરી છે. લોકશાહીમાં વિરોધ કરવો તે હક્ક છે પણ વિરોધ સાથે વૈકલ્પિક સૂચનો અને તે સૂચનો માટેનો તર્ક શું છે ? તે કઈ રીતે સમગ્ર વ્યવસ્થાને ફાયદો કરશે તેવી અભ્યાસપૂર્ણ રજૂઆત કોઈ કરતું નથી. રાજકીય પક્ષોને તો ‘હા’ અને ‘ના’ને જ વેર છે. કેળવણીના ક્ષેત્રમાં અમૂક નિષ્ણાત કેળવણીકાર અને શિક્ષણશાસ્ત્રીઓએ જાણે-અજાણે રાજકીય કંઠી બાંધી છે. તેનો ઉપયોગ રાજકીય પક્ષો કરે છે. નિષ્પક્ષ, સન્નિષ્ઠ અને શિક્ષણ જ જેનો આપદ ધર્મ છે તેવા શિક્ષણશાસ્ત્રીઓ સક્રિય નથી એમ તો ન કહેવાય પણ તેમની હાજરીની કોઈ નોંધ લેતું નથી. અમને યાદ છે વર્ષો પહેલા ગુજરાત રાજ્યમાં શિક્ષણ સલાહકાર સમિતિ હતી જે અનઔપચારિક રીતે બે ત્રણ મહિને શિક્ષણ પ્રધાન અને શિક્ષણખાતા સાથે બેઠક કરતી. શિક્ષણના પ્રશ્નો અને તે અંગેના સલાહ સૂચનો સરકારને કરતી. સરકાર સાથે એક અનઔપચારિક સંવાદ શિક્ષણશાસ્ત્રીઓનો હતો. આજે આ સંવાદ નથી. શિક્ષણમાં સ્વહિત ધરાવનારાઓનું લોબિંગ વધ્યું છે. પરિણામે સંચાલકો અને વાલીઓ વચ્ચે, વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે, સંચાલકો અને સરકાર વચ્ચે, શિક્ષકો અને સંચાલકો તેમજ સરકાર વચ્ચે Conflict of interest વધ્યા છે. તેમાં શિક્ષણ અને વિદ્યાર્થી ભૂલાયો છે. રાજકીય પક્ષોને તો તકસાધુઓની જેમ વિવાદમાં જ રસ છે.

સરકારી નોકરશાહીની માનસિકતા પ્રશ્નોને ગૂંચવવાની વધુ છે. સાક્ષીભાવ વધુ અને નિસ્બત ઓછી આ તેમના સ્વભાવગત લક્ષણો છે. His master voice અને Yes ministerની વૃત્તિ તેમના સ્વભાવમાં છે. તેમની પાસે શિક્ષણ અંગેની અપેક્ષા રાખવી જ વધુ પડતી છે.

ઉપરોક્ત પરિસ્થિતિ જોતા અમને એમ લાગે છે કે શિક્ષણમાં જ જેને નિસ્બત છે તેવા થોડા સંનિષ્ઠ શિક્ષણશાસ્ત્રીઓ એ સંગઠિત થઈ સક્રિય રીતે વિવાદોથી દૂર રહી સંવાદ સ્થાપવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેવું કોઈ વ્યક્તિત્વ ગુજરાતમાં છે ? પ્રશ્ન વિચારણા માંગે તેવો છે.

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# એક નવો સુકાની

જો જો, રમેશ, જો તો ખરો, પેલા નવા દાખલ થવા આવેલ છોકરાને જોતો ખરો. ધોતિયું અને ટોપી પહેરી આવ્યો છે. એને જોઈને મને તો હસવું આવે છે. બોલતાં બોલતાં મોહન જોરથી હસી પડ્યો. પાસે ઊભેલા બીજા વિદ્યાર્થીઓ પણ જોરથી હસી પડયા.

એડમિશન લેવા આવેલા નવા વિદ્યાર્થીના વાલી પણ ત્યાં જ ઊભા હતા. શાળાના વિદ્યાર્થીને બોલતા સાંભળીને કહે,

"ભાણા, સાંભળ્યું ? તને જોઈને આ લોકો હસે છે." "ભાણા" શબ્દ સાંભળીને મને થયું કે એ ધોતી-ટોપીવાળા ગોરા ગોરા છોકરાના મામા હોવા જોઈએ. તરત જ, મેં મોહન તથા રમેશને કામ સોંપીને ત્યાંથી ખસેડ્યા. પણ પેલા છોકરાને મેં બોલતો સાંભળ્યો.

"એમાં કંઈ વાંધો નહીં મામા ! ગામડાના છોકરાનાં કપડાંને જોઈને શહેરના છોકરાઓને હસવું આવતું હશે. આપણને એડમિશન મળી જાય એટલે બસ." મામા તો શાંતિથી ઊભા રહ્યા. પણ આ જવાબ સાંભળીને એ ધોતી-ટોપીવાળા વિદ્યાર્થી તરફ માન થયું. તેનાં મનની સ્વસ્થતા અને સમતોલપણું કેવું છે ?

"શાબાશ ભાણા" મનમાં જ મેં શાબાશી આપી. આવા વિદ્યાર્થીઓને ભણવાનું વાતાવરણ મળે તો શાળાનું ગૌરવ વધી જાય. એટલામાં તો તેમનો વારો આવ્યો હશે એટલે તેઓએ કલાર્ક પાસે બેસીને ફોર્મ ભરી દીધું. મામાનાં કપડાં ઉપરથી એમની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ આવતો હતો. એડમિશન મળી ગયું. એટલે કલાર્કભાઈએ તેમને સૂચના આપી.

"કાલે બરાબર ૧૧માં ૧૦ મિનિટ બાકી હોય એટલે શાળામાં આવી જવાનું. પ્રાર્થના ૧૧ વાગે શરૂ થાય છે ત્યારે પ્રાર્થનામાં બેસી જવાનું". "પણ ભાણાને એડમિશન તો મળી ગયું ને ?" પેલા ક્લાર્કભાઈને મામાએ પૂછ્યું.

"હા, એડમિશન મળી ગયું છે. ભાણો ૧૧ વાગે પહોંચી જાય એ જોજો હોં."

ઑફિસમાંથી સૂચના મળી એટલે રાજી થતાં થતાં તેઓ બંને ઘરે જવા ઊપડ્યા. દરવાજામાંથી બહાર જતાં એ બંનેને હું તો બસ જોયા જ કરતી હતી.

બીજે દિવસે શાળાની પ્રાર્થના શરૂ થઈ. સંગીત શરૂ થયું. ત્યારે બીજા વિદ્યાર્થીઓની વચ્ચે પેલા ભાણાને મેં બેઠેલો જોયો. પ્રાર્થનામાં જાણે તલ્લીન થઈ ગયેલો. રિસેસ પડી ત્યારે મેં તેને ઑફિસ પાસે ઊભેલો જોયો. પોતાની ભણવાની ફી અડધી માફી થાય એ અંગેની અરજી એણે ક્લાર્કને આપી. રઘુભાઈએ એ અરજી જોઈ. "તેમાં તેણે તેની આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે અડધી ફી માફી કરવા માટે વિનંતી કરી હતી. અરજી વાંચતા વાંચતા રઘુભાઈ કહે, "વાહ, કેવા મોતીના દાણા જેવા અક્ષરો છે ? એમાં એ જે કહેવા માંગે છે એ વાત પણ સ્પષ્ટ સમજાય એવી છે." પોતાની પાસે બેઠેલા હિંમતભાઈ અને ગોપલાનીજીને રઘુભાઈએ નવા વિદ્યાર્થીનો પત્ર વાંચવા આપ્યો.

'અડધી ફી'ની માફી મળી ગઈ.

આ નવા વિદ્યાર્થીનો અભ્યાસ ૯મીના વર્ગમાં શરૂ થયો.

ત્રણ-ચાર દિવસ થયા હશે.

શાળાની કોઈ ખાસ વાત કહેવાની હોય ત્યારે રાત્રે જમતી વખતે અમારી વચ્ચે એ વાત થતી. આજે પણ રઘુભાઈએ કહ્યું, "અંગ્રેજીના શિક્ષક ગેરહાજર હોવાથી આજે ૯મીના વર્ગમાં હું જ ગયો. પેલો ગામડેથી આવેલો વિદ્યાર્થી એ જ વર્ગમાં હતો. તેને જોયો. મને થયું લાવને આ નવો વિદ્યાર્થી કેવોક છે તે ચકાસી તો જોઉં, મેં એને

પ્રશ્નો અંગ્રેજીમાં પૂછ્યા. બધાય પ્રશ્નોના જવાબો સાચા પડ્યા. મને થયું ગામડેથી આવેલ આ વિદ્યાર્થી તેજસ્વી છે. એ જરૂર આગળ ભણશે.

જો કે એની બોલીની અસર જવાબમાં વર્તાતી હતી. પણ શાળામાં ભણવા લાગશે એટલે સાચા ઉચ્ચારો જરૂર શીખી જશે.

તરત જ મેં કહ્યું, "આપણે ઘણીવાર ગામડેથી આવેલ વિદ્યાર્થીઓ માટે ખોટી માન્યતા બાંધીએ છીએ. આવા વિદ્યાર્થીઓ શાળામાં હોય તે શાળાએ ગૌરવ લેવા જેવું છે. હવે તો વર્ગના વિદ્યાર્થીઓ પણ એની સાથે દોસ્તી કરવાનું જરૂર શરૂ કરી દેશે. સારો વિદ્યાર્થી શાળાની શોભા છે." રઘુભાઈએ કહ્યું.

બસ પછી તો શાળાની પ્રવૃત્તિઓ જેવી કે, વિદ્યાર્થીસંઘમાં મંત્રી થવું. ઈત્તરપ્રવૃત્તિમાં અને નાટકોમાં પણ ભાગ લેવાનું વગેરે શરૂ થયું. આમ ત્રણ વર્ષમાં શાળાના શિક્ષકોમાં અને વિદ્યાર્થીઓમાં એ વિદ્યાર્થી તરીકે ખૂબ આદરથી ભણ્યો. ત્રણેય વર્ષનાં પરિણામો સરસ હતાં. મેટ્રીકમાં પણ માન-પાનથી પાસ થયા.

આ છે આજના આપણા વિઠ્ઠલભાઈ.

તેઓ પોતાની સૂઝથી આગળ વધવા લાગ્યા.

મેટ્રીકના પરિણામ પછી તેઓ રઘુભાઈને પગે લાગવા આવ્યા ત્યારે "તમે ખૂબ ભણો; આગળ આવો અને ભણી-ગણીને સુખી થાઓ." આવા સરસ આશીર્વાદ સાથે તેમણે ત્યાંથી વિદાય લીધી.

પણ વિઠ્ઠલભાઈની કસોટીની ત્યારે જ જાણે શરૂઆત થઈ. "આશીર્વાદ તો મળ્યા. પણ હવે ભણવાનું જ નહીં બની શકે. પરિવારના માતા-પિતા, પત્ની વગેરેની ઘણીબધી આર્થિક જવાબદારીઓ હવે એમને માથે આવી પડી. અમારી અને મામાની વિદાય લઈને તેઓ પોતાને ગામ ઊપડ્યા. મુસાફરી દરમ્યાન તેમનો આખોયે સમય વિચારોના મનો-મંથન અને તેના વમળોમાં ગયો. એક બાજુ કુટુંબની જવાબદારી અને બીજી બાજુ ગુરુની આશિષ. આર્થિક ભીંસ એવી હતી કે પોતાને ગામ જઈને પત્ર દ્વારા અમને તેમણે ખબર આપ્યા કે હવે તેઓ આગળ ભણી જ નહીં શકે."

પોતાનો પ્રાણવાન અને પ્રોમિસિંગ વિદ્યાર્થી આગળ ન ભણે તે રઘુભાઈને રુચ્યું નહીં. "અમને મળવા તો આવો" એવો જવાબ રઘુભાઈએ મોકલ્યો.

મનની ડામાડોળ પરિસ્થિતિ હોવા છતાં વિઠ્ઠલભાઈ રઘુભાઈને મળવા અમદાવાદ આવ્યા. અને રાત્રે ઘરે મળ્યા. તેઓએ કહ્યું, "કોઈ હિસાબે હું ભણી નહીં શકું." "તમારા જેવી વ્યક્તિ નિરાશ થાય? આપણે માર્ગ કાઢીએ તો? આપણી સવારની શાળામાં ૭-૩૦ થી ૧૧-૦૦ સુધી તમે કામ કરો. પછી ભણવા જાઓ તો કુટુંબને મદદ કરી શકાય - અને ભણાય. આ બંને કરી શકો?" રઘુભાઈ હવે એમની કસોટી કરી રહ્યા હતા.

ઘરે જતાં પહેલા વિઠ્ઠલભાઈએ જ કહ્યું, "હું બંને કરીશ. મામા મને સાઈકલ આપશે - હું તેના પર કૉલેજમાં પહોંચી જઈશ." નિરાશાના વાદળો વિખરાયાં - મનોમંથનનો અંત પાછો આવ્યો. પણ સરસ્વતીને માટે તો એનો પ્રોમિસિંગ વિદ્યાર્થી પાછો આવ્યો. વર્ગના બાળકો તો એ ભણાવવા આવ્યો એમાં ખુશ ખુશ થઈ ગયા. તેઓ એમના કુટુંબ સાથે અમદાવાદ આવી ગયા.

કોને ખબર હતી કે આવો સરસ શિક્ષક સરસ્વતીને મળી જશે?

**વિઠ્ઠલભાઈ કાર્યકર બને છે :**

સવારની શાળામાં વિઠ્ઠલભાઈ સહેલાઈથી અને સરસ રીતે ગોઠવાઈ ગયા.

"વિઠ્ઠલભાઈ ! તમે આ ભણાવતાં ભણાવતાં સહેલાઈથી એસ.ટી.સી. થઈ જશો." તમારે માટે તો રમતની વાત છે ભણાવો છો. એમાંના કેટલાક પાઠો તો તમારે એસ.ટી.સી.ના પ્રૅક્ટિકલ લેશન થશે. થિઅરી તો આપણી શિક્ષક સભામાં અને રોજની પ્રવૃત્તિમાં તમને રોજ શીખવા મળે છે.

થોડો ઉત્સાહ મળ્યો. વર્ગો જોવાનું અમે પણ માથે લીધું. જરા પણ ભાર ન લાગ્યો. તેઓ એસ.ટી.સી. થયા, ખુશી થતાં રઘુભાઈનો એમણે આભાર માન્યો. રઘુભાઈએ કહ્યું "વિઠ્ઠલભાઈ, હવે કોઈ જૂના શિક્ષકો તમારી સામે આંગળી બતાવી નહીં શકે કે રઘુભાઈએ તમારા પર મહેરબાની કરી છે. હવે તેમને એક પ્રોફેશનલ સર્ટિફિકેટ મળ્યું છે એ વાતની સૌ શિક્ષકોને ખબર છે.

શાળાના કામકાજમાં તેઓ નાની નાની જવાબદારી લેતા થયા અને સરસ રીતે બી.એ. પણ થઈ ગયા.

"બોલો ત્યારે હવે તમે બપોરની શાળામાં પૂરો સમય કામ કરવા આવી જાઓ છો ?" "હું તો હવે અહીંનો જ કાર્યકર છું તમે જ્યાં કામ કરવા કહેશો એ વિભાગને હું મારો માનીશ. વિદ્યાર્થીઓ તો બધે જ છે.

આમ સરસ્વતીને એક સારા શિક્ષક મળ્યા. ટીચર્સરૂમમાં એમના વ્યક્તિત્વની અસર જણાઈ આવતી હતી.

**અમારી દિલ્હી યાત્રા :**

શાળા પૂરી થઈ અને રઘુભાઈએ મારા હાથમાં ડૉ. ટંડનનો પત્ર મૂક્યો. "મારી સાથે મ્યુનિક્સમાં ભણતા હતા. અમારા વિષયો જુદા હતા. પણ અમે પરદેશમાં બંને ભારતીય હોવાને નાતે અમારી દોસ્તી જામી હતી. પત્ર વાંચ્યો તો ડૉ. ટંડન અમને દિલ્હી આવવા આમંત્રણ આપતા હતા. "મ્યુનિક (જર્મની) છોડ્યાં પછી આપણે મળ્યા નથી. આપણા કુટુંબના સભ્યો પણ એકબીજાને મળે. તમે તેમને દિલ્હી બતાવો."

મેં તો દિલ્હી જોવાની વાતની તરત સંમતિ આપી દીધી. અને કહ્યું કે ઉનાળાની રજાઓમાં જઈએ અને બીજે દિવસે હિંમતભાઈને પૂછ્યું કે તમે દસ-બાર દિવસ ઑફિસ સંભાળશો ? ગોપલાની સાહેબ અને વિઠ્ઠલભાઈ તમને જરૂર મદદ કરશે." "સાહેબ, સરસ્વતી શરૂ કર્યા પછી તમે ક્યાંય બહાર ગયા જ નથી. જરૂર જાઓ. તમારા વગર ઑફિસ સંભાળવાનું અમારે માથે." હિંમતભાઈએ તરત જ જવાબ આપ્યો. અમદાવાદ સ્ટેશને હિંમતભાઈ અને વિઠ્ઠલભાઈ મૂકવા આવેલા. ટ્રેન પ્લેટફૉર્મમાંથી બહાર નીકળી ત્યાં સુધી આ બંનેને હાથ હલાવતાં અમે જોયા. બીજે દિવસે દિલ્હી સ્ટેશનમાં અમારી ગાડી પ્રવેશી. ડૉ. ટંડન અને એમનાં પત્ની અમારી રાહમાં ઊભાં હતાં. અમારી ટ્રેન ધીમી પડી અને તેઓ અમારાં ડબ્બા સાથે ચાલવા લાગ્યા. ડૉ. ટંડન ઉપર ફ્રન્ટીયર પ્રાંતની અસર હતી. પણ જ્યારે મળ્યા ત્યારે સ્વભાવથી ખૂબ પ્રેમાળ દેખાયા.

સ્ટેશનથી ઘરે પહોંચ્યા ત્યાં સુધી મ્યુનિકની જ વાતો કરતા હસતા જાય. તેઓએ અમને જે રીતે આવકાર આપ્યો એમાં ખૂબ જ પ્રેમ વર્તાઈ આવતો હતો. અને બીજે જ દિવસથી અમે દિલ્હી જોવા માટે પ્રોગ્રામ કર્યો. અમે એક ટેક્ષી કરી અને દિલ્હી જોવાનું શરૂ કર્યું.

અમે દિલ્હી પહોંચ્યા એના બીજે જ દિવસે અમને પંડિત નહેરુ અને ઈન્દિરાજીને મળવાની મંજૂરી મળી. મને તો ખબર ન પડી કે તેઓ અમને આમ શા માટે મળવા બોલાવે છે પણ અમદાવાદ છોડતાં પહેલા જ રઘુભાઈએ પંડિતજીને પત્ર લખી નાખ્યો હતો.

બીજે દિવસે સવારમાં અમે 'તીનમૂર્તિ'માં પ્રધાનમંત્રીના આવાસમાં પહોંચ્યા. અમારી મુલાકાતની ખબર સૌને હતી. ઘરનાં પગથિયાં પાસે ઈન્દિરાજી હસતાં હસતાં ઊભાં હતાં. 'નમસ્કારજી, રઘુભાઈજી આઈએ'.

અમને મીઠો આવકાર મળ્યો. થોડીવારમાં તો નહેરુજી પણ આવ્યા. સૌથી પહેલા પ્રશાંત તથા ઈરાને તેમણે પ્રેમથી રમાડ્યા. વાતો કરી. પછી પોતાના ઘરમાં જ એક નાનકડું 'ઝૂ' જોવા લઈ ગયા. ખભા પર પ્રશાંતને બેસાડીને રમાડ્યો. આમ પ્રશાંત ભારતના પ્રધાનમંત્રીને મળ્યો. તેમને ખભે બેઠો.

ઈન્દિરાજી તો શાંતિનિકેતનની વાતો પોતાના બચપણની વાતો યાદ કરતાં હતાં. એકાદ કલાક આમ તેઓને મળવાની મજા મ્હાણી અને અમારી મુલાકાત પૂરી

થઈ. અને હવે ઘરે જવા ઊભા થયા ત્યારે પંડિતજી કહે, "આપ કે પતિ કો હમારે સાથ કામ કરને કે લિયે હમને બહુત કહા થા લેકિન વે આયે નહીં. વો ટીચર બન ગયે. જર્મની મેં તો કહા થા કિ જર્મનીસે વાપસ આ કે આપકો મિલુંગા." પંડિતજીએ થોડી વાતો પણ કરી દીધી. દિલ્હી જોયું. આગ્રા જોયું. રાજઘાટ, પાર્લામેન્ટ આ બધુંયે ઈરા અને પ્રશાંતને દેખાડ્યું. પણ અમારે મન તો ભારતના પ્રધાનમંત્રીને મળવાની વાત વધારે મોંઘી હતી."

તે દિવસે રાત્રે ડૉ. ટંડનની સાથે પંડિતજીને મળ્યા એની અમે ખૂબ વાતો કરી. એ પણ ખુશ થઈ ગયા.

એકાએક શાંતિનિકેતનની વાત નીકળી અને ડૉ. ટંડન કહે, શાંતિનિકેતનમાં એક શ્રી અનાથનાથ બાસુ કરીને એક બંગાળી ભાઈ હાલ દિલ્હી યુનિવર્સિટીની કૉલેજમાં પ્રિન્સિપાલ છે. તેમની કૉલેજનું નામ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન છે. હી ઈસ એ વન્ડરફૂલ પ્રિન્સિપલ.

એ તો મારા ગુરુ હું એમનો શિષ્ય. જાણે ટાગોરની સાંસ્કૃતિક વિચારની સાક્ષાત્કાર મૂર્તિ.

"અનાથનાથ બાસુ ?" રઘુભાઈ એકદમ ચમક્યા. "હા, તેઓ તો ગુરુદેવ સાથે કામ કરતા ડૉ. ટંડન. આ અનાથનાથ બાસુ એક ક્રાન્તિકારી હતા. અંગ્રેજોએ તેમને પકડવા માટે જાહેરાત કરી એવે વખતે શ્રી બાસુને ગુરુદેવે સંભાળી લીધેલા. અંગ્રેજોને બાંહેધરી આપી કે તેઓ "તેમનું ધ્યાન" રાખશે.

આથી દિલ્હીની એમની સંસ્થા જોવાની મને આતુરતા વધી ગઈ. "એ કેળવણીની સંસ્થા તથા એ ક્રાન્તિકારીને મળવાનું ગોઠવો." રઘુભાઈ મનમાં ખૂબ જ એક્સાઈટ થયા હતા.

"વાહ, એમને અને સંસ્થાને બંનેને મળવાનું બને તો અહીં આવ્યું સાર્થક થાય."

ડૉ. ટંડને તરત જ ફોન કરીને વાત કરી. ટંડને કહ્યું, "કાલે ૧૦ વાગે તમારે એમને મળવાનું છે. રઘુભાઈ હસતા હસતા કહે, "આજની રાત મને લાંબી લાગશે હોં, દોસ્ત." અને બંને દોસ્તો હસી પડ્યા.

બીજે દિવસે દસ વાગતા અમે બી.એડ. કૉલેજમાં પહોંચી ગયા. સફેદ કપડામાં શ્રી અનાથનાથ બાસુ ઊભા હતા. મોંઢા ઉપર પ્રેમાળ ભાવો દેખાઈ આવ્યા. બંગાળી સંસ્કૃતિની છાપ વ્યક્તિત્વમાં દેખાઈ આવતી હતી. અમે જેવાં મુખ્ય મકાનમાં પ્રવેશ્યાં કે પાસેના વર્ગોમાંથી સંગીતના સ્વરો સંભળાયા.

સિતાર અને તાનપુરો ભીંત પર. જાણે સંગીતે અમારું સ્વાગત કર્યું. જે સંસ્થામાં સંગીતના સ્વરો સંભળાય એ સંસ્થામાં જે વિષયો શીખો એમાં - વિષય જીવંત બનતો હોય છે.

સંસ્થા જોઈને એકાદ કલાક બંને ક્રાન્તિકારીઓને ખૂબ વાતો કરી. પછી તો નૂતન શિક્ષણના સિદ્ધાંતો પર અભ્યાસ ચાલતો. જાણે પ્રયોગાત્મક પ્રોજેક્ટ્સને સ્થાન મળ્યું. રઘુભાઈ તો શ્રી બાસુને મળીને અને સંસ્થા જોઈને ખૂબ જ ખુશ હતા. પણ મને તો એમ લાગ્યું કે આ સંસ્થા મારે માટે એક યાત્રા બની ગઈ છે. આ સરસ મુલાકાતનો સંતોષ હતો. મિ. બાસુ એક એમના કાર્યકર સાથે વાત કરતા હતા ત્યારે એ તકનો લાભ લઈ મેં રઘુભાઈને કહ્યું કે આવતાં વર્ષે આપણી સંસ્થામાંથી એકાદ શિક્ષકને બી.એડ. થવા આપણે મોકલી શકીએ ? રઘુભાઈને પણ આ વાત ગમી ગઈ. અને છૂટાં પડતાં પહેલાં તેણે પૂછ્યું.

"હા, હા, તમારી સંસ્થામાંથી તમારે કોઈ કાર્યકરને મોકલવો હોય તો જરૂર મોકલો. પણ ભારતદેશના બધા પ્રાંતોમાંથી સિલેક્ટ થઈને શિક્ષકો આવે છે. એટલે તમે પણ જેને મોકલો તે ચપળ અને નવા વિચારોને અપનાવે એવો માણસ હોવો જોઈએ. હી ઑર સી વિલ હેવ ટુ કંપલીટ વિથ ટીચર્સ ફ્રોમ ઑલ ઓવર ઈન્ડિયા. પણ તમે દિલ્હી આવો ત્યારે શાંતિનિકેતનનાં સ્મરણો માટે મારી કૉલેજમાં જરૂર આવજો. આમ વાત કરીને અમે છૂટા પડ્યા.

સંસ્થામાંની બહાર નીકળતા મનમાં ભાવના જાગી,

"ભારતમાં આ સંસ્થા શ્રેષ્ઠ હોવી જોઈએ." રઘુભાઈ કહે, "એમ જ છે. શ્રેષ્ઠ સંસ્થા છે. શાંતિનિકેતનના રંગે રંગાયેલી છે. મિ. બાસુ શાંતિનિકેતનને અહીં છે.

રાત્રે જમતાં જમતાં ડૉ. ટંડન સાથે સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનની મુલાકાતનું વર્ણન જ અમે કરતા રહ્યા.

"આજ તો, જશીબહેન, તમે પણ અમારા દોસ્તો સાથેની વાતોમાં ભાગ લ્યો છો તેથી ખૂબ જ ગમ્યું. તમારા બંનેના વિચારો બહુ જ સરખા છે." ડૉ. ટંડને કહ્યું. આમ આ દિલ્હીની યાત્રા પણ શૈક્ષણિક યાત્રા બની ગઈ.

આપણો ધર્મ કેળવણી છે. આ આપણે માટે કેળવણીની યાત્રા છે. ગમે તે થાય પણ આપણી સંસ્થામાંથી એકાદ શિક્ષક પણ આવે અને અહીં વરસ ગાળે તો સ.વિ.ને વરદાન મળી જાય. બીજે દિવસે અમે અમદાવાદ આવવા રવાના થયા. મિસિસ ટંડને પરોઠા-શાક સાથે બાંધી આપ્યાં. ટ્રેનમાં બાળકોને માટે. તેઓ બંને અમને સ્ટેશને મૂકવા આવ્યા. ટ્રેનમાંથી છૂટા પડતાં પહેલાં બંને મિત્રો ખૂબ ભેટ્યા.

અમે અમદાવાદ પહોંચવા આવ્યાં હતાં. ઈરા-પ્રશાંત વાતો કરતાં હતાં. સરસપુર યાદ આવ્યું. વિદ્યાર્થીઓ યાદ આવ્યા. સરસ્વતી વિદ્યાલયના જૂના ઓરડાઓને રૂપાળા બનાવ્યા હતા એ બધું યાદ આવવા માંડ્યું. ગોપલાનીજી, હિંમતભાઈ સ્ટેશન પર લેવા આવેલા વિઠ્ઠલભાઈ સૌ હવે યાદ આવવા માંડ્યા.

"ચાલો પાછા આપણે સરસ્વતી વિદ્યાલયના કેમ્પસમાં" મેં કહ્યું. રઘુભાઈ કહે "હું તો દિલ્હી સ્ટેશન છોડ્યું કે તરત જ સરસ્વતી વિદ્યાલયના કેમ્પસમાં પહોંચી ગયો છું" અમને બંનેને હસવું આવ્યું.

"તમને એક વાત પૂછું ?" હાં, બે વાત કહોને - કારણ મને ખાતરી છે કે સંસ્થાની જ વાત હશે." તેમને જવાબ પણ એટલો જ સ્વાભાવિક હતો.

"આપણે કોઈ શિક્ષકને આ દિલ્હીની બી. એડ. કૉલેજમાં મોકલવાનું બને તો તમે કોને પસંદ કરો ?"

"મેં તો મારા મનમાં વિચારી રાખ્યું છે. પણ પહેલાં તમે જ કહોને કે તમને કોને મોકલવાનું ગમે ?" રઘુભાઈ મારી સામે જોઈ રહ્યા. તરત જ મેં કહ્યું કે મારે જો પસંદ કરવાનું આવે તો મારી નજરમાં તો વિઠ્ઠલભાઈ જ છે. નવા વાતાવરણને અપનાવીને ભણવાની એમની આવડત તો છે જ. સરસ્વતી વિદ્યાલયમાં આવ્યા પછી તેઓ શાળામય બનતા જાય છે. આપણા બંનેના વિચારો એક સરખા છે. આપણે એકસરખું જ વિચારીને છીએ. આપણે આમ ભલે ગ્રેટ નથી, પણ સંસ્થા માટે તો ગ્રેટ કહેવાઈએને ?" મેં કહ્યું, આમ એક નિર્ણય સરસ્વતી માટે જાણે લેવાઈ ગયો.

આપણી પાર્ટનરશિપ ખરી કહેવાય હોં. "મારાથી બોલાઈ ગયું."

એકબીજાને આપણે સાચી રીતે ઓળખીએ છીએ. ઘરે પહોંચ્યા ત્યારે હિંમતભાઈએ ચા-નાસ્તો તૈયાર રાખ્યો હતો. લક્ષ્મણ કહે, "સાહેબ તમે આવી ગયા ? તમારા વિના સૂનું સૂનું બહુ લાગતું હતું. એટલામાં ગફુરભૈયા પણ આવ્યો. "સાબ" યે છોટા પઠાણ કે લિયે અફઘાનિસ્તાન કે અંગુર, કાજુ, બદામ હૈ. એમ કહીને એણે કોથળી પ્રશાંતને આપી. "હમકો આપકે બિના અચ્છા નહીં લગતા થા સા'બ." ગફુર-પઠાણ બોલ્યો. ત્યાં લક્ષ્મણ કહે "ઊભા રહો, એમ ચા ન પીશો. હું આવું છું. એક મિનિટ ચા-નાસ્તો ન કરતા. લક્ષ્મણ ઑફિસ તરફ ગયો. વિઠ્ઠલભાઈ પણ લક્ષ્મણની પાછળ પાછળ ગયા. બારણું ખૂલ્યું તો નાનાભાઈ હસતાં હસતાં બહાર આવ્યા.

"તમે દિલ્હીની યાત્રા કરીને આવ્યા એટલે તમને મળવા પહોંચી ગયો છું. નાનાભાઈ (શ્રી હરભાઈ) આમ તમને મળવા વારંવાર અચાનક જ પહોંચી જતા. "લ્યો ત્યારે આપણી સંસ્થાના કેમ્પસમાં પ્રમુખ સહિત મિટિંગ થઈ ગઈ." ગોપલાની સાહેબ અડધી સિંધી-અડધી ગુજરાતી ભાષામાં બોલતા. નાનાભાઈને મળીને સૌને જાણે

ખૂબ ગમ્યું. "નાનાભાઈ ! યાત્રા કરીને આવેલા હોય તે પગે લાગે" એમ કહીને હું પગે લાગી. "જશીબહેન, તારી બા તને ખૂબ યાદ કરે છે. નાનાભાઈ પોતાનાં બાળકોને જોઈને લાગણીવશ બની જતા. વિઠ્ઠલભાઈ તો નાનાભાઈને કે રઘુભાઈને જ્યારે મળે ત્યારે માથું નમાવ્યાં વિના રહે નહીં. તેઓ પણ તેમની પાસે ગયા અને તેમણે નમન કર્યું. તરત જ મારાથી બોલાઈ ગયું. 'વિઠ્ઠલભાઈ, તમે પણ યાત્રા કરીને આવ્યા લાગો છો." આમ બે-ત્રણ કલાક અમારી ઈન્ફોર્મલ મિટિંગ ઑફ ધ ટ્રસ્ટ ચાલી. "વિઠ્ઠલભાઈ, કાલે શાળામાં આવી શકશો ?" સૌ છૂટા પડતાં હતા ત્યારે રઘુભાઈ બોલ્યા, "હું તો આવવાનો જ છું. ધો. ૧૧ના વિદ્યાર્થીઓનો એક્સ્ટ્રા ક્લાસ રાખ્યો છે. એટલે જરૂર આવીશ."

બપોરે જમતાં જમતાં રઘુભાઈએ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન અંગેની બધી વાતો કરી. "વાહ, તમે બંનેએ એવું તો એ કૉલેજનું વર્ણન કર્યું છે કે જાણે હું જાતે શ્રી બાસુ સાથે સંસ્થામાં ફરતો હોઉં એવું લાગ્યું. "નાનાભાઈએ જમતાં જમતાં કહ્યું. આપણી સંસ્થામાંથી આપણા એક શિક્ષકને મોકલીએ તો ? રઘુભાઈએ વાત આગળ ચલાવી. મારા મનમાં વિઠ્ઠલભાઈને ત્યાં મોકલવાની ઈચ્છા છે. નવા વિચારોને તેઓ સહેલાઈથી ઝીલી શકે છે. નવા વાતાવરણમાં જલદી અનુકૂળ થશે. નૂતન શિક્ષણના પ્રયોગોમાં તેમને રસ પણ છે."

નાનાભાઈએ તરત જ સંમતિ દર્શાવી. તમારી વાતથી મને પણ એવો જ વિચાર આવ્યો કે વિઠ્ઠલભાઈની પસંદગી યોગ્ય છે.

"પણ મારા મનમાં પ્રશ્ન કે શંકા થાય છે." વચ્ચે હું બોલી. મને એમ થાય છે કે આપણે એમને મોકલીએ પણ એ યુવાન છે તો બીજી સારી નોકરી મળી જાય તો તેઓ જતા પણ રહે. તો આપણું કર્યું કરાવ્યું નકામું જાય ને ?"

રઘુભાઈ બોલ્યા, "તો શું તેઓ આપણને છોડીને જતા રહે એવા ડરથી આ દિલ્હીની સંસ્થામાં જે ભણવાનો લાભ મળે તે જવા દેવાય ? અને જતા રહે તોય જે સંસ્થામાં નોકરી કરશે એ સંસ્થાને એમના જ્ઞાનનો લાભ તો મળશે જ ને ? જ્યાં ભણાવશે ત્યાં બાળકોને અને સંસ્થાને લાભ જરૂર થશે. મને દુઃખ જરા પણ નહીં થાય."

નાનાભાઈએ પણ તરત જ કહ્યું કે, "રઘુભાઈની વાત સાવ સાચી છે. જશીબહેન, એવો ડર ન રખાય. અહીં નહીં તો બીજે પણ બાળકો જ છે ને ?"

હું તો એકદમ સ્તબ્ધ થઈ ગઈ. પણ થોડીવાર પછી હસતી હસતી બોલી. "ગુરુજી !! માથું નમાવું છું. તમારા નવા વિચારોને આજે હું પણ મારા બનાવવા પ્રયત્ન કરીશ. આટલી ઉદારતા - અને વિશાળ દૃષ્ટિ મારામાં આવે એવી દિલથી પ્રાર્થના કરું છું. દત્તાત્રેયને ૨૪ ગુરુ હતા. તમારામાં પણ. માથું નમાવીને હું ઊભી રહી. રઘુભાઈ પણ ખડખડાટ હસી પડ્યા. "લ્યો ત્યારે માથા પર હાથ મૂકું ?" અમારો સંવાદ નાનાભાઈ સાંભળતા હતા. નાનાભાઈ કહે, "જશીબહેન, બેટા, જે માણસ પોતાના સાચા દિલથી કેળવણીકાર હોય, તે આમ જ વિચારે. એના દિલમાં તો બધાય સરખા, બધી સંસ્થા પોતાની. સંસ્થા અને બાળકો આ રાષ્ટ્રના."

"તમારા કાર્યક્ષેત્રમાં પતિ-પત્ની એકબીજાને સમજી શકે એ મારે મન ગૌરવરૂપ છે. દીકરા જેવા છતાં મારા શિષ્ય રઘુભાઈને આજે હું ગૌરવથી જોઉં છું. તમે સુખી જ રહેવાના છો."

નાનાભાઈ જાણે એક ફિલસૂફ હોય એમ બોલી રહ્યા હતા.

આમ વાતો કરીને અમે ત્રણેય શિક્ષકો સૂઈ ગયા. નાનાભાઈની વાણી મારા જીવન માટે કાયમ પ્રેરણા બની છે. આજેય જાણે એમનો અવાજ સાંભળું છું.

સુકાની એક-કદમ આગે

બીજે દિવસે ૧૧મીના બાળકો માટે "એક્સ્ટ્રા ક્લાસ" લેવા વિઠ્ઠલભાઈ આવ્યા. તાસ પૂરો થયો એટલે એમની સાથે વાત કરવાની હતી. તેથી રઘુભાઈએ તેમને બોલાવવા

કહ્યું. વર્ગની બહાર વિઠ્ઠલભાઈ ઊભા હતા. આસપાસ બીજા વિદ્યાર્થીઓ એમને વિંટળાઈને ઊભા હતા. તે દિવસના પાઠની વાતો થતી હોય એમ લાગ્યું. હું મંડળી પાસે પહોંચી.

"વિઠ્ઠલભાઈ, રઘુભાઈ તમારી રાહ જૂએ છે." ઉનાળાની રજાઓમાં બે વીક અંગ્રેજીના વર્ગો લેવાનું તેમણે નક્કી કર્યું હતું. "ચાલો વિઠ્ઠલભાઈ, વિદ્યાર્થીઓને તમે છોડતા નથી અને રઘુભાઈ એમના વિદ્યાર્થીઓને છોડતા નથી." વિઠ્ઠલભાઈ વિદ્યાર્થીઓને ખૂબ ચાહતા હતા. સારા શિક્ષકનું આ ઉત્તમ ચિહ્ન ગણાય.

અમે બંને રઘુભાઈ પાસે પહોંચ્યા. હિંમતભાઈ પણ તેવા જ હતા. "વખત બગાડ્યા વિના એક સીધી વાત તમને પૂછું છું કે દિલ્હીની અમારી મુલાકાતમાં અમે એક બી.એડ. કૉલેજ જોઈ. ભારતમાંથી જુદા જુદા પ્રાંતના ઘણા શિક્ષકો સિલેક્ટ થઈને ત્યાં આવે છે. આ પ્રયોગાત્મક સંસ્થા-શાંતિનિકેતનની ઝાંખી કરાવે છે. અમારી ઈચ્છા છે કે તમે ત્યાં જાઓ. તમારા ઘરે પણ વાત કરો. આ સંસ્થામાં એડમિશન લેવું હોય તો જરા જલદી કરવું પડશે." રઘુભાઈએ બધું વિગતે વિઠ્ઠલભાઈને જણાવ્યું. તમારા પરિવારના વડીલો તેમજ તમારાં પત્ની સાથે તમારે વિચાર કરી લેવો જોઈએ.

અમારે તો મન તમે ગુજરાતમાંથી પસંદ થઈને જતા શિક્ષક છો."

વિઠ્ઠલભાઈને ત્યારે આશ્ચર્ય તો જરૂર થયું હશે. તેઓ જાણે વિચારમગ્ન થઈ ગયા. તેઓ પાંચ સાત પળ પછી તેઓ બોલ્યા "હું મારા ઘરનાં સૌને સમજાવી દઈશ. તમારા મનની ઈચ્છા પાર પાડીશ. ગુજરાત પછી પણ પહેલાં તો સ.વિ.નું પ્રતિનિધિત્વ જાળવીશ." વિઠ્ઠલભાઈનો અવાજ નિર્ણય લેવાઈ ગયો હોય તેવો હતો. ધાર્યા પ્રમાણે વિઠ્ઠલભાઈ દિલ્હી જવા ઊપડ્યા.

ત્યાં જઈને મિ. બાસુને મળ્યા. પોતાને કયા વિષયો લેવા છે એ બધી વાતો કરી. શ્રી બાસુ તો કહે ગુજરાતના લોકોને "અંગ્રેજી મુખ્ય મેથડ" તરીકે અમે આપતા નથી." પણ હું તો એ જ લેવા માંગું છું." દૃઢ અવાજથી વિઠ્ઠલભાઈ બોલ્યા. તેમનો ટેસ્ટ લેવાયો. આખરે વિઠ્ઠલભાઈએ ધાર્યા હતા એ જ વિષયો મેળવ્યા. બી.એડ.માં યુનિવર્સિટીમાં ચોથા નંબરથી તેઓ ડિસ્ટિંક્શન સહિત, સફળ થયા. માત્ર અભ્યાસક્રમમાં નહીં પણ બીજી અનેક પ્રવૃત્તિઓમાં એમણે ભાગ લીધો.

પોતાનું ઝળહળતું પરિણામ લઈને સરસ્વતી વિદ્યાલયમાં તેઓ પાછા ફર્યા. રઘુભાઈએ કહ્યું, "હવે તો તમે એવી રીતે ભણાવી શકશો કે તમને ગમે તે વિષય મળે તો ય સફળતા મળશે.

જૂના શિક્ષકોમાંથી તમારા તરફ કોઈ આંગળી ચીંધી નહીં શકે." આમ વિઠ્ઠલભાઈ આગળ ભણતા ગયા. અને રઘુભાઈ માટે તો એમને જેમ ડિગ્રી પ્રાપ્ત થતી ગઈ એમ એમની સલામતી વધતી ગઈ. રઘુભાઈને તેમના તરફ પક્ષપાત છે.

હજુ એક ડગલું આગળ. વિઠ્ઠલભાઈએ બી.એડ. થયા પછી તે એમ.એ. વિથ એન્ટારી અંગ્રેજી સાથે ડિગ્રી મેળવી તેમજ તેઓ એમ.એડ. પણ થયા. એમના જીવનની ડિગ્રીઓ જાણે હવે તેમણે મેળવી લીધી.

"વિઠ્ઠલભાઈ, હવે તમે પ્રિન્સિપાલ થવાના." શિક્ષકો હસતાં હસતાં પ્રેમથી કહેતા, રઘુભાઈ અને હું દિલ્હી આવ્યા ત્યારે વિઠ્ઠલભાઈ અસારવા વિદ્યાલયના પ્રિન્સિપાલ થયા પછી તો સરસ્વતી વિદ્યાલયના પણ આચાર્ય થયા.

મંડળ તરફ સમજણ :

વિઠ્ઠલભાઈ હવે એકલા આચાર્ય ન હતા. મંડળના બધા પ્રશ્નોમાં રસ લેતા. હવે તેમને ભણાવવાનું ન હતું. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની તરફથી તેમને બેસ્ટ ટીચર ઍવોર્ડ પણ મળ્યા.

બહારથી જેમને માન મળે તેમના ઘરના લોકોને પછી જ એ વ્યક્તિની કિંમત થાય છે. હવે તો સરસ્વતી પરિવારના સૌ સભ્યોને તેમની શક્તિઓનો ખ્યાલ આવી ગયો હતો.

પછી તો "એક્સપેરિમેન્ટ ઈન ઈન્ટરનેશનલ" લિવિંગમાં તેઓ પસંદ થયા. છ અઠવાડિયા અમેરિકાના કુટુંબોમાં રહીને અમેરિકન જીવનનો અનુભવ તેમને મળ્યો. જ્યારે તેઓ અમેરિકાથી પાછા ફર્યા ત્યારે તેમનું સન્માન થયું. કાર્યક્રમ પૂરો થયો. અમે પાંચ જણ ઊભા હતા. હિંમતભાઈ હસતાં જાય અને કહેતાં જાય, "અલ્યા, તું કુંભારનો છોકરો એમ.એ., એમ.એડ. થયો, તું તો હવે મોટો માણસ થઈ ગયો હોં. અમેરિકા જઈ આવ્યો." ગોપલાની કહે, "આ ગઈ કાલનો છોકડો, હવે મોટો આચાર્ય થઈ ગયો."

વિઠ્ઠલભાઈ કહે "તો ય હું તો સરસ્વતીનો દીકરો જ રહેવાનો છું." તેઓ સૌને પગે લાગ્યા.

રઘુભાઈ બધું સાંભળતા હતા. તેમને હૃદયથી ઘણો સંતોષ હતો.

વિઠ્ઠલભાઈએ સૌથી પહેલી પરદેશની નોકરીની ભારે પગાર સાથેની ઑફરને નકારી કાઢી હતી. એની ખબર પણ રઘુભાઈને ઘણી મોટી થઈ. થોડો ગુસ્સો કર્યો - પણ મનમાં તો પોતાનો વિદ્યાર્થી સાચો છે - એનો સંતોષ હતો.

બીજી ઑફર આવી ઝીણાભાઈ દેસાઈ તરફથી (સ્નેહરશ્મિ). તેમણે ખૂબ આગ્રહ કર્યો કે, "સી.એન. વિદ્યાવિહારના તમે પ્રિન્સિપાલ થાવ." પણ તેઓ માન્યા નહીં. રઘુભાઈને પણ ફરિયાદ કરી. વિઠ્ઠલભાઈ, તમે સરસ્વતીના સાચા સપૂત છો." તેમને ત્રીજી મળી ઑફર ઈન્દુમતિબહેન શેઠ તરફથી. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં પ્રિન્સિપાલ થવા માટે, તેમણે રઘુભાઈને લખ્યું. રઘુભાઈએ નિર્ણય વિઠ્ઠલભાઈ પર જ્યારે છોડ્યો ત્યારે વિઠ્ઠલભાઈનો જવાબ હતો.

"મને જે દિવસે સરસ્વતી કાઢી મૂકશે ત્યારે જોયું જશે. આજે તો મારા વિચારોમાં કોઈ ફેરફાર નથી."

આ જવાબ સાંભળીને રઘુભાઈ, ગોપલાની, હિંમતભાઈ સૌ સ્તબ્ધ થઈ ગયા. તેમણે કહ્યું, "હવે બીજે જવાનું હોય તો તમે જ ના પાડી દેજો."

ખભા પર હાથ મૂકીને રઘુભાઈએ કહ્યું - "વિઠ્ઠલભાઈ, તમે સરસ્વતીના સાચા દીકરા છો."

તેઓ સરસ્વતીના પાંચમાં સુકાની છે. તેઓ સંસ્થાના મંત્રીપદે સરસ્વતીને પોતાની મા માનીને જીવી રહ્યા છે. નવ શિક્ષકોના જૂથના નેતા તરીકે તેઓ એક્સપરિમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લિવિંગના કાર્યક્રમમાં અમેરિકા પણ જઈ આવ્યા.

આમ આજે પણ તેઓ સરસ્વતી વિદ્યામંડળમાં કામ એક સુકાની તરીકે કરી રહ્યા છે.

## વૃદ્ધ અને પુલ

**ધીરુભાઈ શાહ**

સુગરલેન્ડ, ટેકસાસ, અમેરિકા.

એક વૃદ્ધ નદી ઓળંગીને સામે પાર ગયો,
ત્યાં તેણે એક વૃદ્ધને પુલ બાંધતો જોયો.
તે વૃદ્ધે બીજા વૃદ્ધને કહ્યું,
*"તું શા માટે દોરડાનો પુલ બાંધે છે ?*
*તું શા માટે તારો સમય બગાડે છે ?*
*તું શા માટે ખોટી મહેનત કરે છે ?*
*તારી યાત્રા હવે પૂરી થઈ ગઈ છે,*
*તું વૃદ્ધ થઈ ગયો છે અને*
*તું આ માર્ગે ફરીથી જવાનો નથી."*
બીજા વૃદ્ધે માથું ઉચું કરીને કહ્યું,
*"મિત્ર ! જે રસ્તે હું આવ્યો છું*
*તે રસ્તે મારી પાછળ અનેક*
*યુવાનો અને યુવતીઓ આવશે.*
*આ પુલ હું મારા માટે નથી બાંધતો,*
*આ પુલ હું તેમના માટે,*
*ભવિષ્યની પેઢી માટે બાંધુ છું.*
*તું મારી ચિંતા ના કર.*
*તું તારા માર્ગે જા,*
*મને મારા માર્ગે જવા દે"*

# કદર કરવાની આ રીત કેવી ?

**મનસુખ સલ્લા**

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, સત્યાગ્રહ છાવણી સામે,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૫૦૪૨૪૫૩

રિવાજ પડે એટલે એ શા માટે છે એ વિચારવાનું લગભગ બનતું નથી. કોઈને પૂછો કે, "આમ કેમ છે ?" તો જવાબ મળશે કે, "રિવાજ છે." એટલે કે આગળથી ચાલ્યું આવે છે માટે છે. એની યોગ્યાયોગ્યતા વિશે ભાગ્યે જ વિચાર થાય છે. સંગીતના, ખાસ કરીને લોકડાયરાના, કાર્યક્રમોમાં નોટો ઉછાળવાનો રિવાજ શરૂ થયો છે. એ ખરું કે ગૌશાળા, સદાવ્રત, આરોગ્ય કે બીજા લોકોપયોગી કાર્યો માટે એ રકમ વાપરવામાં આવે છે. પરંતુ જો રકમ આપવાની ભાવના જ છે તો રકમ આપી પહોંચ મેળવી લો. તમે ઉત્તમ કાર્યમાં સહભાગી થયા તેનો આનંદ લો. નોટો જાહેરમાં ઉછાળીને શું બતાવવું છે.

જો ઓસમાણ મિર સરસ રીતે ગાતા હોય તો તેની ગાયકી , સૂરની ખૂબીઓ, સૂરને ઊંચે ખેંચવાની શક્તિ, તાન પલટા, સૂરસાધના, ગીત કે ગજલની ઉત્તમતા, સાજિંદાઓનો સાથ આ બધું માણવાનું હોય. ઉત્તમ સંગીતકાર આપણા હૃદયને ડોલાવી દે, આનંદથી ઊભરાવી દે એની કદર આમ રૂપિયા ઉડાડીને કરવાની હોય કે અના સંગીતની ખૂબીઓને પારખીને વાજબી દાદ આપવાની હોય એ વિચારવાની જરૂર છે. આ તો સંગીતની કદર સિવાયનું ભળતું દાખલ થઈ ગયું છે. જેમને ત્યાં કાર્યક્રમ હોય તેઓને વીડિયોમાં જોઈએ ત્યારે લાગે કે તેઓ સંગીતમાં નહીં, રૂપિયામાં રાજી હોય છે.

સંગીતની કદર અને રૂપિયા ઉડાડવાને કોઈ સંબંધ નથી. સાચા સંગીતકારને તો સુજ્ઞ શ્રોતાઓની ઉચિત દાદની ખેવના હોય છે. પરંતુ સંગીતકારો પણ આ કુરિવાજ વિશે બોલવાની હિમ્મત કરતા નથી. હાસ્યકલાકારોમાં પણ નોટોનો ઢગલો મોટો કરવાની જાણે હોડ લાગી છે. પૈસાનું આ જાહેર પ્રદર્શન અને હાસ્યના કાર્યક્રમને કોઈ સંબંધ નથી. એ નિમિત્તે દાન આપવાનું હોય તો યોગ્ય જગ્યાએ જઈને નોંધાવો. કલાકારની આગળ આવીને નમ્રપણે નોટોની થપ્પી મૂકી દેવાતી નથી, નોટો ઉડાડાય છે. એ પ્રદર્શન છે, કલા કે કલાકારનું ગૌરવ નથી.

એટલે રિવાજને તપાસતા રહેવાની જરૂર હોય છે. રિવાજને તપાસવાનું ત્યારે બને જ્યારે પ્રજા મૌલિક અને બિનંગત રીતે વિચારવાની ટેવ પાડે. તો જીર્ણ રિવાજના કળણમાંથી બહાર આવી શકે. ભારતમાં શિક્ષણમાં મૌલિક અને બિનંગત રીતે વિચારવાનું શીખવાતું નથી, એટલે પ્રજા રિવાજોને ગળે વળગાવીને ઘેનમાં રહી શકે છે. આવા રિવાજો સામે પ્રશ્નાર્થ કરનારને નાસમજ કે ઊંધી ખોપરીના ગણાવાય છે. એ બદલાવું જોઈએ. વિચારવાન પ્રજા જ ટકી – વિકસી શકે, અંધાનુકરણવાળી પ્રજા નહીં.

## હીંચકો

**ઉમેશ જોષી**

૧૩, ગોપાલનગર-૨, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી-૩૬૫૬૦૧.
મો.: ૯૮૭૯૫૬૬૫૯૦

ચાલોને આજ સહુ હીંચીએ રે,
કુદરતી વાતો વાંચીએ...રે... ચાલોને...
દિગંતની ડાળીએ બાંધ્યો છે હીંચકો,
આકાશ ગંગાનો કરી દોર...રે... ચાલોને...
પૃથ્વીની ઝોળી કરી બાંધ્યો છે હીંચકો,
વાયુ ઝૂલાવે ગગન તોર...રે... ચાલોને...
વાદળને છાંયડે બાંધ્યો છે હીંચકો,
વીજળી રમાડે કરી શોર...રે... ચાલોને...
આખારે બ્રહ્માંડનો બાંધ્યો છે હીંચકો,
પ્રભુ ઝૂલાવે આઠે પહોર...રે... ચાલોને...

# પરદેશનો મોહ : ઝાંઝવાનું જળ

**રણછોડ શાહ**

૪૭, સુવર્ણપૂરી સોસાયટી, ચીકુ વાડી, જેતલપૂર રોડ, વડોદરા.
સંપર્ક સૂત્ર – ૯૯૭૯૮૬૧૬૩૧

સમાજજીવન સતત પરિનર્તનશીલ હોય છે. સામાજિક રીતરિવાજો અને વ્યવહારોમાં ફેરફાર થાય તે સ્વાભાવિક પ્રક્રિયા છે. ખાણીપીણી અને પોષાકમાં સમય સાથે બદલાવ આવ્યા જ કરે છે. છેલ્લા પચાસ વર્ષોમાં આવેલ આર્થિક અને શૈક્ષણિક પરિવર્તનને કારણે આપણા સામાજિક જીવનમાં અકલ્પનીય ફેરફાર આવ્યાં છે.

સંયુક્ત કુટુંબો તૂટ્યાં અને વિભક્ત કુટુંબો અસ્તિત્ત્વમાં આવ્યાં. વ્યક્તિની અંદર રહેલ સ્વતંત્ર થવાની ભાવનાને કારણે આ બન્યું. માનવ મન અન્યના આધિપત્યને ક્યારેય સ્વીકારતું નથી. શિક્ષણના પ્રમાણ અને ગુણવત્તામાં વધારો થતાં સમાજ જીવન પ્રગતિ કરી રહ્યું છે તેમ લાગવું સ્વાભાવિક હતું. પરંતુ તેના કારણે પારિવારિક સંબંધોના ભૂક્કા બોલી ગયાં. વારતહેવારે અને સુખદુ:ખના પ્રસંગે યોજાતા કુટુંબમેળાઓ ભૂતકાળની ઘટનાઓ બની ગઈ. હવે તો માણ્યું તેનું સ્મરણ કરવું રહ્યું. છેલ્લા પાંચ દસકામાં અનેક કુટુંબો આર્થિક રીતે સમૃદ્ધ બન્યાં. સાઇકલના સ્થાને કાર આવી, નાના મકાનમાંથી વિશાળ ફ્લેટમાં સ્થળાંતર થયું, સિલિંગ ફેનનું સ્થાન એ.સી.એ લઈ લીધું. આ તમામ સુખસગવડોના પાયામાં આર્થિક સ્થિતિ સારી થઈ તે છે. તેમાં એક કારણ કુટુંબમાંથી કોઈ એક વ્યક્તિનું પરદેશગમન હોઈ શકે. પરદેશ ગયેલ સમજુ સંતાને કુટુંબના તમામ સભ્યોની સુખ અને સગવડ બાબતે કાળજી રાખી. કુટુંબના એકાદ સભ્યનું પરદેશગમન ગૌરવશાળી ઘટના બની.

આ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ તો એની સામે કઈ-કઈ બાબતોનો ભોગ આપવો પડ્યો તેના તરફ નજર નાંખીને તો સરવાળે ફાયદો થયો કે નુકસાન તેનો અંદાજ લગાવવાનું શક્ય બનશે. એન્જિનિઅરિંગ, મેડિકલ કે અન્ય ગ્રેજ્યુએટ્સની પરદેશ જવાની ભાવના જીવનમાં કેન્દ્રસ્થાને આવી ગઈ. ભારત છોડી અન્ય દેશમાં સ્થાયી થવાથી જ પ્રગતિ કરી શકાય તેવી મનોગ્રંથિ બંધાઈ ગઈ.

પરદેશગમનના પાયામાં ત્યાં રહેલી પ્રગતિની અપાર તકો છે. ખાસ કરીને તેજસ્વી યુવાનો પોતાની બુદ્ધિશક્તિ, ખંત, મહેનત અને નવું-નવું જાણવા અને કરવાની તત્પરતાના કારણે ખૂબ આગળ વધ્યા. ત્યાં તેઓને કાર્યનો સંતોષ (Job Satisfaction) મળ્યો, પરદેશમાં પ્રગતિ કરવામાં જાતિવાદ, જ્ઞાતિવાદ કે અન્ય દૂષણો વચ્ચે આવતા નથી. ત્યાંની સ્વચ્છતા, પારદર્શિતા, જાહેર જીવનની પ્રામાણિકતા, બિનભ્રષ્ટાચારી વ્યવહાર વગેરે આ યુવાનોને આકર્ષે તે સ્વાભાવિક છે.

પરંતુ ભારતમાં પણ આગળ વધવાની વિપુલ તકો છે તેવું સ્વીકારનારની સંખ્યા ક્રમશઃ ઘટી રહી છે. બુદ્ધિશાળી અને મહેનતુ યુવકો-યુવતીઓ ભારતમાં સ્થાયી થવાનું સ્વીકારે તો તેમાં પણ આગળ વધી શકાય તેવી શક્યતાઓ છે તેવું માનનાર હવે લઘુમતીમાં છે. પરંતુ દેશ છોડી પરદેશમાં સ્થાયી થતા યુવાનોમાંથી કેટલાને પોતાના શિક્ષણ (Education) અને બુદ્ધિમતાને અનુરૂપ વ્યવસાય પ્રાપ્ત થાય છે ? શારીરિક શ્રમ કરવો પડે તો તેની સામે કોઈ વાંધો નથી પરંતુ માનસિક વિકાસ વિનાની નોકરી મેળવવાથી વ્યક્તિત્વ વિકાસના દ્વાર બંધ તો થઈ જતાં નથીને ? આર્થિક ઉપાર્જનની લ્હાયમાં સ્વમાનનો ભોગ આપવો પડે તેવી નોકરી સ્વીકારી લેવી યોગ્ય છે ? ''જિંદગી ન મિલેગી દુબારા'' ની સમજ છે ખરી ?

***''સુખ હોય પરંતુ શાંતિ ન હોય તો સમજવું કે,***
***આપણે ભૂલથી સગવડને સુખ સમજી બેઠા છીએ.''***

થોડીક વાસ્તવિકતા તરફ નજર કરીએ તો છેલ્લા થોડાક વર્ષોમાં પ્રતિભાશાળી યુવાનો પણ દેશ છોડે છે તેની પાછળ ક્યારેક સામાજિક જવાબદારીમાંથી થતો

પલાયનવાદ નજરે પડે છે. ભારતમાં સારી નોકરી કે વ્યવસાય હોય તેને લાત મારીને પરદેશમાં મોલ, હોટેલ કે પેટ્રોલ પમ્પ ઉપર વ્યક્તિત્વ વિકાસ વિનાનું કાર્ય કરી પોતાના કિંમતી વર્ષો વેડફી રહ્યાં હોય તેવું ચિત્ર ઉપસી આવે છે. ભારતમાં કોઈ મોટાં ઔદ્યોગિક સંકુલ અથવા મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દાવાળી નોકરી છોડી પેટ્રોલ સ્ટેશન ઉપર કામગીરી સ્વીકારવામાં કયો વિકાસ ગણી શકાય ? સરકારમાં ઉચ્ચ હોદ્દા ઉપર બીરાજેલ વ્યક્તિ એરપોર્ટ ઉપર બેગો ઊંચકવાની નોકરી કરે તો શું સમજવું ? ભારતમાં મેનેજર કક્ષાની ઉમદા કામગીરી કરતી બહેન પરદેશોમાં આઠ કલાકથી વધુ સમય સ્ટોર્સમાં ઊભા-ઊભા સામાન ગોઠવે અથવા સપ્તાહમાં પાંચ દિવસ પરિવારથી દૂર રહી બેબી સીટિંગ કરે. તેમાં ક્યા જોબ સેટિસ્ફેક્સન છે ? ભારતમાં વૃદ્ધ વડીલોને ભગવાન ભરોસે છોડી દેવાનું કાર્ય આપણી સંસ્કૃતિ વિરૂદ્ધનું છે. પરદેશ સ્થાયી થયેલ વ્યક્તિ માતા-પિતાની જવાબદારી ભારતમાં રહેતા સ્વજનો ઉપર છોડી દે છે. આર્થિક મદદ કરી પોતે સેવા કરી રહ્યાં હોવાનો દેખાવ કરતાં હોય તેવું ક્યારેક લાગે છે.

***"ક્યાંક તો આપણી 'જરૂર' હશે દુનિયામાં,***
***ઈશ્વરે અમસ્તી જ તો મહેનત નહીં કરી હોય,***
***આપણને 'બનાવવા'ની."***

કેટલાક લોકો સંતાનોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું કારણ આપી પરદેશગમન કરે છે. અહીંયા બે મુદ્દા છે. (અ) સંતાનની પરદેશમાં સ્થાયી થવાની ઈચ્છા છે ખરી ? અને (બ) સંતાન પોતાની કેડી જાતે કંડારી શકે એટલી એનામાં ક્ષમતા નથી ?

સિક્કાની બીજી બાજુ પણ સમજવા જેવી છે. ભારત તેની સંસ્કૃતિ માટે જાણીતો દેશ હતો અને છે. ભારતીય પરંપરા વિદેશોથી તદ્દન અલગ છે. આ લેખ લખી રહ્યો છું ત્યારે જ પરદેશથી મિત્રનો મેસેજ આવે છે કે ત્યાં એકલતા (Lonely) નો જબરદસ્ત અનુભવ કરે છે છતાં પરત ફરવાનું ટાળે છે કારણ કે લોકો શું કહેશે ? કેવી નજરે જોશે ? આવા કાલ્પનિક ભયની વચ્ચે જિંદગીને ફેંકી દેવી કેટલી યોગ્ય છે ? અન્ય દેશમાં દ્વિતીયવર્ગના નાગરિક (Second-Class Citizen) તરીકે રહેવા કરતાં સ્વદેશમાં સ્વાભિમાન સાથે રહેવું વધારે સારું નથી ?

"ક્યારેક તો થાય કે, કોની સામે હસું ??
બધાય અંદરથી તો 'રડે' છે...
ને વળી થાય કે કોની પાસે રડું ???
બધાય બહારથી તો હસે જ છે..."

ભારત કરતાં પરદેશમાં નોકરીની સલામતી (Job Security) ઓછી છે. તેનું કારણ ગમે તે હોય પરંતુ તેને કારણે નોકરી સતત તાણયુક્ત પરિસ્થતિમાં કરવાની હોય છે. લાંબા સમય બાદ અને વફાદારીપૂર્વક કામગીરી કર્યા બાદ પણ નોકરીમાંથી દૂર કરી શકાય છે તેવી ત્યાંની વ્યવસ્થા છે. સારી કે ખરાબ, તે તો ચર્ચાનો વિષય છે.

પરદેશમાં ભારતીયો તરફ અન્ય લોકો કેવી નજરે જૂએ છે તે પણ સમજવા જેવો મુદ્દો છે. કોઈપણ દેશના નાગરિકોને પરદેશીઓ ગમતા નથી. સ્વમાનના ભોગે જિંદગી જીવવાનો અર્થ મૃત્યુ પહેલાં મૃત્યુને આમંત્રણ. સતત અવહેલના અને અવગણનાની વચ્ચે જિંદગી વ્યતીત કરવા કરતાં સન્માન સહ જીવન એક અલગ જ સંતોષનો અનુભવ કરાવે છે. જિંદગી માત્ર વર્ષોનો સરવાળો નથી. તે તો જીવવાની પદ્ધતિ છે. અસંખ્ય લાગણીઓ, પ્રેમ, વ્હાલ, કરુણા, દયા જવાબદારી, વફાદારી, સંબંધને ઠોકર મારી માત્ર આર્થિક ઉપાર્જનને કેન્દ્રસ્થાને રાખી જીવન જીવવાથી અંત સમયે ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થઈ શકે. જીવનના સરવૈયામાં નફો નહીં પરંતુ ન પૂરી શકાય તેવી ખોટ દૃષ્ટિગોચર થઈ શકે. સમય અને સ્વજનો એકવાર જતાં રહે પછી પુનઃ ક્યારેય પ્રાપ્ત થઈ શકતા નથી. જીવન ગમે તેટલું સમૃદ્ધ હોય પણ તેમનો વિયોગ જીવનમાં સતત ખાલીપાનો જ અનુભવ કરાવે છે.

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)**

# પુસ્તક પરિચય : પ્રાથમિક શાળામાં શિક્ષક

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.
મો. ૯૪૨૮૬૧૯૮૦૯

**પુસ્તકનું નામ :** **પ્રાથમિક શાળામાં શિક્ષક**
**લેખક :** **ગિજુભાઈ બધેકા**
**પ્રકાશક :** **નૂતન બાલશિક્ષણ સંઘ,**
**ભાવનગર શાખા,**
**શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિર,**
**ગિજુભાઈ માર્ગ,**
**ભાવનગર- ૩૬૪૦૦૧.**
**ફોન નં (૦૨૭૮ ) ૨૫૭૨૯૨૦**

આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગિજુભાઈએ કહ્યું છે કે ''મારી શ્રદ્ધા છે કે જો આપણે શિક્ષકો દસ વર્ષ સુધી એકધારી શિક્ષણની ઉપાસના કરીશું તો આપણે આપણા દેશમાં એક નવો જ યુગ લાવી શકીશું. આપણામાં વિશ્વાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી આપણે આપણા કદમ ઉપાડીએ. આગળ વિજય છે.'' શરૂઆતમાં ગિજુભાઈએ તૈયાર થાઓ એમ કહી ગામડાના શિક્ષક, સમાજ પાસે શિક્ષકની અપેક્ષાઓ, વિદ્યાની ઉપાસના, શિક્ષકના કર્તવ્યો વગેરેની સુંદર સમજૂતી આપી છે. અનુક્રમ જોઈએ તો મુખ્ય ૬ (છ) વિભાગો છે : (૧) આદર્શ (૨) કર્તવ્ય (૩) ચારિત્ર્ય (૪) ગામડાનો શિક્ષક (૫) શિક્ષકની તંદુરસ્તી (૬) પ્રકીર્ણ

પહેલા આદર્શના વિભાગમાં ગિજુભાઈએ અત્યારના શિક્ષકોએ શું કરવાનું છે ? એની સમજ આપી છે. શિક્ષક એક જ્ઞાતિ છે. શિક્ષક કેવો હોવો જોઈએ ? શિક્ષકના ધંધાનું મહત્ત્વ શું છે ? કોણે શિક્ષક થવું ? શિક્ષણ શાસ્ત્રના અભ્યાસની જરૂર અને ધંધાના જ્ઞાનની જરૂર, દેશ પર આવેલી મુશ્કેલીઓ, શિક્ષણની ઉપાસના વગેરે મહત્ત્વની વાતો નિખાલસ રીતે કરી છે.

બીજા કર્તવ્ય વિભાગમાં આપણા બાલમંદિરો અને તેના ચિત્ર, શિક્ષકો શું વધુ સારુ કરી શકે, સ્વચ્છતાની કેળવણીની વાત, અક્ષરજ્ઞાનનો મોહ નાના નાના બાળકો માટે શિક્ષકે ન રાખવો, લાલચથી દૂર રહેવાની વાત, શિક્ષકના ધંધાનું પાકું જ્ઞાન, બાળકો પ્રત્યે પ્રેમ અને નિષ્ઠાની વાત ગિજુભાઈએ કરી છે. એક શિક્ષકની કબૂલાત કેવી હોય ? વગેરેની વાત સરસ રીતે કરી છે.

ત્રીજા વિભાગમાં ચારિત્ર્યમાં શિક્ષકોને પોતાનો ધંધો ખીલવવાની વાત, શિક્ષકે પંતૂજીવેડા છોડવાની સલાહ પણ ગિજુભાઈએ આપી છે.

ચોથા વિભાગમાં ગામડાના શિક્ષકને કરવા જેવા કામની વાત સમજાવી છે. નવરાશના સમયે શિક્ષકે કરવા જેવા કામ, શિક્ષકની અધ્યાપન પદ્ધતિ વગેરેની વિગતો આપી છે.

પાંચમા વિભાગમાં શિક્ષકનો ઘાંટો, શિક્ષકની તંદુરસ્તીની વાત કરી છે. ધીમા અવાજે શાંતિથી કામ કરવાની કળા, જાત પર કાબૂ મેળવવાની સમજણ આપી છે. શિક્ષકનો ઘાંટો ઘોંઘાટને દાબે છે પણ શાંતિને કેળવતો નથી. શાંતિ જ માત્ર શાંતિને ઉત્પન્ન કરે છે.

છઠ્ઠા અંતિમ વિભાગમાં શિક્ષક પોતાના પગ પર ઊભો રહે, નીચલા ધોરણના શિક્ષકે શું શું કરવું ? ટ્યૂશન પ્રથાની બદી દૂર કરવી, છોકરાને પાસ કરાવી દેવાની લાલચ, આ બધું શિક્ષણ માટે બહુ હાનિકારક છે. શિક્ષકોએ ટ્યૂશનની બદીમાંથી આપણી જાતને, છોકરાઓને અને મા-બાપને મુક્ત કરવાની સમજ આપી છે. શિક્ષકોએ વાચનાલયમાંથી પુસ્તકો વાંચવા જોઈએ. અંગત ખર્ચમાંથી બચત કરીને પણ પુસ્તકો વાંચવા જોઈએ. સુંદર પુસ્તકો અને સુંદર પત્રો પ્રેરણા આપે છે. તદુપરાંત બાલ્યાવસ્થામાં ભાવિ ઘડતરની ટૉલ્સટોયની વાત સમજાવી છે. અંતમાં ગિજુભાઈએ બાલ્યાવસ્થા જીવન ઘડતરનો પાયો છે. આ

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)**

# સ્વચ્છતા અભિયાનમાં એક શિક્ષકની ભૂમિકા

**જિજ્ઞેષ ઠાકર**

૪૦, શ્રીનાથજીનગર-૩, તળાજા રોડ, ભાવનગર-૩૬૪૦૦૨.
ફોનઃ ૦૨૭૮-૨૫૬૭૨૬૭, મો.: ૯૯૨૫૧૨૫૨૮૫

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. તો તેમાંથી શાખા કે સમાજની મુખ્ય જવાબદારી વહન કરે છે તે શિક્ષકો કઈ રીતે બાકાત રહી શકે ? અફકોર્સ સૌથી પ્રથમ જવાબદારી જ નૈતિક દૃષ્ટિએ શિક્ષકોથી શરૂ થાય છે. જો તે શાખામાં આ યજ્ઞકાર્યમાં આહુતિ આપવાનું શરૂ કરશે તો જરૂર તેની પ્રજવલી ગામમાં-સોસાયટીઓમાં-શેરીઓમાં-ઘરઘરમાં પહોંચતી થશે.

શાળામાં સ્વચ્છતાનું વાતાવરણ બનાવવા માટે શિક્ષકો આ રીતે પોતાનું યોગદાન આપી શકે છે :

- પોતે ચોકલેટ કે વેફર કે અન્ય કશું ખાય છે તો તેનું રેપર વિદ્યાર્થીઓ જોતા હોય તે રીતે સ્વયં કચરાટોપલીમાં ફેંકવા જાય.
- જો કોઈ કાર્યક્રમ કે મિટિંગ ચાલતી હોય તો રેપરને પોતાના ખિસ્સામાં મૂકે.
- કોઈ વિદ્યાર્થી જાહેરમાં કચરો ફેંકે તો તે નીહાળે એ રીતે પોતે ઉઠાવીને કચરા ટોપલીમાં ફેંકવા જાય.
- બે-ત્રણ વાર આવું કરવાથી પણ વિદ્યાર્થીઓમાં પરિવર્તન ન આવે તો કચરો ફેંકે કે તરત જ તેને અટકાવે અને તેને યોગ્ય સ્થાને ફેંકવા સમજાવે.

શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધમાં અનુકરણનું ખૂબ જ મહત્ત્વ છે. ''ગુરુસ્તુ મૌનં વ્યાખ્યાનમઃ''– અર્થાત કહેવાયું છે કે ગુરુ મૌનથી પોતાનું શિક્ષણ આપતા હોય છે. અનુકરણથી વિદ્યાર્થીઓ જેટલું શીખે છે એટલું ભાષણ બાજીથી શીખતા હોતા નથી. એટલા માટે ઉપર્યુકત શિક્ષણ સ્વચ્છતા માટે આપવું જોઈએ. સ્વચ્છતા અભિયાનમાં શિક્ષકની આ પ્રાથમિક પ્રતિબદ્ધતા છે.

કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓને ટકોર કરવી પણ જરૂરી છે. કારણ કે ઘણીવાર શિક્ષકો વિદ્યાર્થીઓને કંઈ નહીં કહીને આંખ આડા કાન કરતી હોય છે. અથવા મારા કહેવાથી કશો ફરક નહીં પડે એવું માનીને પણ ટપારતા નથી. પરંતુ ''સમજદાર કો ઈશારા કાફી'' પ્રમાણે સમજુ વિદ્યાર્થીને એકવાર કચરો ટોપલીમાં ફેંકવાનું સમજાવાશે તો તે જરૂર આ સુટેવ શીખશે.

ઉપરાંત શાળામાં સ્વચ્છતાને લગતી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા વગેરે તો યોજાતા જ હોય છે. પરંતુ એ માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહે અને તેમાં જીવંતતા લાવવાનું કામ પણ એક શિક્ષકનું છે. કોઈપણ કાર્ય કરવાનું હોય તેમાં માહોલ બને તો જ પરિણામ મળતું હોય છે. જો માહોલ ન બને તો ગમે તે કાર્ય શુષ્ક રહેતું હોય છે. પછી એ પરીક્ષા હોય, વાલી મિટિંગ હોય, મતદાન જાગૃતિ રેલી હોય, ધ્વજ વંદન કાર્યક્રમ હોય-તે દરેકમાં માહોલ બનાવવાની જવાબદારી શિક્ષકની છે.

સ્વચ્છતા અભિયાનનો માહોલ બનાવવા શિક્ષકો નીચે મુજબ કાર્યક્રમ ગોઠવી શકે છે :

- પોતાના વિસ્તાર કે ગામમાં જયાં પણ દુકાન હોય ત્યાં વિદ્યાર્થીઓની મદદથી કચરા ટોપલી મૂકવામાં આવે.
- દુકાનદારોને તેમાં જોડીને ગામ લોકોને તેનો ઉપયોગ કરવાનું સમજાવવામાં આવે.
- દર શનિવારે શિક્ષકોની મદદથી વિદ્યાર્થીઓને કચરો એકત્રિત કરવા માટે ટુકડી બનાવવામાં આવે.
- તેનાથી પોતાના વિસ્તારમાં કે ગામમાં શિક્ષકનું Attechment પણ વધશે.

ભાવનગર જિલ્લામાં ઘોઘા તાલુકાની રાણાધાર

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)**

# શિક્ષક અને લઘુતમ અધ્યયન ક્ષમતા

**શ્રી પરેશભાઈ પટેલ**

સરસ્વતી કુમારશાળા નં.૧, સરસપુર, અમદાવાદ.

બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર આણવી તેનું નામ કેળવણી. કેળવણી એટલે જ બાળકની અંતર્ગત અશક્તિઓનું આવિષ્કરણ અને પરિમાર્જન. શિક્ષણ દ્વારા બાળકની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને પિછાણી તેમનું યોગ્ય રીતે આવિષ્કરણ કરે છે એટલે શિક્ષક એ બાળકોનો એવો સંસ્કારશિલ્પી છે કે જે પોતાની સમગ્ર શક્તિઓ ખર્ચીને બાળકોની સર્વદેશીય પ્રતિમા અને પ્રતિભાનું સંવિધાન કરે છે.

કેળવણી એ માનવના સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે. માનવની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય તે કેળવણી છે. કેળવણી માનવમાં રહેલા ઉત્તમ અંશોનું આવિષ્કરણ કરી નરને નારાયણ અને નારીને નારાયણી બનાવે છે. તે પુરુષને પુરુષોત્તમ બનાવવાની પ્રક્રિયા છે. માનવના આત્મપુષ્પની શત શત પાંખડીઓનો વિકાસ કરી માનવને તે વિશ્વવાટિકાનું મહેકતું પુષ્પ બનાવે છે. આથી જ કેળવણી એ સંસ્કારશિલ્પ છે. શિક્ષક સંસ્કારશિલ્પી છે. કેળવણી દ્વારા માણસનો આંતર-બાહ્ય (સર્વાંગી) વિકાસ થાય છે. બાળક જ્યારે નવી બાબત શીખે છે ત્યારે તેને કોઈ અલગ વિષય કે સ્વરૂપે શીખતો નથી. પણ તે જ્ઞાનને અખંડિતરૂપે ગ્રહણ કરે છે.

કેળવણીની પ્રક્રિયામાં બે અગત્યના ધ્રુવો છે. એક ધ્રુવ છે અધ્યાપક અને બીજો અધ્યેતા. શિક્ષણ એ એક સહિયારું સાહસ છે. જેમાં શિક્ષક અને વિદ્યાર્થીના આઘાત - પ્રત્યાઘાતથી શિક્ષણની પ્રક્રિયા સર્જાય છે. શિક્ષક અને શિક્ષાર્થી એમ બે અંત્યબિંદુઓ વચ્ચે વિષયવસ્તુ, માહિતી, કૌશલ્ય અથવા જ્ઞાનનું આદાન-પ્રદાન ઊભું થતું હોય છે. આથી કેળવણી દ્વિધ્રુવી પ્રક્રિયા કહેવાય છે.

હાલની શિક્ષણપ્રણાલી માત્ર પુસ્તક એટલે કે અભ્યાસક્રમ આધારિત જોવા મળે છે જેને કારણે બાળકના વિવિધ કૌશલ્યોનો વિકાસ રૂંધાય છે અને જે તેની પ્રગતિ માટે બાધારૂપ બને છે. પહેલાના સમયમાં સામાન્ય રીતે સોનીનો દીકરો સોનીકામ જ કરે, સુથારનો દીકરો સુથારીકામ જ કરે, મોચીનો દીકરો મોચીકામ જ કરે, વાણિયાનો દીકરો વેપાર જ કરે તથા બ્રાહ્મણનો દીકરો ગોરપદું કરે એ માત્ર તેના પિતાને સાથે રહી તેમનાં અનુભવને આધારે અને પ્રત્યક્ષ જોઈને પોતાના વ્યવસાય શીખતા હતા. તે સમયે તેણે ખાસ કોઈ શિક્ષણ મેળવવાની જરૂર રહેતી ન હતી. પરંતુ આધુનિકયુગમાં બાળકને પોતાના કૌશલ્યો ખીલવવા શિક્ષણના સહારાની જરૂર પડે છે. અને એ શિક્ષણ મેળવવા માટે શાળા-મહાશાળામાં પ્રવેશ મેળવે છે, જ્યાં વિષય નિષ્ણાત પાસેથી તે જ્ઞાન મેળવી પોતાની સમજનો ઉપયોગ કરી પોતાના વિચારોને મૂર્તિમંત કરવા પ્રયત્ન કરે છે. જેમાંથી કેટલાંક બાળકો સફળ થતાં નથી તેનું કારણ છે આજની આ શિક્ષણપ્રણાલી.

કહેવાય છે જો પાયો મજબૂત હશે તો ઈમારત વિકટ પરિસ્થિતિમાં ધરાશયી નહીં થાય. તેમ બાળકના ભણતર-ગણતર-ઘડતર અને ચણતર જો પાયામાં હશે તો આગળનો વિકાસ આપોઆપ જ મજબૂત થશે થશે અને થશે જ.....

શિક્ષણ બાળક માટે છે, બાળક શિક્ષણ માટે નથી.

શાળા બાળક માટેની પ્રથમ ઔપચારિક સંસ્કાર ભૂમિ છે. કુટુંબની હૂંફ ભરી ગોદ છોડીને બાળક શાળામાં આવે છે. તેની સાથે તે અનેક મહેચ્છાઓ, મહત્વકાંક્ષાઓ તથા સાહજિક પ્રવૃત્તિઓ લઈને આવે

છે. આ બધાને સંતોષવાનું તથા બાળકની નિગૂઢ શક્તિઓને આવિષ્કાર કરીને તેને ઉત્કૃષ્ટ કરવાનું મહત્ત્વનું અને પવિત્ર કાર્ય શાળાનું છે. બાળ-પુષ્પોને મુક્ત રીતે ખીલવવાં તથા પમરાવવા માટેનું તે ચૈતન્ય સભર ધામ છે. અભ્યાસક્રમો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ તથા વિવિધ અનુભવો દ્વારા બાળકના સર્વાંગી વિકાસને સાધવા માટેનું એક સત્વશીલ પ્રેરકબળ છે.

તો આવો આપણે સૌ પ્રથમ એ સમજીએ કે બાળકના વિકાસના પાયામાં કઈ બાબત હોવી જરૂરી બને છે. ધોરણ ૧ થી ૫ એટલે પાયાનું – વિકાસનું શિક્ષણ. આ પાયાના વિકાસના તબક્કામાં એટલે કે ૩ થી ૫ વર્ષના બાળકોને પ્રવૃત્તિમય, આનંદદાયી અને ક્ષમતાલક્ષી શિક્ષણ આપવું જોઈએ. બાળક કોરીપાટી લઈને આવતું નથી. પરંતુ તે માતા-પિતા, દાદા-દાદી, ઘર, કુટુંબ તેમજ સમાજમાંથી ઘણું બધું લઈને આવે છે. એ તો માટી અને જ્ઞાનનો પુંજ છે આપણે તેને ઘાટ આપી ઘડવાનો છે. હાથમાં સીધી પાટી-પેન ન પકડાવતાં તેની આંગળીઓ કેળવાય તેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય.

જેમ કે મણકા પરોવવાં, દાણા કાઢવા, વિવિધ આકારો બનાવવા વગેરે.

પ્રવૃત્તિ દ્વારા મેળવેલું શિક્ષણ આનંદ તો આપે જ છે પણ સાથે સાથે ચિરંજીવ પણ બને છે. આંગળીઓના વિકાસથી બાળક સુંદર, સ્વચ્છ, મરોડદાર-તેમજ બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખીને લખી શકશે. લખાણની સાથે હાવભાવ-છટાથી, આરોહ-અવરોહયુક્ત વાંચન કરી શકે તે પ્રથમ શરત છે. બાળક અન્ય વિષયોનું જ્ઞાન ભાષા દ્વારા જ મેળવે છે. માટે તેમનામાં ભાષાકૌશલ્યોનો વિકાસ થાય તે ખૂબ મહત્ત્વનું છે. બાળક વાંચતા તો થયો પણ તેનાથી તેનામાં અર્થગ્રહણ કરવાની શક્તિ નહિ કેળવાય ત્યાં સુધી બીજા કશાનો વિકાસ થઈ શકશે નહીં.

જેમ કે ગૃહણીએ વિવિધ વ્યંજનો બનાવ્યા છે, પણ એ વ્યંજનોને યોગ્ય પીરસવાની પદ્ધતિ નહીં હોય તો ભૂખ્યા માણસને જોઈએ એટલો ભરપેટ ખાવાનો આનંદ મેળવી શકશે નહીં. પણ ..... જો વિવિધ વ્યંજનો આકર્ષક ઢબથી યોગ્ય રીતે પીરસ્યા હશે તો ખાનારની ભૂખ તૃપ્ત થશે અને ભોજન મેળવવાનો અનેરો આનંદ પ્રાપ્ત કરે છે.

આવું જ કંઈક સરખાપણું શિક્ષકોની શિક્ષણ પદ્ધતિમાં રહેલું છે. જો શિક્ષક પાસે ગમે તેટલી આવડત હશે, જ્ઞાન હશે, હોશિયારી હશે પણ જો જ્ઞાન પીરસવાની રીત યોગ્ય નહિ હોય તો બાળક જરૂર ઊણું ઊતરશે.

બાળકના મનમાં રહેલા વિચારો, માન્યતાઓ, ચિંતનો, મંતવ્ય, લાગણીઓ, વેદના – સંવેદના અભિવ્યક્તિ કરવા માટે શિક્ષકે યોગ્ય જીવંત વાતાવરણ પૂરું પાડવું જોઈએ. જેથી બાળક સુંદર અસરકારક રીતે પોતાના વિચારો અભિવ્યક્તિ - પ્રત્યાયન કરી શકે. આ અભિવ્યક્તિની કળા ત્યારે જ સિદ્ધહસ્ત થઈ શકે જયારે બાળકને બોલવું જે કંઈ પણ કહેવું હોય – અભિવ્યક્તિ દ્વારા વ્યક્ત કરવા દેવું જોઈએ. તેની શક્તિઓને કુંઠિત ન થવા દેતાં તેને ખીલવવાના અવસરો આપવા જોઈએ.

God gift સ્વરૂપે દરેકને ભગવાને કંઈક ને કંઈક ભેટ આપી જ છે. તેમાં આપણે એક સર્જનાત્મકતાને ગણાવી શકીએ. જીવનમાં કોઈને કોઈ તબક્કે કંઈક ને કંઈક પ્રભુએ બક્ષ્યું છે, પણ માણસ એને જાણી-પિછાણી શકતો નથી. જામ્બુંવાને જેમ હનુમાનની છુપાયેલી શક્તિની યાદ અપાવીને ત્યારે જ હનુમાનજી ને ખબર પડી કે તેમનામાં કેટલી શક્તિઓ છુપાયેલી હતી. એ જ રીતે દરેક બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓની ઓળખાણ કરાવવાની અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી નવું પ્લેટફોર્મ તૈયાર કરવાનું હોય છે.

બાળકને માત્ર પુસ્તકીયું જ્ઞાન આપીને શિક્ષણ આપ્યાનો સંતોષ માણનારા આજના આ સમયના વિદ્વાનો, બાળકની રૂચિ કે અભિરૂચિનો વિચાર કર્યા

વગર માત્ર અભ્યાસક્રમને વળગી રહી તેની અપેક્ષાઓને ઠેસ પહોંચાડે છે.

બાળકના મૂલ્યાંકનની પદ્ધતિ માત્ર ત્રણ કલાકની સમય મર્યાદામાં ન થાય તેના માટે સતત સર્વગ્રાહી મૂલ્યાંકન હોવું જોઈએ કે જે બાળકની પ્રગતિ માટે અનુકૂળ કહેવાય.

બાળકો અનુભવ દ્વારા વધુ ઝડપથી શીખી શકે છે જેમ કે નાના બાળકને દીવાનો પ્રકાશ પકડવામાં રસ — આનંદ હોય છે. આપણે તેને વારંવાર રોકવા છતાં — સમજાવવા છતાં તે તેના તરફ દોરાઈ જાય છે પરંતુ જેવી દીવાની જ્યોતનો સ્પર્શ થતાં તેને અનુભવ થાય છે કે આ જ્યોતનો પ્રકાશ તેને દઝાડે છે. અને ફરીથી તેની સામે તેવા દીવાના પ્રકાશને લઈ જતાં તે તેવું અનુકરણ કરતો નથી એટલે તે ફરીથી તે એવી ભૂલ કરતો નથી.

શિક્ષણ દ્વારા એવી ભાવિ યુવા પેઢી તૈયાર કરવાની છે જે ઝવેરચંદ મેઘાણીની પંક્તિ દ્વારા વ્યક્ત કરું છુ.

"ઘટ માં ઘોડા થનગને, આતમ વિંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ."

કેળવણી એ અનાયાસ પ્રક્રિયા છે. વ્યક્તિને માટે ઊભી થતી પરિસ્થિતિઓ, વાતાવરણ, અનુભવો વગેરેમાંથી વ્યક્તિ શિક્ષણ મેળવે છે.

કેળવણી આજીવન પ્રક્રિયા છે જેથી કેળવણી પ્રાપ્ત કરતાં વધુ સમય લાગે છે. તે અનુભવોમાંથી પ્રસંગોમાંથી, પર્યાવરણમાંથી પ્રાપ્ત થાય છે.

કાકા કાલેલકરના શબ્દોમાં કેળવણી એટલે

હું વિજ્ઞાનની સખી નથી, કલાની નોકરડી નથી, સત્તાની દાસી નથી, કોઈ શાસ્ત્રની ગુલામડી નથી. હું મનુષ્યમાં હૃદય, બુદ્ધિ અને તમામ ઈન્દ્રિયોની સ્વામીની છું.

માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. — કલા અને હુન્નર મારા હાથ છે.

વિજ્ઞાન મારું મસ્તક છે — ધર્મ મારું હૃદય છે.

નિરીક્ષણ અને તર્ક મારી આંખો છે — ઈતિહાસ મારા કાન છે.

આઝાદી મારો શ્વાસ છે — ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેફસાં છે.

ધીરજ મારું વ્રત છે - શ્રદ્ધા મારી મૂડી છે.

હું જગદંબા છું..... જગતની સર્વકામના હું પૂરી કરું છું.

સાચો શિક્ષક સતત વિકાસશીલ રહે છે. "દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે", એ ન્યાયે "શિક્ષક જીવે ત્યાં સુધી શીખે." એમ કહેવું જોઈએ. અનુભવનાં વર્ષ જેમ જેમ વધે તેમ તેમ શિક્ષકે પોતાના જ્ઞાન અને અધ્યાપન કૌશલ્યોમાં વૃદ્ધિ કરતાં રહેવું જોઈએ. વળી, વિદ્યાર્થી, અન્ય શિક્ષકો, વહીવટી તંત્ર, વ્યવસાયી મંડળો અને સમાજ સાથેના વ્યવહારોમાં જાગૃત રહી નિપુણતા મેળવવી જોઈએ. શિક્ષકે પોતાના વ્યવસાયમાં અને અંગત જીવનમાં એ હંમેશા યાદ રાખવું જોઈએ કે જીવન વિદ્યાર્થીઓ માટે નમૂનો પૂરો પાડે છે. વિદ્યાર્થીઓ માટે પ્રેમ, શિક્ષણના વ્યવસાયમાં આત્મવિશ્વાસ અને વ્યવસાય માટે સમર્પણ એ બધા જ ગુણો અત્યંત આવશ્યક છે. નવું નવું જાણવાની ઉત્કંઠા, ઝીણું કાંતવાની ટેવ અને સહનશક્તિ એ પણ એટલાં જ આવશ્યક છે કારણ કે શિક્ષકનું કાર્ય બાળકનું સન્માન જાળવી તેના વ્યક્તિત્વના વિકાસમાં મદદ કરવાનું છે. આ લક્ષણો ઉપરાંત શરીર સૌષ્ઠવ અને માનસિક સમતુલા, ધગશ અને રમૂજવૃત્તિ એ બધા પણ શાળામાં તંદુરસ્ત વાતાવરણ પેદા કરવામાં ઉપયોગી નીવડે છે અને અધ્યયન માટે વાતાવરણ જન્મે છે.

અભ્યાસ જરૂરી છે શીખવામાં વિદ્યાર્થીને શીખવતા પહેલા તેની રસ-રુચિનો સવિશેષ તો શિક્ષક પ્રત્યે આદર અને પ્રેમની ભાવના પેદા થવી જોઈએ. અધ્યયન મનોવિજ્ઞાનના સિદ્ધાંત મુજબ વિદ્યાર્થીનું અધ્યયન વસ્તુ

તરફ ધ્યાન કેન્દ્રિત કરનાર વ્યક્તિ શિક્ષક છે. પણ તે તેમ ત્યારે જ કરી શકે જ્યારે વિદ્યાર્થીને પ્રથમ શિક્ષક તરફ આદર થાય. અધ્યાપન શાસ્ત્રનો નિયમ પણ એવું જ કંઈક કહે છે, જો શિક્ષક અને તેનું વ્યક્તિત્વ વિદ્યાર્થીઓને ગમી જાય, પ્રભાવિત કરી જાય તો શિક્ષકનું અર્ધું અધ્યાપન કાર્ય આપોઆપ પૂરું થઈ જાય છે.

આજે જ્યારે બદલાતા સંજોગો અને વિભિન્ન અવરોધક પરિબળો વર્ગશિક્ષણની અસરકારકતા ઘટાડી રહ્યાં છે, ત્યારે શિક્ષકે પોતાનું અધ્યાપન અસરકારક બનાવવા તથા તે વિદ્યાર્થીઓને ગમે તેવું રસપ્રદ બનાવવાને માટે તેણે અવનવી અધ્યાપન ટેકનિકનો ઉપયોગ કરવો પડશે. તેમજ શિક્ષકનું પ્રભાવશાળી અને પ્રસન્ન વ્યક્તિત્વ પણ સારી ભૂમિકા ભજવી શકે છે. તેનાથી અધિક વિશેષ શિક્ષકનું ગૌરવ અને સ્વાભિમાન વિદ્યાર્થીઓને પ્રભાવિત કરવામાં ભાગ ભજવે છે, જે શિક્ષકને પોતાના શિક્ષકત્વનું ગૌરવ છે. તે સ્વાભાવિક રીતે જ અધ્યાપની અધિક ક્ષમતા અને કૌશલ્ય દાખવી શકે છે. ઉપરાંત તેના કાર્યમાં એક પ્રકારની તંદુરસ્ત ખુમારી પણ દેખાવાની. જે વિદ્યાર્થીઓને આકર્ષવામાં અને પ્રભાવિત કરવામાં વિશેષ કામયાબ નીવડે છે.

આમ જ્યારે વિષમ પરિસ્થિતિઓમાં વર્ગખંડનું સ્વાભાવિક અને ઔપચારિક શિક્ષણ અને અધ્યાપન ઘણું અશક્ય બની રહ્યું છે ત્યારે શિક્ષકે પોતાના વ્યક્તિત્વથી, પ્રતિભાથી અને આત્મગૌરવથી વર્ગમાં અને વર્ગબહાર વર્તવાનું અત્યંત જરૂરી બન્યું છે. આજે ભણાવવા કરતાં વિદ્યાર્થીઓ એક નમૂનારૂપ વ્યક્તિ તરીકે ઊભા રહેવાનું વધુ મહત્ત્વનું છે. શિક્ષકમાં ભણાવવાની ક્ષમતા અને કૌશલ્ય ઉપરાંત ઉન્નત અને આકર્ષક વ્યક્તિત્વ ખૂબજ જરૂરી છે. આજે અને આવનાર દિવસોમાં જે અસરકારક ભણાવશે તે નહિ, પણ જે વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા અને અસ્મિતાથી પ્રેરી શકશે તે સારા અને સફળ શિક્ષક ગણાશે. જ્ઞાનનો વ્યાપ અને પ્રકાર એટલાં વિપુલ બની રહ્યાં છે કે કોઈ તે સાંગોપાગ ભણાવી શકશે નહિ, વધુમાં વધુ ભણનારને પ્રેરી શકશે.

હવે વાત કરું ધોરણ ૧ થી ૫ ના બાળકોમાં ઓછામાં ઓછી શિક્ષણની અભિવ્યક્તિની.

ગુજરાતીઃ જે આપણી માતૃભાષા છે. જે બાળપણથી એટલે કે બાળક બોલતાં શીખે ત્યારથી જ તેનો ઉપયોગ કરે છે. તેમ છતાં તેમનામાં મૂળાક્ષરની ઓળખમાં પડતી મુશ્કેલી જેમ કે ડ અને ટ, ઠ અને ઢ તેના વાંચનમાં શુદ્ધ ઉચ્ચારણ ખામી નિવારવા પ્રયત્ન કરવો જોઈએ જેથી વાંચનક્ષમતામાં સુધારો થાય. બાળક તેના ઘરમાં બોલાતી ભાષા બોલતાં હોય છે. તેમાં બાળકને સમજ દ્વારા શુદ્ધ ઉચ્ચારણ કરે તેના પર ધ્યાન આપવું જોઈએ.

તે જ રીતે જોડાક્ષરોની ઓળખમાં થતી ભૂલો, શબ્દોના વાંચન અને શ્રુતલેખન તેમજ અનુલેખન — મૌલિક લખાણ જેમ કે નિબંધ, વાર્તાલેખન, પત્રલેખન, વિચાર વિસ્તાર લેખન, કાવ્યપંક્તિની સમજૂતી આવડવા જોઈએ. તેમજ કાળના પ્રકારો તેમ જ તેના આધારે તેની વાક્યરચના.

હિન્દીઃ જે આપણી રાષ્ટ્રભાષા છે. જે શાળા કક્ષાએ બાળક બોલતાં શીખે છે. તેમ છતાં તેમનામાં ગુજરાતી-હિન્દી બે મિશ્ર ભાષા બોલે છે. જે કારણે સ્પષ્ટ ગુજરાતી કે હિન્દી બોલી શકતાં નથી.

હિન્દીમાં પણ જોડાક્ષરોની ઓળખમાં ભૂલો, શબ્દોના વાંચન અને શ્રુતલેખન તેમજ અનુલેખન — મૌલિક લખાણ જેમ કે નિબંધ, વાર્તાલેખન, પત્રલેખન, વિચાર વિસ્તાર લેખ, કાવ્યપંક્તિની સમજૂતી આવડવા જોઈએ. તેમજ કાળના પ્રકારો તેમજ તેના આધારે તેની વાક્યરચના.

અંગ્રેજીઃ અંગ્રેજી ભાષામાં પહેલી એબીસીડી, બીજી એબીસીડીના મૂળાક્ષરોને ઓળખે તેમજ સામાન્ય શબ્દો જેવા કે પ્રાણીઓ, પક્ષીઓ, રંગો, શાકભાજી, ફળો, વાહનો, આકારો, શરીરનાં અંગો સામાન્ય જીવનમાં વપરાતા શબ્દો.

**(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)**

# શૈક્ષણિક શિબિર

## (તા. ૨૯-૩૦ એપ્રિલ ૨૦૧૮)

**મૃણાલ ઓઝા**

જે.એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

શૈક્ષણિક કાર્યમાં નવા અભિગમો કેળવાય તે હેતુસર શાંતિકુમાર કોઠારી વિદ્યાલય, અસારવા ખાતે ગત વર્ષની જેમ આ વર્ષે પણ શૈક્ષણિક શિબિર યોજાઈ. મંગલગીત દ્વારા શિબિરનો શુભારંભ થયો. શ્રી જ્યોતીન્દ્રભાઈએ સુતરની આંટીથી મહેમાનોને અભિવાદિત કર્યા.

પ્રથમ દિવસની પ્રથમ બેઠકના પ્રથમ વક્તા શ્રી ડૉ. વિશાલભાઈ જોષી PRL ના Physics, Astronomy અને Astrophysics વિભાગના વૈજ્ઞાનિક હતા. તેમના લગભગ ૨૫ જેટલા રિસર્ચ પેપર આંતરરાષ્ટ્રીય Journals માં પ્રકાશિત થઈ ચૂક્યા છે.

વક્તા શ્રી વિશાલભાઈ જોષી ૨૧ મી સદીનું વિજ્ઞાન, શિક્ષણ પડકાર ઉકેલ વિશે સ્વાનુભાવો દ્વારા વિષય પર પ્રકાશ પાડ્યો. તેમના શબ્દોમાં દાળમાં જેમ રાઈનો વઘાર મહત્ત્વનો છે, તેમ શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક્તા, શિક્ષણની નવીન પદ્ધતિ શિક્ષણને રસમય તેમજ ગુણવક્તામય બનાવે છે. વિજ્ઞાન શિક્ષકે હંમેશા અવલોકન-મનોમંથન-નિયમની તારવણી જેવા પગલાં શિક્ષણકાર્યમાં અનુસરવા જોઈએ. તેઓશ્રીએ નાના નાના પ્રયોગો દ્વારા વિજ્ઞાનને કેવી રીતે રસમય બનાવી શકાય તેનું નિદર્શન શિક્ષકો સમક્ષ કર્યું.

બીજી બેઠકના વક્તા પ્રો. મનીષભાઈ જૈન ગાંધીનગર 'IIT' ના આસિસ્ટન્ટ ડાયરેક્ટર હતા. તેમણે AMC ના શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ગણિત, વિજ્ઞાન પ્રત્યે રસ કેળવાય તે માટે સરળતાપૂર્વક સ્પાર્ક પ્રોજેક્ટ નું આયોજન અને અમલ કર્યો છે. ગણિત-વિજ્ઞાન ગમતું કરીએ વિષય અંતર્ગત પ્રાયોગિક પદ્ધતિથી ગણિતના સિદ્ધાંતો, વર્ગમૂળ, પાઈ, ક્ષેત્રફળ કઈ રીતે શીખવવા તે ગમ્મત સાથે રસમય રીતે શીખવ્યું. તેઓશ્રીએ પણ શિક્ષણમાં શિક્ષકો દ્વારા એકની એક ચીલાચાલૂ શૈક્ષણિક પદ્ધતિને બદલે નવીનતાભરી પદ્ધતિઓનો વર્ગખંડમાં ઉપયોગ કરવા પર ભાર મૂક્યો. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું વ્યવહારમાં જ્યાં સુધી ગણિત નહીં વાપરીએ ત્યાં સુધી બાળકોને રસ નહીં પડે.

પ્રેમની પરબ સંસ્થાના ડાયરેક્ટર આજીવન કેળવણીકાર શ્રી ચંદ્રકાંતભાઈ ત્રીજી બેઠકના વક્તા હતા.જેઓશ્રીએ વર્તમાન સ્થિતિના શિક્ષક-વિદ્યાર્થી-વાલી સંબંધોનું તાદૃશ ચિત્રણ પુસ્તક કર્યું. આ સંબંધો કેવા હોવા જોઈએ તે વિશે 'ટેડ' ના પ્રસંગ દ્વારા છણાવટ કરી. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું આવતીકાલનો સમાજ શિક્ષકોના હાથમાં છે. બાળકોની શક્તિઓ પીછાણી કંડારવાનું કાર્ય શિક્ષકોનું છે.

ભોજન પછીની ચોથી બેઠકના વક્તા શ્રી કલ્પેશભાઈ આખાણી જેઓ રાધનપુરની શેઠ કે.બી. વકીલ હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષક ૨૧ વર્ષથી શિક્ષણક્ષેત્રે કાર્ય કરે છે. Recreation Mathematicsની આઠ પુસ્તકોના લેખક રહી ચૂક્યા છે. તેઓશ્રીએ જણાવ્યું ગણિત અઘરો વિષય છે. તેવી છાપ સમાજમાં છે. પરંતુ કોયડા, જાદુઈ ચોરસ, મોડેલ્સ દ્વારા બાળકોને ગણિતમાં રસ લેતા કરી શકાય. વેદિક ગણિત દ્વારા ઝડપથી ગણતરી સરળતાથી કરી શકાય. તે શિક્ષણગણ સામે નિદર્શન કરી સમજાવ્યું.

પાંચમી બેઠકના વક્તા શ્રી અશ્વિનભાઈ પ્રજાપતિ જેઓએ વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સેન્ટરમાં ૧૭ વર્ષ બાળકો સાથે તેમજ શિક્ષકો સાથે વિજ્ઞાન વિષય અંતર્ગત પાયાની સમજ પ્રયોગો દ્વારા શીખવી છે. હાલ તેઓ ભાવનગરની વિજ્ઞાન નગરીમાં મૅનેજરની સેવા બજાવી રહ્યા છે. તેઓશ્રીએ પ્રયોગો કરાવવા પર ભાર મૂકતા જણાવ્યું પ્રયોગો દ્વારા બાળકોમાં રહેલ નિરીક્ષણશક્તિ,

વિચારશક્તિ, અવલોકનશક્તિ, જિજ્ઞાસાવૃતિ ખીલવી શકાય.

બીજા દિવસની પ્રથમ બેઠકની શરૂઆત મંગલગીત દ્વારા થઈ. બીજા દિવસની પ્રથમ બેઠકમાં ધૂમકેતુ રચિત તણખામંડળમાંથી પોસ્ટ ઑફિસ અને ભૈયાદાદા પ્રસંગોનું રસદર્શન માણ્યું.

શ્રી હરિભાઈએ પોસ્ટ ઑફિસનું સુંદર રસદર્શન કરાવી સૌને ગળાડૂબ કર્યા. શ્રી અમીષાબહેન લેખક પરિચય સાથે ભૈયાદાદાનું કરુણાસાગર સંવેદનશીલ ચિત્રણનું રસદર્શન કરાવ્યું.

બીજી બેઠકમાં સરસ્વતી શાળાના શિક્ષકો એ વિવિધ ૧૩ રાગ સાથે ૪૨ ફિલ્મી શાસ્ત્રીય ગીતોથી સૌને મંત્રમુગ્ધ કર્યા. આ કાર્યક્રમનું સંચાલન શ્રી તૃપ્તિબહેને કર્યું.

ત્રીજી બેઠકમાં શ્રી તૃપ્તિબહેને શિક્ષણપર્વ મહુવા શિખરનો અહેવાલ વિસ્તૃત રીતે રજૂ કર્યો. તેઓશ્રીએ ગાંધીજીનો શિક્ષણવિચાર, સંવેદનશીલતા, પ્રાથમિક શિક્ષણના મોડેલ વોલેન્ટરી, વિદ્યાર્થીના સંબંધનું રહસ્ય, નવતર પ્રયોગો વિષય પર અહેવાલ રજૂ કર્યો.

**શુભેચ્છા કાર્યક્રમ -**

મંગલગીત દ્વારા શુભેચ્છા કાર્યક્રમનો આરંભ થયો. મુરબ્બી શ્રી જ્યોતીન્દ્રભાઈના હસ્તે નિવૃત થનાર શિક્ષકમિત્રોને શાલ અને પુષ્પગુચ્છથી સન્માનવામાં આવ્યા. સરસ્વતી વિદ્યામંડળમાં નવા જોડાનાર શિક્ષકમિત્રોને પણ પુષ્પગુચ્છથી આવકાર્યા. શ્રી બળદેવભાઈ અને મનોજભાઈ દ્વારા નિવૃત્ત થતા શિક્ષકમિત્રોને શુભેચ્છા પાઠવવામાં આવી. શ્રી મીતાબહેને ઋણ સ્વીકાર કર્યો. (નિવૃત્ત થનાર શિક્ષક મિત્રોમાં શેઠ અહ. સરસ્વતીમાંથી શૈલેષભાઈ પટેલ, અસારવા વિદ્યાલયમાંથી હંસાબહેન અંકલેશ્વરીયા, કાંતિભાઈ પટણી બાલવિભાગમાંથી રમાબહેન ઠાકર હતા.)

## શિક્ષક અને લઘુતમ અધ્યયન ક્ષમતા

સામાન્ય વ્યાકરણ, સામાન્ય લેખન, કાળના પ્રકારો તેમજ તેના આધારે તેની વાક્યરચના. વ્યક્તિગત નિબંધ, પ્રાણી આધારિત-પક્ષી આધારિત – તહેવાર આધારિત-સ્થળ આધારિત નિબંધ લખતા આવડે.

જે વિષયનો અભ્યાસ કરાવતાં હોય તે તાસ દરમ્યાન તે જ ભાષાના સમજ માટે વપરાતા શબ્દોનો ઉપયોગ કરવાથી બાળકને તે વિષયમાં રસ-રુચિ ઉત્પન્ન કરી શકાય.

ગણિતઃ અંકમાંથી શબ્દમાં તેમજ શબ્દમાંથી અંકમાં તેમજ દસ લાખ, લાખ, દસ હજાર, હજાર, સો દશક, એકમના સ્થાનનો પરિચય – ઓળખ - વાંચન તેમજ તે સ્થાનની કિંમતની સમજ. સંખ્યા લેખન – સંખ્યા વાંચન કરતાં બાળકને આવડવું જોઈએ.

વધુ રકમના સરવાળા તેમજ દશકાવાળી બાદબાકીના દાખલા સમજી ગણી શકે તેવી સમજ હોવી જોઈએ.

ગુણાકાર-ભાગાકારના દાખલા અને ઘડિયા અને ઘડિયાને આધારિત ભાગાકાર દાખલાને સમજી ગણી શકે તેવી સમજ, રકમમાં જો ૦ હોય તો તેની સાથેનો ગુણાકાર શૂન્ય જ થાય તેની સમજ હોવી જોઈએ.

અપૂર્ણાંક ની સામાન્ય સમજ-શુદ્ધ અપૂર્ણાંક, અશુદ્ધ અપૂર્ણાંક, મિશ્ર અપૂર્ણાંક – તેના સરવાળા-બાદબાકી અને એકબીજામાં રૂપાંતર તેમજ દશાંશ અપૂર્ણાંકોનું લેખન અને વાંચનની સમજ હોવી જોઈએ.

ભૂમિતિના પાયાના સામાન્ય શબ્દોની સમજ જેમ કે બિંદુ-રેખાખંડ-કિરણ-રેખાની સામાન્ય સમજ – સંજ્ઞા, ખૂણાની સામાન્ય સમજ અને તેના પ્રકાર વિશેની સમજ હોવી જોઈએ. ત્રિકોણની સમજ તેમજ તેના પ્રકાર ખૂણાના માપને આધારે – બાજુઓના માપને આધારે કયા છે તેની દઢપણે સમજ આપવી.

અંતમાં દરેક શિક્ષક જો તેની ફરજ સભાનપણે નિભાવે તો આવતીકાલની યુવાપેઢી જરૂરથી નવીન ભારતને ઘડવામાં મદદરૂપ થશે. જે કોઈ નવા સમાજને નવીનત્તમ શિખરો સુધી લઈ જશે.

# "તો પછી રાંધો લાપસી !"
# 'સ્પેરોમેન' જગતભાઈ
# કિનખાબવાલા

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

**મ.શિ. અસારવા વિદ્યાલય.**

૬૩ વર્ષની વય, માત્ર આઠ વર્ષથી સેવાકીય પ્રવૃતિ, ૫૭૦૦૦થી વધુ માળાનું નિઃશુલ્ક વિતરણ, ૫૦૦૦૦થી વધુ ચકલીઓને જન્મ આપવામાં સફળતા અને ૨૬થી પણ વધુ દૂરદર્શન પરની વિવિધ ચેનલોના ઈન્ટરવ્યૂ, અસંખ્ય વર્કશોપ અને વક્તવ્યો – આ છે અમદાવાદના નિવાસી, ઉત્સાહ-ઉમંગથી છલોછલ, છતાં થોડાક સંતોષી અને થોડાક વ્યથિત...... ખરું કહું તો 'સ્પેરોમેન' તરીકે જાણીતા, જગતભાઈ કિનખાબવાલા.

પક્ષી અને પ્રકૃતિ બચાવવાનું અભિયાન એ જગતભાઈના જીવનનું મુખ્ય ધ્યેય છે. "જગતભાઈ ! તમને 'સ્પેરોમેન' તરીકેનું હુલામણુ નામ કઈ રીતે મળ્યું ?" મેં પૂછ્યું. ઉત્તરમાં જગતભાઈએ કહ્યું; વર્લ્ડ એરાઉન્ડ યુ-ગવર્મેન્ટ ઑફ ગુજરાતના એક સર્વેમાં મારા 'પર્યાવરણ મિત્ર' ના કાર્યને લઈને હું તેમની સૂચિમાં સ્થાન પામ્યો. જ્યાં જ્યાં ચકલી બચાવો સંદર્ભમાં મેં વર્કશોપ કર્યા હોય તથા જ્યાં જ્યાં માળા વિતરણમાં સફળતા મળી હોય ત્યાં ત્યાં ગુજરાત સરકારની કમિટીને મળવા જવું હતું. આજથી ત્રણેક વર્ષ પહેલાં ઘાટલોડિયા સ્થિત ડી.પી.એસ. શાળામાં આ સંદર્ભે મેં એક વર્કશોપ કરી હતી. આથી શાળાના આચાર્ય સાથે મેં કમિટીની મુલાકાત કરાવી. વધુ માહિતી માટે આચાર્યએ કેટલાંક વિદ્યાર્થીઓને વર્ગમાંથી બોલાવ્યા. ચાલુ વર્ગમાંથી આચાર્યની ઑફિસમાં બોલાવતાં વિદ્યાર્થીઓ થોડાં ચિંતિત હતા. પણ આચાર્યએ પછી થોડું હળવું વાતાવરણ કરીને મારી સામે આંગળી ચીંધતા વિદ્યાર્થીઓને પૂછ્યું કે, આ ભાઈને તમે ઓળખો છો ? આપણે ત્યાં ત્રણેક વર્ષ પહેલાં કેમ આવ્યાં હતાં યાદ છે ? તેમનું નામ શું ? ત્યારે વિદ્યાર્થીઓ નકારમાં એકબીજા સામે જોવા માંડ્યાં. ત્યારે એક વિદ્યાર્થીએ હાથ ઊંચો કરી જવાબ આપ્યો, "સ્પેરોમેન", અને બધા ખડખડાટ હસી પડ્યાં. નામથી નહીં પણ પોતાના કામથી સૌમાં પોતાની આગવી છાપ છોડી જનાર પક્ષીપ્રેમી, પ્રર્યાવરણ પ્રેમી જગતભાઈની 'ચકીમેન', 'સ્પેરોમેન' તરીકેની ઓળખ અહીંથી શરૂ થઈ.

ઈ.સ.૨૦૦૮માં લંડનથી વિશ્વભરમાં એવો સંદેશો પહોંચ્યો કે ચકલીઓ ઓછી થઈ રહી છે અને વધુમાં ચિત્રલેખામાં ચકલી વિશે જગતભાઈએ એક લેખ વાંચ્યો, ત્યારે તેઓને વિચાર આવ્યો,

***"આંખ તણા પલકારે ટહુકો ઉડી ગયો,***
***સાવ અકારણ, કલરવ અમથો છૂટી ગયો."***

વ્યથિત જગતભાઈને સમજાયું કે વિશ્વભરમાં નામશેષ થતી જતી ચકલીઓની સૌએ અવગણના કરી છે. ચકલીઓ તો દરેક શહેરના ભવ્ય વારસાની અણમોલ ધરોહર છે. આથી જ નાજુક નમણી ચકલીને પોતાના ઘરની સભ્ય બનાવવા માટે અને તેના કલરવને લોકોના જીવનમાં ફરી લાવવા માટે શું કરી શકાય તે અંગે ચિત્રલેખાના લેખક સાથે કલાકો સુધી વાતો કરી. જગતભાઈની જિજ્ઞાસા અને લાગણીશીલતા જોઈને લેખકે કહ્યું, "કેમ થયું ? શું થયું ? એ બધું વિચારવાને બદલે હવે હું શું કરી શકું ? તેમ વિચારીને આ અંગે કામ કરવાનું ચાલુ કરી દો."

ત્યારે જગતભાઈએ વિચાર્યું કે માનવીની વિનાશક અને ખંડનાત્મક પ્રવૃતિઓ નાથવા અને પર્યાવરણની સુરક્ષા માટે કેટલાંક કાયદાઓ સરકારે ઘડ્યાં છે. જેમકે જળ પ્રદૂષણ, હવા પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણને લગતા કાયદાઓ, ભારતીય વન્યજીવન સંરક્ષણ ધારો,

હાથીઓના સંરક્ષણ તથા મગર ઉછેરની યોજનાઓ, હિમાચલના કસ્તુરીમૃગ વિશેની યોજનાઓ વગેરે અમલમાં છે. પણ ઘર આંગણે રમતી, ચહેકતી, કલરવતી શહેરની નાનકડી અને નિર્દોષ ચકલીનું શું ? આપણી આજુબાજુ રહેતાં સામજિક પક્ષીઓના અસ્તિત્વનું શું ?

આ પછી તો જગતભાઈએ ચકલી, કબૂતર, હોલો, કાબર વગેરે પક્ષીઓ વિશે ઊંડો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. અને ખાસ કરીને શું કરું તો બાળકોની વ્હાલી, નાનકડી ચીં ચીં કરતી ચકલી પાછી આવે તે દૃષ્ટિકોણને નજર સમક્ષ રાખીને ઈ.સ. ૨૦૦૮થી "Save Sparrow" અભિયાન શરૂ કર્યું. અને પોતાના જ બંગલાને પ્રયોગશાળા બનાવી આત્મખોજ, નિરીક્ષણ, અવલોકન વગેરે દ્વારા, "સ્વાગત છે ચકલી તારું !" તેવા પોતાના મિશનને સફળ બનાવવામાં જોતરાઈ ગયા. ત્યારે જ તેર વર્ષથી બીજલ બંગલામાં રહેતાં જગતભાઈને ખ્યાલ આવ્યો કે તેમના બગીચામાં ૨૬ જાતના પક્ષીઓ આવે છે.જેમાંના કેટલાંક એમના ઘરમાં મૂકેલા માળામાં રહેતા થયા છે. જ્યારે દાણા-પાણી માટે અવનવા પક્ષીઓ ઉડતી મુલાકાત લે એ તો લટકામાં ! પણ આ બધામાં લુપ્ત થઈ રહેલી ચકલીઓને બચાવવા અને તેની સંખ્યા વધારવા માટે શું કરું ?

બગીચામાંથી આવતા કોયલના સાદ સાંભળતા જગતભાઈની સાથે આ અંગે વાતો કરતાં તેઓના પંખી અને વનસ્પતિ જગતને નિહાળવા તેઓના બંગલાના બગીચામાં નીકળી ત્યારે નાનકડાં પણ આકર્ષક બગીચામાં ટેરાકોટા તથા પૂઠાંના વીસેક ચકલી ઘરો, ચબૂતરો, વિવિધ વનસ્પતિ, ફૂલપાન તથા ચારેબાજુ ઉડતા પતંગિયા જોયા. કલબલ કરતી કાબર, ક્રાંઉ ક્રાંઉ કાગડાથી ખીચોખીચ ભરેલાં લીમડાં, ચીં ચીં કરતી ચકલી, ઘૂ ઘૂ કરતા કબૂતર, પંચમ સૂરમાં ગાતી કોયલ, હોલો, પોપટ, દેવચકલી વગેરે નિરાંતે ખાતા, આનંદથી ખેલતાં, જાણે ઝાકળમાં નાહીધોઈને ભેગાં થઈ ઈશ્વરનું ગાન કરતાં, કલરવતાં, સંવાદિતાથી એકબીજા સાથે જીવતાં, એક સૂરે ગાતાં આમથી તેમ ઉડતા જોયા. "મારા બંગલાના બારણે પંખીના ટહુકાનું તોરણ અને ઓસરીમાં પંખીના પગલાંથી રચાયેલી રંગોળી, એ તો મારા બંગલાનું સૌંદર્ય છે, વૈભવ છે, કુદરતનું અનોખું નજરાણું છે." તેમ જગતભાઈ કહે છે. પક્ષીઓ પ્રત્યેની આટલી હકારાત્મકતાના કારણે જ કદાચ જગતભાઈને કહેવું પડતું નથી કે,

***"આવો પારેવાં, આવો ને ચકલાં***
***ચોકમાં દાણા નાખ્યા છે.***
***આવોને કાગડા, આવોને હોલા***
***ચોકમાં દાણા નાખ્યા છે."***

ચકલી જેવા એક નાનકડા પંખીની માવજત કરવા માટે તેમણે તેના ખોરાક, પાણી વગેરે વિશે ખૂબ જ ઊંડો અભ્યાસ કર્યો છે. ઘરના દરવાજે તથા આખા બગીચામાં પંખીના દાણા-પાણીની લટકતી રકાબીઓ, ચકલીના ઘર માટે ટેરાકોટાના તથા પૂઠાંના માળા, મોટાં પંખીઓને ચણવા માટે ચબૂતરો, બંગલાની પાળી ઉપર વેરેલા દાણા ખાવા દોડતી મજાની ખિસકોલીઓ-નાનામોટાં પંખીઓની જરૂરિયાતો માટે એક ચોક્કસ દૃષ્ટિ રાખીને જગતભાઈએ આ બધી વ્યવસ્થા કરી છે.

જ્યારે ચકલીના માળા પાસે એક શોભા માટે મૂકેલું ખાલી પિંજરું અને માટીની પાણીની એક ખાલી રકાબી લટકાવેલી જોઈને આશ્ચર્ય થયું ત્યારે ચકલી જગતના અભ્યાસુ જગતભાઈએ સમજાવ્યું કે ચકલી પાસે કોઈ દિશાસૂચક કુશળતા નથી. આથી તે ઉડતી આવીને ક્યારેય સીધી માળામાં નહીં જાય. પણ ઈંડા મૂકતાં પહેલા માળો બનાવવા તે આમતેમ જૂએ છે, તે જગ્યા નજીક બેસે છે, એ જગ્યા એને કેટલી સલામત લાગશે તે પછી જ તે માળામાં ઈંડા મૂકશે. એટલે માળા પાસે બેસવા આવી ખાલી રકાબીઓ કે પિંજરા જેવી વસ્તુઓ મૂકીને તેને ઝૂલવા તથા પરિસ્થિતિ અવલોકનની આ મોકળાશ છે.

રહેણાંક વિસ્તારમાં ચબૂતરા હોવા જોઈએ એવું

ગણિત ઈકોલોજી કમિશન સમક્ષ રજૂ કરનાર જગતભાઈ પોતાના બગીચામાં ચબૂતરા તરફ નિર્દેશ કરતાં અતીતની યાદોમાં ક્ષણ બે ક્ષણ ખોવાઈ ગયા અને પોતાની સ્મૃતિઓને તાજી કરતાં કહ્યું કે અમે જ્યારે નાના હતાં ત્યારે ઘરમાં જે અનાજ વીણાતું તેના નાના દાણા પક્ષી માટે નાખતા તથા સવાર સાંજ ચોરાહે જઈને ગાય, કૂતરાને રોટલી ખવડાવી આવતા. આ બધું આપણાં જીવનનો એક ભાગ હતો. જીવદયા તો આપણી પ્રજાની ઓળખ છે અને ચબૂતરો એ આપણી સંસ્કૃતિની એક વિશેષતા છે. ત્યાં મોટાં પંખીઓ માટે ચણ હોય, ઠીબમાં પાણી હોય એટલે નાના પંખીઓ નિરાંતે બીજી જગ્યાએ ચણી શકે. 'કીડીને કણ ને હાથીને મણ' નો ન્યાય સ્વીકારનાર આપણે પંખીઓ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં જ આપણો ધર્મ સમજીએ છીએ, ત્યારે લાકડામાંથી બનાવેલો, આકર્ષક રંગોમાં રંગાયેલો ચબૂતરો જગતભાઈની પક્ષીઓ પ્રત્યેની અનુકંપાના સાક્ષી સમાન લાગ્યો.

એટલું જ નહીં પણ જગતભાઈએ બગીચામાં પણ ઝાડપાનની રોપણી પણ એવી રીતે કરી છે કે જેમાંથી ચકલીને માળો સમજવા માટે તણખલા મળી રહે. દરજીડાને માળો ગૂંથવા પાન મળી રહે. જો કે સુગરીની ગેરહાજરીનું દુઃખ એમની વાતોમાં ડોકાયા વિના રહ્યું નહીં. બગીચાની લોનમાંથી જીવજંતુઓ ખાતાં પક્ષીઓ જોઈને તેઓ કહે છે કે, હું મારા બગીચામાં જંતુનાશકો પણ નાંખતો નથી. કેમકે જો બગીચામાં જંતુનાશકો નાખું અને તેમાં જે જીવજંતુ કે ઈયળો હોય, ચકલી તેના જન્મજાત બચ્ચાંને તે ખવડાવે તો નાનાકડું બચ્ચું આ ઝેરી પદાર્થોનો ભોગ બની જાય. આમ તો ચકલી શાકાહારી પક્ષી છે. પરંતુ ઊંચે માળામાં બેઠેલાં નવજાત બચ્ચાં જ્યાં સુધી દાણા પચાવવાને સક્ષમ ના થાય કે માળામાંથી ઊડી ના શકતું હોય ત્યાં સુધી ચકો કે ચકી તેને આવા જંતુઓ ખવડાવી તેની પાણી તથા પોષણની જરૂરિયાત સંતોષે છે.

બપોરની નીરવતામાં પક્ષીઓની ફેરફૂદરડી જોતાં અને કલરવ સાંભળતા અમે બગીચાની બીજી બાજુએ આવ્યા. બંગલાની અંદર પૌરાણિક ચીજવસ્તુઓની કલાત્મક ગોઠવણી અને બંગલાની બહારની દીવાલ ઉપર ટેરાકોટાના તથા જાતે ડિઝાઈન કરેલા કૉરોગેટેટના અસંખ્ય માળાઓની સજાવટ જોઈને મેં કહ્યું, "જગતભાઈ ! તમારું ઘર સુંદર છે." ત્યારે ટેરાકોટાના અને પૂઠાંના ચકલી ઘર તરફ ઈશારો કરીને જગતભાઈ કહે છે, "ખરેખર તો આ જ મારું બીજલ હાઉસ છે." પોતાની જન્મકુંડળીમાં બબ્બે મજબૂત ઘરો- એક બીજલ હાઉસ અને બીજા ચકલી હાઉસથી ખુશખુશાલ જગતભાઈને જોતા કવિ રમેશ પારેખની પંક્તિઓ યાદ આવ્યા વિના તો ના જ રહે,

***"તારે વૈભવ રંગ મહેલ નોકર ચાકરનું ધાડું,***
***મારે ફળિયે ચકલી બેસે એ મારું રજવાડું."***

બગીચામાં પાણીના કૂંડા અને પાણીની રકાબીઓ બતાવવા જગતભાઈએ સમજ આપી કે પક્ષીઓ બીમાર ના પડે તે માટે રોજ સાંજે તેનું પાણી ખાલી કરી, તેને ઉંધા વાળીને સવારે ઘસીને સાફ કરીને તેમાં નવું પાણી ભરવામાં આવે છે.જેથી કૂંડામાં લીલ ના જામે. નહીં તો લીલથી પક્ષીઓની પાચનક્રિયામાં સમસ્યા થાય છે. અને આખી રાતના ઠંડા પાણીથી પક્ષીઓ બીમાર પડી શકે છે.પતિના કાર્ય સાથે ખભેખભા મિલાવતા પત્ની રોઝીબહેનને મેં જ્યારે કહ્યું કે આ બધું તો ઘણો સમય માંગી લે. ત્યારે તેઓ તરત જ કહે છે કે, ના રે ! આ તો એક માત્ર ટેવનો સવાલ છે. આ ક્રિયાને જો આપણે આપણા દૈનિક કાર્યનો એક હિસ્સો બનાવી દઈએ તો કોઈપણ પ્રકારના બોજ વગર આસાનીથી તે કરી શકાય છે.

પક્ષીઓ પ્રત્યે જાગૃત અને સંવેદનશીલ આ દંપતિએ આસપાસમાં પણ એવી સંવેદનશીલતા જગાવી છે કે સોસાયટીના પગી હોય કે બગીચાની દેખરેખ કરતાં માળી,

પણ જો જગતભાઈનું ઘર બંધ હોય તો બંગલાની ઓસરીમાં રાખેલા ડબ્બામાંથી સવારના પક્ષીના ચણ અને પાણીની વ્યવસ્થા અને સાંજનું કૂંડા સફાઈનું કાર્ય તેઓ પણ કરી લે છે.

જગતભાઈના ચકલી પ્રેમને અને તેમના કાર્યને જોઈને ઘણીવાર તેમના મિત્રો તેમને કહેતા કે અત્યારે કમાવવાના સમયમાં ક્યાં આ બધામાં પડ્યો ? તું તો ગાંડો છે. આજે એ જ મિત્રો માંદગીમાંથી બેઠા થયેલા જગતભાઈને ઉદ્દેશીને કહે છે કે, આ તો તને ચકલીઓના આશીર્વાદ છે ને એટલે, નહીં તો તું ક્યારનોય ઉપડી ગયો હોત.

ગુજરાત રાજ્યનું એ કાયમી સદ્‌ભાગ્ય છે કે રાજ્યની પ્રજા અને શાસકો પર્યાવરણની સુરક્ષા માટે હંમેશા ચિંતિત અને જાગૃત રહ્યાં છે. તેથી જ આઝાદી પછી તરતથી વનમહોત્સવ જેવા કાર્યક્રમ કનૈયાલાલ મુનશી જેવી વિચક્ષણ વ્યક્તિએ શરૂ કરાવેલ છે.

જગતભાઈની સંવેદનશીલતા માત્ર ચકલી પ્રત્યે જ નથી, પરંતુ પ્રાણીમાત્રને જીવન પ્રદાનકરનાર દાતા કર્ણ જેવા વૃક્ષો પ્રત્યે પણ તેઓ એટલા જ સંવેદનશીલ છે. જગતભાઈ કહે છે માનવજીવનનો ઈતિહાસ કહે છે કે વિશ્વમાં નાના મોટાં નગરો નદીઓના કિનારે વિકસ્યાં છે. તેનું કારણ માણસ પોતાના માટે તેમજ પશુ, પક્ષીઓ માટે પીવાનું પાણી મેળવી શકે. તેમજ આ નદીઓની ફળદ્રુપખીણોમાં અનાજ ઉગાડી શકે. શરૂઆતમાં નદીમાંનું પાણી માનવી તેમજ પશુઓના ઉપયોગથી પ્રદૂષિત થતું, પરંતુ ઉપરવાસના વૃક્ષોને લીધે નદીમાં પાણીનો પ્રવાહ સતત વહેતો રહેતો અને પાણીનું કુદરતી રીતે શુદ્ધિકરણ થતું. પરંતુ સમય જતાં માનવીની લોભવૃતિ નિરંકુશ બનતાં કુદરતી રીતે નદીઓના પાણીની ગુણવત્તા જાળવી રાખવાનું અશક્ય બન્યું. નદીઓની આજુબાજુના પર્યાવરણ તથા પરિસરમાં અસમતુલા ઊભી થઈ. આ અસમતુલાને રોકવા માટે ઉપરવાસના વિસ્તારોને વૃક્ષો વાવી નવસાધ્ય કરવાની જરૂર છે.

જગતભાઈ આગળ વધતા કહે છે, અમેરિકામાં પ્રત્યેક વ્યક્તિએ ૪૨૭ વૃક્ષો, કેનેડામાં ૩૮૦૦ વૃક્ષો, રશિયામાં ૫૮૦૦ વૃક્ષો જ્યારે વધુ વસ્તી ધરાવતાં ભારત દેશમાં પ્રત્યેક વ્યક્તિએ માત્ર ૨૬ વૃક્ષો જ છે. ચરકસંહિતા, વરાહપુરાણ, અથર્વવેદમાં પણ મહત્વ ધરાવતા વૃક્ષો પ્રત્યે સૌમાં સંવેદનશીલતા લાવવા અને પર્યાવરણની સમસ્યાઓ પ્રત્યે સજાગતા વધારવાની આશા રાખતા જગતભાઈ સૌ બાયોડાઈવર્સિટીના ઉપયોગિતા સમજે અને કુદરતી સ્ત્રોતના સંરક્ષણનું બીડું ઝડપે તેવી ઈચ્છા વ્યક્ત કરતાં કહે છે કે, જો ઈશ્વર મને કોઈ વરદાન માંગવાનું કહે તો સંતથી પણ ઊંચી પદવી ધરાવનાર વૃક્ષોનું પ્રમાણ સો ગણું વધે તેમ હું કહું. 'સ્પેરોમેન' જગતભાઈનો વૃક્ષપ્રેમ - પર્યાવરણપ્રેમ જોતાં વૃક્ષપ્રેમી કવિ એબેક ગ્રાનડરેના શબ્દો યાદ આવી ગયા,

''ન નગર વસાવો, ન સ્મારક બનાવો, તેના બદલે વૃક્ષ ઉછેરો.'' ખરેખર ! નગર અને સ્મારક, આ બંને કરતાં વૃક્ષો વધુ સ્થાયી અને લાભદાયી છે.

વિસરાઈ ગયેલ ચકલીઓને ખૂબ જ મોટી સંખ્યામાં આપણી વચ્ચે વસવાટ કરાવી તેના કલરવને ફરી એકવાર માનવજીવનનો ભાગ બનાવવાના પડકારને ઉઠાવી જગતભાઈ વર્ષોથી અથાગ મહેનત કરી રહ્યાં છે. માળાની વહેંચણી અને વર્કશોપના કાર્યની ઘર આંગણેથી શરૂઆત કરનાર જગતભાઈએ અત્યાર સુધી સફળતાપૂર્વક ૫૭૦૦૦ થી પણ વધુ માળાની વહેંચણી કરી છે. અને એક માળામાં ૩ થી ૫ ના હિસાબે એકલે હાથે ૫૦૦૦૦ થી પણ વધુ ચકલીઓને જન્મ આપવામાં સફળ રહ્યાં છે. એટલું જ નહીં પણ માળા વહેંચ્યા હોય તેવા ઘરોમાં જો ચકલી વસવાટ કરે અને બચ્ચાં આપે એટલે તરત જ એમને ફોન આવે કે, જગતભાઈ ! ચકલીએ બચ્ચાં આપ્યાં ...... એટલે ખુશખુશાલ થઈ જગતભાઈ કહી ઉઠે : ''તો પછી રાંધો લાપસી !''

તેઓની આ પ્રવૃતિની સરાહના કરતાં ગુજરાતનાં રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી સાહેબે તેમના આમંત્રિતો માટે રાજભવનના સભાગૃહમાં એક વર્કશોપનું આયોજન કર્યું હતું.

"Save The Sparrows" - જગતભાઈ તરફથી મળેલ ઘર ચકલીના આ માહિતીસભર પુસ્તકનું અભિવાદન કરતાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ૧૨ એપ્રિલ ૨૦૧૭ ના રોજ ચકલીની ઘટતી સંખ્યા પ્રત્યે પોતાની સંવેદનશીલતા વ્યક્ત કરતાં જણાવ્યું કે પક્ષીઓ, પ્રાણીઓ, વનસ્પતિ તો આપણી પૃથ્વીને રંગો અને વિવિધતાથી સમૃદ્ધ કરે છે.અને ભારતીય સંસ્કૃતિ આપણને આ બધાં સાથે સુસંવાદિતતાથી જીવતા શીખવાડે છે. વળી પક્ષીઓ આપણને જીવનમાં ઊંચે જવાના પાઠ શીખવે છે. અને જે પક્ષીઓ, પ્રાણીઓ અને વનસ્પતિ સાથે આપણે આ પૃથ્વીગ્રહને વહેંચીને ઉપયોગ કરીએ છીએ તેનું રક્ષણ કરવાની, બચાવવાની જવાબદારી આપણી છે.

જગતભાઈની આ સરાહનીય પ્રવૃતિમાં યશોકલગી સમાન એક ઘટના તા.૩૦ મી એપ્રિલ ૨૦૧૭ ના રોજ ઘટી કે જ્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમના વાર્તાલાપ "મન કી બાત" માં પણ તેઓની આ પ્રવૃત્તિનો ઉલ્લેખ કરીને પ્રજાને તરસ્યા પક્ષીઓ માટે બાલ્કનીમાં કે બારીની બહાર પાણીની કૂંડીઓ મૂકવાની અપીલ કરી. આ પછી તો અમદાવાદ શહેર ઉપરાંત શહેરની આસપાસના ઉપનગરો કે ગામડાંઓ, કડી, કલોલ, પાનસર, ખેડા, આણંદ, નડિયાદ, પાલજ, વડતાલ, વાસો, વડોદરા, સુરત, નવસારી, ભરૂચ, મોડાસા, હિંમતનગર, બાયડ, નીનાવા, દસાડા, પાલનપુર, ડીસા, મહેસાણા, કચ્છનું મોટું રણ, કુમારગાંવ, કચ્છ, અંજાર, ગાંધીધામ, માંડવી, રાજસ્થાન, છત્રાલ, બનાસકાંઠા, થોલ તથા નળસરોવરના વિસ્તારો, ફરીદાબાદ, ગુડગાંવ, ગૌહતી, મુંબઈ વગેરે વિસ્તારોમાંથી પણ જગતભાઈના માળાની માંગનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે.તો અમેરિકાથી આવતા કેટલાંક પક્ષીપ્રેમીઓ પણ તેમના આ માળાની માંગ કરે છે.

માનવ સુખાકારી માટે પર્યાવરણના જતનની અત્યંત જરૂર છે, તેવું પારખી શકનાર અને તેના રક્ષણ માટે શક્ય તેટલા વિશાળ ફલક ઉપર જનજાગૃતિનું કામ કરનાર જગતભાઈએ પર્યાવરણના અનેક પાસાઓ જેવાં કે પશુપક્ષીઓ, વૃક્ષો વનસ્પતિ, નદીઓ વગેરે વિશે પણ અભ્યાસ કર્યો છે. આને તેઓ વિવિધ માધ્યમો દ્વારા સમાજ સુધી પહોંચાડતા પણ રહ્યાં છે.

આવનારી પેઢીમાં પ્રકૃતિપ્રેમ, પક્ષીપ્રેમ, જાગે તે માટે તેઓએ શાંતિ એશિયાટિક, ઝાયડસ, કેડિલા જેવી અનેક શાળાઓ, કૉલેજો, ટાટા કન્સલટન્સી જેવા મોટા કૉર્પોરેટ ક્ષેત્રો, રેર સેરેનિટી લાયબ્રેરી, ઈસરો, ઑલ ઈન્ડિયા રેડિયો, રેડિયો મિર્ચી, ઈ. ટી.વી. જેવા સોશિયલ મિડિયામાં પણ અનેક વક્તવ્યો આપ્યા છે. પર્યાવરણના વિકાસને ટકાવવાના તેઓના અદ્વિતિય ફાળાને કારણે જ FICCI, (Federation of Indian Chambers of Commerce and Industry) GEDA (Gujarat Energy Developmenet Agency) અને ગુજરાત સરકારના ક્લાઈમેટ ચેઈન્જ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે ૫ મી જૂન વિશ્વ પર્યાવરણના દિવસે યોજાયેલા કાર્યક્રમમાં સમાજમાં પણ આ પ્રશ્ન પ્રત્યે લોકોની જાગૃતતા કેળવવા તેઓએ વક્તવ્ય આપ્યું છે.

દૂરદર્શનની વિવિધ ચેનલોમાં તેમના ઈન્ટરવ્યૂની સંખ્યા ૨૬ કરતાં પણ વધુ છે. શાળાઓમાં ચિત્રસ્પર્ધા, વાર્તાલાપ, પ્રશ્નોત્તરી, વક્તવ્યો, સ્લાઈડ શૉ, ચકલીઓ પરની ખાસ વીડિયો ક્લીપ્સ, પંખીઓના ક્રિએટીવ માળા બનાવવા માટે વર્કશોપ વગેરે દ્વારા પોતાના આ અભિયાનમાં સમાજના દરેક વર્ગની, દરેક ઉંમરની વ્યક્તિને જાગૃત કરીને એક સાથે લાવે છે અને સૌની ભોળી

અને નાજુક ચકલી સાથેની બાળપણની યાદો તાજી કરાવે છે. વળી દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર સંદેશ જેવા વર્તમાન પત્રો, પગદંડી, ગુજરાત ડાયરી, મુંબઈ સમાચાર, નેચર, ઈન્ટરનેટ વગેરેએ તેઓની કામગીરીને લક્ષમાં લઈને પક્ષીપ્રેમી અને પર્યાવરણપ્રેમી તરીકે તેમને સ્થાન આપ્યું છે.

જગતભાઈ કહે છે કે કુદરત સાથે મારો લગાવ કંઈ શૈક્ષણિક કારણોસર નથી. હું કંઈ વૈજ્ઞાનિક નથી કે નથી હું આંદોલનકારી. પણ હું દિલથી ગ્રીન છું અને સૌના દિલમાં ગ્રીન વસાવવા માંગુ છું. આથી જ માત્ર 'વિશ્વ ચકલી દિવસ' પર જ નહીં પરંતુ લગ્ન પ્રસંગ, જન્મ દિવસ કે લગ્નતિથિ પર કોઈને ભેટ આપવાની હોય કે તેઓની ઑફિસમાં પ્રથમવારની મુલાકાત હોય, જગતભાઈ તેઓને ઉપહાર તરીકે ચકલીનો માળો જ આપે છે.

જગતભાઈ કહે છે, પૈસો આપણો ખોરાક નથી. આપણે વિવિધ વાયુઓના શ્વાસ નથી લેવાના અને ન તો પ્રદૂષિત પાણી પીવાના છીએ. આપણી પાસે પાસબુક બેલેન્સ હોય પણ શ્વાસબુક બેલેન્સ શૂન્ય હશે તો ! જેમ આજે પીવાના પાણીની બોટલો વેચાય છે, ક્યારેક ઑક્સિજનની બોટલો પણ વેચાશે !

આપણી પૃથ્વી અત્યારે જ બીમાર છે. તેથી અત્યારે જ ઈકૉફ્રેન્ડલી વિચારધારા અપનાવવી જ રહી.

પર્યાવરણ અને વિકાસનો સંઘર્ષ ન થવો જોઈએ. બલ્કે એમાં એકરૂપતા આવવી જોઈએ. આપણે પણ સંતુલન બનાવવું જ રહ્યું. આજે આપણે એવા વિશ્વમાં જીવી રહ્યાં છીએ જ્યાં પર્યાવરણ અને આર્થિક અસરો આપણી પરીક્ષા લઈ રહ્યાં છે. ત્યારે કુદરતને આપણે બધું જ પાછું આપીએ જે આપણે તેની પાસેથી છીનવી લીધું છે.

મૅનેજમેન્ટ કન્સલટન્ટ જગતભાઈ પોતાની વાતોથી લોકોમાં સંવેદનશીલતા જગાવવા સાથે સેપ્ટના ઈચ્છુક વિદ્યાર્થીઓને બાયોડાયવર્સિટી વિષયે માર્ગદર્શન પણ આપે છે. ખેડૂતોને ખેતી, ગામડાંઓમાં રેઈનવૉટર હાર્વેસ્ટિંગ, ગાર્ડન ડિઝાઈનિંગ જેવા અનેક કાર્યોમાં તેઓ વ્યસ્ત છે. છતાં તેઓની યાદોના પિટારામાં ચકલીઓના ૫૦૦૦ થી વધુ ફોટોગ્રાફ્સ અને કૉરોગેટેડ બોક્સનાં માળાઓમાં ચકલીઓના સફળ વસવાટના અનેક વીડિયોઝ છે. શબ્દો, ફોટોગ્રાફ્સ અને વીડિયોમાં વણાયેલા રેકોર્ડને ભાવિ પેઢી માટે મૂકતા જવાનો તેમનો પ્રયાસ ખરેખર સરાહનીય છે.

તેઓની સુંદર કામગીરીને લક્ષમાં લેતા ૫ જૂન ૨૦૧૩ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના રોજ સુંદરવન પોસ્ટલ ડિપાર્ટમેન્ટ, અમદાવાદે, જગતભાઈના ફોટા અને ડેહલિયા (Dahlia) ફૂલો સાથેની સુંદર ટપાલ ટિકિટ પણ બહાર પાડી છે. તો ગુજરાત રાજ્યમાં 'ગુજરાત ઈકૉલોજી કમિશન અને વર્લ્ડ એરાઉન્ડ યુ' તરફથી 'પર્યાવરણ મિત્ર' તરીકે તેઓને સન્માનવામાં આવ્યા છે.

મેઘરાજા રૂસણાં લે, ધરતી માથે દુકાળ આવીને ડાકલાં વગાડવા માંડે ત્યારે યંત્રયુગની આંધીમાં ઉડનારા અને વિકાસની વાતોના હાકલા-પડકાર કરનારા સમાજને આ સમસ્યાનો અંત લાવવાની દિશામાં કાળજીપૂર્વકનું કામ કરી તેમાંથી બહાર નીકળવાનો રાહ ચીંધ્યો છે. જો આ પ્રશ્ન પ્રત્યે આપણે હજુ પણ ઉદાસીનતા કેળવીશું તો સર્વનાશ નોંતરીશું અને આ પરિસ્થિતિ ચાલુ રહી તો પૃથ્વીના માનવજાતના વસવાટ તરીકેનું ભાવિ આગામી દસ વર્ષમાં લખાઈ જશે તેમાં શંકાને સ્થાન નથી તેમ જગતભાઈ કહે છે.

પર્યાવરણ સંરક્ષણ અને ખાસ કરીને ચકલી બચાવોની પ્રશંસનીય કામગીરીને બિરદાવતા જગતભાઈને આ ક્ષેત્રમાં તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છા પાઠવવા સાથે ચાલો, સંગીતકારની માફક સાત સૂરો મેળવીને એક સુંદર 'પક્ષીરાગ' નીપજાવવા આપણે કટિબદ્ધ થઈએ. જેમ અલગ-અલગ નદીઓ મળીને સમુદ્ર બને છે, તેમ આપણે પણ પ્રકૃતિ – રાગ બનાવીએ.

# સરસ્વતી મંડળ - શિક્ષકવૃંદ (છ દાયકાપૂર્વેનું)

**ચંદ્રવદન એસ. વ્યાસ** (ભૂતપૂર્વ વિદ્યાર્થી : સને ૧૯૬૫)

(એમ.એ., બી.એડ્) નિવૃત્ત ઉપાચાર્ય, વનિતા વિશ્રામ, ખાડિયા, અમદાવાદ. ફોનઃ ૯૬૨૪૯૧૩૧૮૦, રહે. નં.: ૨૬૮૭૨૬૮૭
ઘરનું સરનામું: બી-૪, મનાલી પાર્ક, રાજપથ રો હાઉસ પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫.

આજે મને છ દાયકા પૂર્વેના સરસ્વતી વિદ્યાલય શિક્ષકવૃંદના શિક્ષકોનું શબ્દચિત્ર રજૂ કરવાનું મન થઈ આવે છે. સર્વપ્રથમ માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાં સ્થપાયેલ સરસ્વતી વિદ્યામંડળના સ્થાપક સ્વ. મુ. શ્રી રઘુભાઈ નાયક જે ખરા જગતમાં શિક્ષણ મનિષી હતા તેમને શબ્દ પુષ્પો સમર્પિત કરી સ્મરી લઉં. તેમને તે દ્વારા શ્રદ્ધાંજલિ સમર્પિત કરી શિક્ષણજગતનું ઋણ અદા કરવાની જવાબદારી સમજી શબ્દ શ્રૃંખલા સમર્પિત કરું છું.

**(૧) શ્રી રઘુભાઈ નાયક :** જેમને નજીકથી નિહાળતા એક સુભાષિત પંક્તિ સમર્પિત કરું છું. येन शुफलीकृता हंसा – જેમણે હંસોને સફેદ બનાવ્યાં છે. અહીં મુ. શ્રી. રઘુભાઈને સફેદ લિબાસમાં જ જોયાં છે. સફેદ બગલાં જેવાં વસ્ત્રોમાં પરિધાન થયેલાં, જ્ઞાનના અગાધ મહાસાગર સમા રઘુભાઈને નિહાળવા પરામર્શ કરવો એ જીવનનો અમૂલ્ય લ્હાવો છે. આ તક મને ૧૯૬૭ માં સાંપડી. અસારવા વિદ્યાલયે સ્વાધ્યાય પ્રોજેક્ટ હાથ પર ધરેલાં અને તે નિમિત્તે શિક્ષકો લેવાનાં હતાં તેના ઉમેદવાર પૈકી મને સદ્‌ભાગ્ય સાંપડેલું. વિષય ભારતીય સંસ્કૃતિ અને જગતના ધર્મો. તેમણે શીન્તો ધર્મ – બૌદ્ધ ધર્મ અંગેના એવાં પ્રશ્નો પૂછ્યાં કે હું નિરુત્તર થઈ જતો. પ્રારંભમાં મારું જ્ઞાન મર્યાદિત હતું કારણ કે શિક્ષણ જગતનો બહોળો અનુભવ નહોતો. પ્રસ્વેદબિંદુ મારા કપોલ પ્રદેશ પર ઊતરવા માંડશે, તેઓએ પાણી મંગાવી મારી મૂંઝવણ દૂર કરી. અને અસારવા વિદ્યાલયમાં તક પણ મળી. પરંતુ આ પ્રોજેક્ટ મર્યાદિત સમય માટે હોઈ મેં ઈન્કાર કર્યો. અસારવા વિદ્યાલયમાંથી સમયાંતર સરસ્વતી વિદ્યાલય જવાનું થતું અને શિક્ષણજગતના ઋષિ સમા રઘુભાઈને નિહાળતાં હું પ્રસન્નતા અનુભવતો. આજે પણ માનસિક નતમસ્તકવંદન કરી મનને પ્રસન્નતા અર્પું છું. એવું જ બીજું પાત્ર છે મુ. શ્રી જશીબહેન.

**(૨) મુ. શ્રી જશીબેનઃ** यत्र रघुभाई नायकः तत्र तत्र श्री जशीबहन विजयाभूत ध्रूवोनीति मतिर्मम: ॥ અસારવા વિદ્યાલયના ધુરિન્દ્ર એટલે મુ. શ્રી જશીબહેન કાયમ દક્ષિણી સાડીમાં સજ્જ, ભાલપ્રદેશ પર પૂર્ણ ચંદ્ર સમ કંકુ તિલકે સોહતા એ સમયે શ્યામવર્ણી ગાડી પર સજ્જ થઈ વિદ્યાલયના પ્રાંગણમાં પ્રવેશતાં ત્યારે વિદ્યાર્થીઓનાં કલરવ-હોલાહલ શાંત થઈ જતો. મુખ પર સ્મિત રેલાતો એ પ્રેમાળ ચહેરો આજે પણ તરી આવતાં અભિભૂત થઈ જાઉં છું. તેમણે ગુજરાતી કાવ્ય 'સુંદરમ્'નું – "હાંરે અમે ગ્યાતાં તેજના ઓવારે, રે રંગરંગ વાદળિયા" પંક્તિ આજેપણ ગુંજી રહી છે. તેમની સાથેની શૈક્ષણિક યાત્રા-સહવાસ-અલ્પમાત્રામાં રહ્યો પછી તો તેઓ શ્રી. રઘુભાઈ સાથે દિલ્હી મુકામે ચાલ્યા ગયાં. તેમનો અલ્પકાલીન સહવાસ ચિરંજીવ અમીટ છાપ મૂકી ગયો છે.

**(૩) શ્રી ગોપલાની સાહેબઃ** આમ તો એમની સાથેનો નાતો અલ્પ છે. એમનું અંગ્રેજીનું અગાધ જ્ઞાન, એમનો સૌમ્ય હાસ્યવેરતો ચહેરો, ખાદીના પેન્ટ અને ખાદીના આખી બાંયના શર્ટમાં સજ્જ સિંધ પ્રાંતમાંથી આવ્યા હોય એમ લાગતું નહીં. પરંતુ જ્યારે કાલીઘેલી ગુજરાતી ભાષામાં જ્યારે બોલતા ત્યારે પરખાઈ આવતું કે પરપ્રાંતિય નાગરિક છે, છતાં સરસ્વતી મંડળમાં સમરસ થઈ ગયેલાં.

**(૪) શ્રી વિઠ્ઠલભાઈ ઓઝાઃ** સફેદ ઝભ્ભો અને એ જમાનાનું બ્રીચીસમાં સજ્જ વિઠ્ઠલભાઈની મુખાકૃતિ ખીલેલાં ચંદ્રસમા – ઉપનેત્રધારી વિઠ્ઠલભાઈ ને કેમ

ભૂલાય. એમનું અંગ્રેજી ભાષા પરત્વેનું અગાધ જ્ઞાન વહીવટી કુનેહને સલામ ભરવાનું મન થઈ આવે એવું વ્યક્તિત્વ હતું. એમની સાથેનો ઘરોબો માત્ર છ માસ પૂરતો રહ્યો હતો; છતાં વિદ્યાર્થીના નામ સાથેની સ્મરણ શક્તિ અદ્‌ભુત હતી.

**(૫) શ્રી નર્મદાશંકર ત્રિવેદીઃ** ધોતી-ઝભ્ભો અને ટોપી પગમાં બૂટ-ચશ્માથી સજ્જ ત્રિવેદી સાહેબ જ્યારે માઈક પરથી 'નર્મદાષ્ટક'નું પારાયણ કરતાં પ્રાર્થના દરમિયાન ત્યારે કર્ણપ્રિય અવાજની તરજો આજે પણ કર્ણપટલ પર ગૂંજે છે. સંસ્કૃત વિષયના ઋષિસમા ત્રિવેદી સાહેબના દર્શન પુણ્યકારી બની રહેતાં. ઉત્તરાવસ્થામાં પોતાનું શેષ જીવન સોલા ભાગવત્ વિદ્યાપીઠમાં ચયન કર્યાનું સ્મરણ છે.

**(૬) શ્રી છોટુભાઈ પટેલઃ** શ્વેત ખાદીની ધોતી-ઝભ્ભામાં પરિધાન કાળીફ્રેમના ચશ્મામાં જ્યારે અસારવા વિદ્યાલયના વર્ગખંડનો રાઉન્ડ લેતા હોય ત્યારે સાર્વત્રિક શાંતિ પ્રસરી જતી. કોઈ વર્ગખંડ શિક્ષકની હાજરી વિહીન હોય ત્યારે તેમાં પ્રવેશે જે-તે વિષય ભણાવામાં તત્પર થઈ જતાં. ગણિત-વિજ્ઞાન-અંગ્રેજી સમાજશાસ્ત્ર જેવાં વિષયોનું અધ્યાપન કરાવતાં ત્યારે અમે ટિંગ થઈ જતાં. એમની સંચાલન શક્તિ, શૈક્ષણિક અભિગમ પ્રત્યે સલામ કરવાનું મન થાય એવું અનોખું વ્યક્તિત્વ હતું. એમનું એમનો પુત્ર પ્રવીણ જે કબડ્ડી ખેલમાં કવરડ્રાઈવનો માસ્ટર ગણાતો અમારો મિત્ર હતો.

**(૭) શ્રી મીઠાલાલ કોઠારીઃ** સફેદ ધોતી-ઝભ્ભો સાથે સજ્જ સાબરકાંઠાની શાળામાંથી અસારવા વિદ્યાલયમાં અંગ્રેજી શિક્ષક તરીકે આવેલાં; અંગ્રેજી વ્યાકરણ પરથી પક્કડ ગજબની હતી. Clause Anylisis અમને પુસ્તક વગર મોઢે જ શીખવતા. સ્વભાવ તીખો ૧-૨ વખત શીખવ્યા પછી જો ત્રીજી વખત ન આવડે તો મારની પ્રસાદી અમને મળતી; છતાં તેમની આ જહેમત ઉગી નીકળતી અમને અંગ્રેજી વિદેશી ભાષા હોવા છતાં તેના પર અમને એક પ્રેમભાવની લહર ફૂટી નીકળતી. અંગ્રેજીના અગાધ જ્ઞાને તેમને ક્લાસ ખોલવાની પ્રેરણા આપી. સર્વસાથી મેગેઝીનથી શિક્ષણ જગતમાં તેમની કીર્તિ પ્રસરાવા લાગી. 'દીવા તળે અંધારાના' ન્યાયે વર્ગો બંધ થયાં છતાં એમની છબી અમારા માનસપટ પર અમીટ રહી છે.

**(૮) શ્રી હરિશંકર મિશ્રા - શ્રી આહુજાઃ** બંને પર પ્રાંતીય શિક્ષકો સાહિત્ય પ્રેમી-ગઝલ જગતના જીવ સમા, અદ્‌ભુત હિન્દી ભાષા પરના પ્રભુત્વ ધરાવતા પેન્ટ-શર્ટમાં સજ્જ અકબંધ રહ્યો છે. વર્ષો વહી જતાં તેઓ કૉલેજમાં પ્રાધ્યાપક (અંગ્રેજી-હિન્દી) રહી નિવૃત્ત થઈ કદાચ આ વિશ્વ છોડી પરલોક સીધાવ્યા હોય એવું પણ બની શકે.

**(૯) શ્રી કમળાબહેન - ભૃગુબાળાબહેન :** બંને શિક્ષણજગતની બેવડી બહેનો હિન્દી અને ગુજરાતી ભાષાની નિષ્ણાત ભગિનીઓ અત્યંત પ્રેમાળ વાત્સલ્ય સભર હૃદયવાળી વિદુષીઓને મૂક નમન કરી લઉં.

**(૧૦) શ્રી પ્રભુદાસ સુથાર – મણિભાઈ સુથાર :** બંને ભાઈઓ પેન્ટ, આખીબાઈના ખાદીના બુશર્ટ સજ્જ સંસ્કૃત ભણાવતા, મને સંસ્કૃતમાં એ સમયે જરાપણ રસ નહોતો ત્યારે શ્રી પ્રભુદાસ સુથારનો પરીક્ષા સમયે માર ખાવો પડેલો અને માફીપત્ર લખી આપવું પડેલું . પછી આ વિષય સાથે M.A. કરી શિક્ષણક્ષેત્રે પદાર્પણ કરી અદના પ્રાધ્યાપક તરીકે વનિતા વિશ્રામ ખાડિયા – અમદાવાદની શાખામાંથી નિવૃત થઈ આજે પણ અધ્યાપન પ્રવૃતિમાં સંકળાઈ ભાવનિર્ઝર જેવી સંસ્થામાં સંસ્કૃત વિષયનું જ્ઞાન પીરસું છું અને તેનો અનહદ આનંદ અને ગર્વ છે.

**(૧૧) શ્રી જયંતિભાઈ સુથાર :** શાળાના જ વિદ્યાર્થી – શાળાના શિક્ષક – ગુજરાતી વિષયના સાહિત્ય અને વ્યાકરણનું અદ્‌ભુત જ્ઞાન પીરસનાર, ભાષાહિત વ્યક્તિ પણ અનોખી પેન્ટ-શર્ટ-ઉભું માથું ઓળેલા વાળ, સીંગલ હડ્ડી ધરાવતા જયંતિભાઈનો અસારવા વિદ્યાલય ખાતેનો સહવાસ અન્ય રહ્યો.

**(૧૨) શ્રી કાંતિભાઈ ત્રિવેદી :** ખાદીની ધોતી – ઝભ્ભો – ટોપીમાં સજ્જ, ગલેફામાં પાન દબાયેલા સમાજશાસ્ત્રમાં બેબીલોન, સ્પાર્ટા સંસ્કૃતિનું અધ્યાપન કરાવતાં ત્યારે સદેહે જહાજમાં બેસાડી મિસરની યાત્રા કરાવતાં તેમની વાતોનો અંત ક્યારેય આવતો જ નહીં.

**(૧૩) શ્રી બળદેવભાઈ પટેલ :** પેન્ટ - આખી બાંયનું શર્ટ ચશ્માધારી બળદેવભાઈ અમારું નાગરિક શાસ્ત્ર લેતા ત્યારે મૂળભૂત હક્કો – ફરજો પ્રત્યે જાગૃત કરી અમારા વ્યક્તિત્વને નીખારવા અત્યંત જહેમત ઉઠાવતા. પ્રત્યેક વિદ્યાર્થીના વ્યક્તિ પરથી ભાવિ કથન કરનાર પટેલ સાહેબે મારા વિશે જે ભવિષ્યકથન કરેલું તે ૧૦૦% સાચુ પડ્યું. તેમનો સદેવ ઋણી છું.

**(૧૪) શ્રી બંસીભાઈ શાહ - શ્રી ભાવસાર સાહેબ** ની જુગલબંધી ક્યારેય વિસરાય એમ નથી. એક ગણિત – વિજ્ઞાન ને બીજા અંગ્રેજી બંને ૪ ૧/૨ કે ૪ ૩/૪ ની ઊંચાઈ ધરાવનાર 'ણ' શ્રુતિના બદલે 'ન'ના પાણીના બદલે પાનીના ઉચ્ચારણે વિદ્યાર્થી આલમમાં ટીખળપાત્ર બનેલા, બીજા હેં...હેં...હેં... ના ઉચ્ચારથી ઉપહાસ પાત્ર બનેલા છતાં પોતાના વિષયનું નૈપુણ્ય અદ્ભુત હોવાથી વિદ્યાર્થી આલમના પ્રીતિપાત્ર બન્યા હતા. તેઓને માનસિક સ્મરી લઉંને પ્રાણ પાઠવી લઉં.

**(૧૫) શ્રી નારણભાઈ :** સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી આવતા હોવાથી ખાદીની ધોતી-ઝભ્ભો-ટોપી તેમના ગૌરવર્ણ પર વધારે જમાવટ કરતાં. ઓછામાં પૂરું કુમકુમ તિલકથી સાધુ જેમ દીપી ઉઠતા. વિજ્ઞાન વિષયના નિષ્ણાત સદ્ગુરુ તં નમામિ, સાથે સાથે ભમરડાની રમતમાં પણ અવ્વલ. બપોરે ૨.૦૦ ની રિસેસમાં હું, મદન અન્ય મિત્રો સહિત ભમરડાની રમતમાં ખોવાઈ જતાં. રિસેષ ક્યાં પૂરી થતી કાંઈ ખબર જ પડતી નહીં. તેમની ઉત્તરાવસ્થામાં તો સદ્ગુરુ બની રહેલાં એમને જય સ્વામીનારાયણ પાઠવું છું.

**(૧૬) શ્રી જે. સી. જીવાણી :** એન.સી.સી. ને સ્કાઉટ ગાઈડના પ્રણેતા વિદ્યાર્થીઓમાં શિસ્ત ભાવના પ્રેરતા આજે પણ સ્મૃતિપટ પર અંકાયેલ છે.

**(૧૭) શ્રી મણિભાઈ બેન્ડ માસ્ટર:** શનિવાર એટલે એમનો વાર. શાળા છૂટ્યા પછી સાઈડ્રમ, બ્યૂગલ, વાંસળીવાદન, ખંજરીના ધ્વનિથી શાળા ધમધમતી. ક્યારેક બેસૂર થતાં ડાંટ અને ચર્મપટની પ્રસાદી ખાવી પડતી છતાં હેતાળ મોં પર ક્યારેય અણગમો વર્તાય નહિ.

**(૧૮) શ્રી જયંતિભાઈ શાહ તેમજ દિલીપ પંડ્યાઃ** ઝભ્ભો-લેંઘો ચશ્મા ધારી જયંતિભાઈ સંગીતની સંગત કરાવતા ત્યારે ખોવાઈ જવાય, તેમના નસકોરાં તપખીરથી ભરેલાં રહેતાં તો દિલીપભાઈ સુરવાલ-ટેનીસ સજ્જ દિલીપકુમાર સ્ટાઈલના બાલ હરદમ ઢાળેલી આંખ અને 'તાશકે બાવન પત્તે' ગીત ધૂનમાં મસ્ત રહેતા કેમ વિસરાય.

**(૧૯) શ્રી હિંમતલાલ ખાટસુરિયા અને શ્રી રહેવર સાહેબઃ** બંને ચિત્ર શિક્ષક, સ્કેચબુકમાં ચિત્રો દોરાવે પણ મારું મન ચિત્રમાં ક્યારેય ગોઠ્યું ન્હોતું. છતાં એક વિષય તરીકે ભણવો પડે એટલે તાસ પૂરતા ચિત્રખંડમાં જતાં. બંને મસ્તક પર બરફધારણ કરી શિક્ષણ કાર્ય કરતાં.

**(૨૦) શ્રી ઝરીફખાન પઠાણઃ** કુદરતે પગે ખોડ આપી તે સેહતા વિજ્ઞાન વિષય ખૂબ કુનેહથી ભણાવતા, માંજરી આંખો છતાં સ્નેહાળ વિદ્યાર્થીપ્રિય પઠાણ સાહેબ ક્યારેય ભુલાયા નથી. તેમને સલામ અદા કરવાનું મન થાય.

(૨૧) મોર પીંછે રળિયામણો લાગે તેમ બીન શૈક્ષણિક કર્મચારી ગણથી બંને સંસ્થા ઓપતી. જેમાં મુખ્યત્વે શ્રી હિંમતભાઈ દવે - શ્રી હેમુભાઈ ઠક્કર - શ્રી પ્રિયવદન શાહ. એક ધોતી - ઝભ્ભાના લિબાસમાં કાર્યાલયની બહાર જ વલેજ દેખા દેનાર પણ હિસાબનીશ પાવરધા, પેગડામાં પગ ઘાલનાર કોઈ ન્હોતો, જ્યારે હેમુભાઈ એટલે બરફની પાટ પર વસનાર તદ્દન શાંત વ્યક્તિત્વ ધારી પેન્ટ-આખી બાંયનું શર્ટ – ગંભીર મુખમુદ્રા ખપ પૂરતું જ બોલવું, જયારે પ્રિયવદન ઘાંટા પાડી વિદ્યાર્થી આલમમાં અપ્રિયવદન થઈ ગયા. કોઈપણ વાતમાં પ્રારંભમાં સિંહ

ગર્જના પછી તદ્દન શિયાળ જેમ શાંત બની વ્યવહાર કરતાં સાચા અર્થમાં વણિકપ્રકૃતિ તેમને સહજ હતી. એસ.એસ.સી. બોર્ડના ફોર્મની એક ભૂલે મને સરકારી નોકરીમાંથી છ માસ વહેલો નિવૃત્ત કર્યો. સ્કૂલ લિવિંગની જ તારીખ અને બોર્ડના પ્રમાણપત્રની જન્મ તારીખનો ભોગ હું બન્યો. મારી તે સમયની વિનંતી ગ્રાસ રાખી નહીં છેવટે મેં. એલ.સી. બતાવ્યું, હા કરીશ કરે કાર્ય કર્યું નહીં. તેનો રંજ રહ્યો છતાં મિત્ર જેવા રહ્યાં.

(૨૨) **શ્રી શિવાજી – કાનજી** ચોથા વર્ગના કર્મચારી ગણને પણ સ્મરી લઉં. બંને ખાખી વર્દીમાં સજ્જ, ચુસ્ત સમયપાલનના આગ્રહી, બેલનો ઘંટારવ કરતા ત્યારે છેક ચમનપુરા ચાર રસ્તા સુધી સંભળાતો. તેમની ફરજમાં ક્યારેય ઉણા ઉતર્યાનું યાદ નથી. સમયસર તાસ તેમના ઘંટારવ થીજ બદલાતો, નોટિસ ફેરવવી, નાના મોટા સેવા કાર્યો કરવા સતત તત્પર. બંનેને હું ભૂલી શકતો નથી.

(૨૩) **શ્રી વિષ્ણુપ્રસાદ મોહનદાસ જોષી:** વિમોજોષી ગણિત-વિજ્ઞાનના પ્રાથમિક કક્ષાના શિક્ષક કાળાંતરે ભૂલાશે નહિ. અંકગણિતનો દાખલો બોર્ડ પર ગણતાં જવાબ ન આવે તો તેના ભોગ અમારે બનવું પડતું. મિત્રનું ફૂટ અને અમારો બરડો બે હાથે પકડી એવો ફટકારે કે સોળ ઉઠી જાય ઓછામાં પૂરું હવાદબાણ કરે છે પ્રયોગ કરતાં હવા શોષાયા પછી પણ બે વર્તુળ ભેગા ન થતાં છૂટી જાય પરિણામે અમારે મારસહન કરવો પડે. પરિણામ એ આવ્યું કે ૧૧-ખનો વર્ગ ગણિત વિષય છોડી દેનાર આર્ટ્સનો વર્ગ બની રહ્યો; મને આજીવન ગણિત પ્રત્યે અભાવ ઉભો થયો, વિષ્ણુપ્રસાદાય નમો નમઃ - કોને વિસ્મરું ને કોને સ્મરું અલ્પમતિ ચાલતી નથી.

(૨૪) **શ્રી જયંતિભાઈ મહેતા:** આ બધા શિક્ષકવૃંદમાં એક અવિસ્મરણીય ગુરુજન એટલે મુ.શ્રી. જયંતિભાઈ મહેતા. અંગ્રેજી શિક્ષક હોવા છતાં ભૂગોળને આત્મસાત કરેલી. ખાદી વસ્ત્રમાં સજ્જ સરસ્વતી વિદ્યાલયના આ શિક્ષકની પ્રતિભા જ નોખી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી જયંતિભાઈ ગજ્જર, શ્રી શિવપ્રસાદ વ્યાસ, શ્રી નટુભાઈ ગજ્જર મુખે સાંભળેલ કે તેઓ શ્રી બીજા સુભાષચંદ્ર બોઝ હતા. તેમનો બાહ્ય દેખાવ અદલ સુભાષબાબુને મળતો આવતો આથી તેમની ગિરફતારી પણ થયેલી એવું જાણમા છે. ક્યારેક બદનસીબી લખાયેલી હોય તો તેના ભોગ પણ બનવું પડે છે. છતાં તેમની શૈક્ષણિક કારકિર્દી જ્વલંત રહી. વિદ્યાર્થીપ્રિય, પરગજુવૃત્તિ, શિક્ષણ સાથેનો નાતો ચિરંજીવ રહેશે.

આ છે અમારા સરસ્વતી મંડળના ધ્રુવ તારકો જે ક્યારેય અસ્ત પામશે નહિ, સદૈવ ઝળહળતાં જ રહેશે.

## કોરી સ્લેટના મનડા...

**મિત્તલ પટેલ**

ગાંધીનગર.

**કોરી સ્લેટના મનડા, ભણવા તું ચલ**
**સાહિત્યના મેળાવડાને, માણવાં તું ચલ**
**રસવઈ-દીરઘઈમાં જ તારા જીવનનો સાર છે**
**શિક્ષણ થકી જ તો આખા દેશમાં ઉજવાસ છે**
**આ સંસ્કૃતિના વારસાને સાચવવા ચલ**
**બાળલગ્ન ને કુપોષણને નાથવાં તું ચલ**
**ડૉક્ટર, ઈજનેર સમ બનવાને હાક છે**
**કુરિવાજો, અંધકારને નાથવાને હાક છે**
**આગિયાને પેઠે ઝળહળવા તું ચલ**
**ભણીગણી ખૂદને પ્રસરાવવા તું ચલ**
**તારામાં જ કલામ ને ગાંધી સરદાર છે**
**જ્ઞાનદીપ પ્રગટાવવા નિશાળ તૈયાર છે**
**ભ્રષ્ટાચાર ગુનાખોરી નાથવા તું ચલ**
**ગરીબીની રેખાને ભુસવા તું ચલ**
**ઉજ્જવળ ભારત તારી આંખોમાં દર્શાય છે**
**ચલ શાળાએ ચલ તારું ભવિષ્ય કંડારાય છે.**

# કેળવણીમાં ભારતીયતાની શોધ

કોઈ પણ સમાજની બે રીતે ગતિ-પ્રગતિ થતી હોય છે – પોતાના વારસાને, પોતાના મૂળિયાને, એનાં ઉત્તમ તત્ત્વોને વર્તમાનના સંદર્ભમાં પુનઃ પુનઃ ચકાસતાં રહેવું. દરેક સંસ્કૃતિના પાયાનાં તત્ત્વો બે સ્વરૂપમાં હોય છે : (૧) તત્કાલીન તત્ત્વો (૨) ચિરકાલીન તત્ત્વો. તત્કાલીન તત્ત્વો જે તે સમાજની તત્કાલીન જરૂરિયાતમાંથી જન્મ્યાં હોય છે. એ સમયે એ ઉપયોગી કે મદદરૂપ થયાં હોય છે. અથવા એ વખતની મનોભૂમિકામાંથી એવાં તત્ત્વો જન્મ્યાં હોય છે. પરંતુ પછીના કાળમાં એવાં તત્ત્વો પ્રસ્તુત રહેતાં નથી. ત્યારે એને છોડી દેવાની તૈયારી અને ક્ષમતા હોવી જોઈએ. જે સમાજ અપ્રસ્તુતને છોડી શકે એ જ આગળ વધી શકે છે. ભારતમાં અસ્પૃશ્યતાનો ખ્યાલ આ પ્રકારનો છે. એ આજે અપ્રસ્તુત જ ગણાય.

(૨) ચિરકાલીન તત્ત્વો સ્થળ-કાળ બદલાતાં પણ ચિરંજીવ રહે છે. આવા તત્ત્વો જે સંસ્કૃતિ પાસે વધારેમાં વધારે હોય તે સદ્ભાગી ગણાય. પરંતુ માત્ર ભૂતકાળના ગૌરવથી જીવી શકાતું નથી. એવાં તત્ત્વોના સંવર્ધન માટે જાગૃત પ્રયત્નો કરવા પડે છે. માણસમાં શારીરિક લક્ષણો વારસામાં ઊતરે છે, પરંતુ સાંસ્કૃતિક તત્ત્વો / માનવીય તત્ત્વો આગલી પેઢીએ આવનારી પેઢીને જાગૃતિ અને કાળજીપૂર્વક આપવા જોઈએ. તો જ એ ટકે, વિકસે.

ભારતમાં લગભગ પાંચ હજાર વર્ષની દીર્ઘ સાંસ્કૃતિક પરંપરા છે. એમાં જે તત્ત્વો ચિરંજીવ ગણાયાં છે તેનો આવિષ્કાર ઋષિઓએ કર્યો છે. ઋષિઓએ અંતરની પ્રયોગશાળામાં પ્રયોગો કરીને તારવ્યું હતું કે સાચું જીવન કેવું હોય, એ માટેની કેળવણી કેવી હોય. આ ઋષિઓ રાજગુરુ નહોતા, રાજાઓના આશ્રિત નહોતા, પરંતુ સ્વાધીન બુદ્ધિ હતા, જીવનને અખંડપણે જોનારા હતા. રાજસત્તાના પલટા સાથે તેમનું ચિંતન જોડાયેલું નહોતું, એટલે તેઓ જીવનની મૂળભૂત બાબતો વિશે નિર્મળ-નિર્ભેળ ચિંતન કરી શકયા. એ ચિંતન સર્વકાલીન છે. એ કેવળ ભારત માટે જ નહીં, સમગ્ર માનવજાત માટે શ્રેયસ્કર છે.

વિનોબાજીએ કહ્યું છે તેમ ભારતીય સંસ્કૃતિની એક ગૌરવભરી વિશેષતા એ છે કે પંરપરાના ખ્યાલો કે એને પ્રગટ કરનારા શબ્દો ઉપર યુગાનુસાર નવી નવી કલમો ચડાવીને નવા અર્થોની પ્રાપ્તિ કરી છે. વેદ-ઉપનિષદ-ગીતના શબ્દો અને અર્થોને આવી ચિંતનની કલમો ચડાવનારા મહાવીર, બુદ્ધ, શંકરાચાર્ય વગેરે થયા તો આધુનિકકાળમાં શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર, ટિળક, ગાંધીજી અને જે. કૃષ્ણમૂર્તિ જેવી સમર્થ પ્રતિભાઓ ભારતને મળી. દા.ત યજ્ઞનો અર્થ અગ્નિમાં ઉત્તમ દ્રવ્યોનો હોમ કરવો એવો હતો. ગાંધીજીએ તેનું અર્થઘટન આપ્યું, 'સૃષ્ટિશરીરનો ઘસારો ભરપાઈ કરવા માટે મનુષ્ય જે પુરુષાર્થ કરે છે એ યજ્ઞ છે.' આ મૂળ ખ્યાલ ઉપર ચડેલી વિચારની નવી કલમ છે.

આ સંદર્ભમાં ભારતીય શિક્ષણને તપાસીએ તો તેની સમગ્ર રચનાને પાયામાં આઘાત લાગ્યો અંગ્રેજી શિક્ષણથી. તેનો પ્રેરક મેકોલે સાચો પડ્યો છે કે, 'આ શિક્ષણ લેનારા ભારતમાં રહેશે, પણ તેઓ ભારતના નહિ રહે.' આ સાચું પણ પડ્યું છે. અંગ્રેજી શિક્ષણ લીધા પછી પણ દેશને મહાન આગેવાનો મળ્યા, કારણ કે તેઓ અંગ્રેજી શિક્ષણમાં જ બંધાઈ ન રહ્યા. સ્વરાજ પછી કોઈ પણ ક્ષેત્રના સમૂળગા પરિવર્તન માટેની શકયતા હતી, પ્રજા એ માટે તૈયાર હતી. પરંતુ આપણે એવી દૃષ્ટિ અને સંકલ્પશકિત દાખવી ન શકયા. પરિણામે થોડા ઉપરના ફેરફારો સિવાય શિક્ષણનું માળખું લગભગ એનું એ રહ્યું. આ કરુણ ઈતિહાસ છે. પરંતુ આપણે નવાં પગલાં ભરી શકીએ, સાચી દિશા ગ્રહણ કરી શકીએ, દૃષ્ટિ સાફ કરી શકીએ. તો આજે શિક્ષણમાં જે ઉપરછલ્લાપણું છે, સ્વાર્થીપણું છે, હેતુહીનતા વર્તાય છે, નિરર્થકતાનો અનુભવ થાય છે તેના ઉપાયો મેળવી શકશું. ભારતીય સંદર્ભ જાળવીને પાયાનાં પરિવર્તનો કરી

શકાય તેનાં કેટલાક મુદ્દા અહીં રજૂ કર્યા છે.

(ક) શિક્ષણની સમગ્ર રચનાનો આધાર ગુરુ-શિષ્ય, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો નિર્વ્યાજ સ્નેહ સંબંધ છે. આવો સંબંધ જ મૂલ્યોનો વિકાસ કરે છે, માણસાઈ તરફ પ્રેરિત કરી શકે છે. પ્રાચીન ગુરુકુળો એના દૃષ્ટાંતરૂપ હતાં. આ સંબંધ આજે બજારનો સંબંધ બની ગયો છે. એટલે ઊંચી ડિગ્રી અને ઊંચી ટકાવારી મેળવનારા વિદ્યાર્થીઓ પણ આપરખા બને છે અને સમાજને નિરાંતજીવે આઘાત આપનારા બને છે. આના ઉપાય તરીકે ત્રણ પગલાં ભરી શકાય : (૧) શિક્ષક તાલીમ નવેસરથી વિચારાય. અધ્યાપનની પદ્ધતિઓ શીખવવાં જેટલો જ ભાર શિક્ષકની નિષ્ઠાના વિકાસ ઉપર આપવો જોઈએ. (૨) જયાં સંબંધ દ્વારા અસરકારકતા ઊભી કરવાની હોય ત્યાં એકમ નાનું હોવું જોઈએ. ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ૨૦ વિદ્યાર્થીએ એક શિક્ષકનું પ્રમાણ જળવાવું જોઈએ. કોઈ કહી શકે કે આ ખર્ચાળ છે. દેશને કેમ પોસાય ? પરંતુ જે રાષ્ટ્ર પોતાની ઉછરતી પેઢીના શિક્ષણ માટે વધારે ખર્ચ કરે છે તે પોતાનું નાણું સલામત જગ્યાએ રોકે છે અને ઊંચું વળતર મેળવે છે. રાષ્ટ્રને એનાં પુલો, શસ્ત્રો કે મોટાં ભવનો ઉગારી શકતાં નથી, જવાબદાર, સમર્પિત, જાગૃત નાગરિકો જ રાષ્ટ્રનો ખરો આધાર બને છે. આજે હૃદયહીન ભણેલાઓ પેદા કરીને આપણે ગંભીર સમસ્યાઓ સર્જી રહ્યા છીએ.(૩) વિદ્યાર્થીઓ આત્મનિરીક્ષણ કરતા થાય, પોતાને સમજતા થાય, પોતાના કર્તવ્યને સમજતા થાય એવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને શિક્ષણમાં અનિવાર્ય સ્થાન આપવું જોઈએ. ગુરુકુળમાં એવો પ્રબંધ હતો. આપણે એ સ્વરૂપ ફરી, નવા સંદર્ભો સાથે, વિકસાવવું પડશે.

(ખ) આપણો રાષ્ટ્રીય રોગ છે શ્રમનું અગૌરવ. પ્રાચીન ગુરુકુળોમાં શ્રમનું ગૌરવ હતું. વિદ્યાર્થીઓ (રાય-રંક તમામ) ગુરુકુળના નાનાં-મોટાં તમામ કાર્યો કરતા હતા. સાંદિપની ઋષિના આશ્રમમાં શ્રી કૃષ્ણ, બલરામ અને સુદામા લાકડાં કાપવા ગયા હતા તેને પ્રેમાનંદે હૃદયસ્પર્શી રીતે વર્ણવ્યું છે. યુરોપ-અમેરિકામાં શ્રમનું ગૌરવ છે. એથી ત્યાં શ્રમિક હલકો, ઓછું વળતર મેળવનારો કે અપ્રતિષ્ઠિત નથી. આપણે ત્યાં દીર્ઘકાળની રાજાશાહીને કારણે શ્રમિકો હલકો અને બીચારો ગણાય છે એટલે બેઠાડું સરકારી નોકરી જ સૌ ઈચ્છે છે. એથી પટાવાળા કે તલાટીની ૫૦ જગ્યા માટે પચાસ હજાર કે લાખ અરજી આવે છે. એવા અરજી કરનારાં બી.એ., બી.કોમ., એમ.એ થયેલા હોય છે.

શ્રમના ગૌરવ વિના કોઈ રાષ્ટ્ર ન ટકી શકે, ન વિકસી શકે. પરંતુ આપણે એ ભૂલ્યા. આપણે ત્યાં વર્ણો કર્મપ્રધાન હતા તેમાંથી જન્મપ્રધાન થયા ને સામાજિક દુષ્પરિણામો જન્મ્યાં તેમાં આ મનોવૃત્તિ કારણભૂત છે. વિદ્યાર્થી ભવિષ્યમાં કોઈ પણ ક્ષેત્રમાં કામગીરી કરે, પરંતુ શ્રમને કારણે તેનું કાર્યકૌશલ વિકસે છે, ઈંદ્રિયોની કેળવણી થાય છે, તેની સૂક્ષ્મતા વધે છે. ખાસ તો કાર્ય કરવાને પરિણામે આત્મવિશ્વાસની કેળવણી અને વિકાસ થાય છે. આજે મોટાભાગના વિદ્યાર્થીઓ રેતીનાં ઘર જેવાં હોય છે. નાનાં સરખા આઘાત કે પ્રતિકૂળતાથી તૂટી જાય છે. એટલે શિક્ષણમાં ઘડતરકાળમાં શ્રમનો સંસ્કાર અને શ્રમનું ગૌરવ પેદા થાય એવી રચના કરવી જરૂરી છે. એક રાષ્ટ્ર તરીકે આપણે ભણેલા અને શ્રમિકના ભેદને કારણે ભીતરથી તૂટી જશું. એની સમસ્યાઓ ઘણી વિષમ હશે. એને પારખીને સવેળા ઉપાયો કરવાની જરૂર છે.

(ગ) આપણા આજના શિક્ષણને પરિણામે મૌલિક વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ, આયોજકો, સંશોધકો કે વિચારકો કેમ પેદા થતા નથી ? કારણ કે આપણે બધો ભાર સ્મૃતિવિકાસ ઉપર જ આપ્યો છે. બૌદ્ધિકતાનો વિકાસ એટલે અવલોકનશકિત, તર્કશકિત, બે અસમાન બાબતો કે વસ્તુઓ વચ્ચેની સમાનતા શોધવી, પ્રત્યક્ષને જોઈને પરોક્ષની કલ્પના કરવી, અંશને જોઈને સમગ્રને સમજવું, અનુભવના પ્રકાશમાં હકીકતને સમજાવી - આ સઘળાંનો

વિકાસ. એ માટે મૌલિકતા અને સર્જનાત્મકતા વિકસવી જોઈએ. પ્રાચીન ભારતમાં જીવનનાં લગભગ તમામ ક્ષેત્રોમાં મૌલિક ચિંતન કરનારા, શોધ કરનારા મનિષીઓ પાકયા હતા, કારણ કે તેમને શિક્ષણ એવું મેળવ્યું હતું. આજે શિક્ષણ વિદ્યાર્થીને યાદ રાખવાની ટેકનિક્સ શીખવાડે છે. પણ વિચારવાનું, તપાસવાનું, પ્રયોગ કરવાનું શીખવતું નથી. આનો ઉપાય છે : (૧)કરવા દ્વારા શીખવું. માત્ર લખવું-વાંચવું પર્યાપ્ત નથી. વિદ્યાર્થી કરીને, કરતાં-કરતાં શીખે એવા એકમ આયોજિત રીતે અભ્યાસક્રમમાં મૂકવા જોઈએ. આજે તો પ્રયોગો (પ્રેકિટકલ્સ) પણ જોવાના હોય છે, કરવાના નથી હોતા. (૨) વિદ્યાર્થીને તેમની કક્ષાએ જીવનના અનુભવ આપવા. વિદ્યાર્થી જાગૃતિપૂર્વક – આયોજિત રીતે અનુભવ લે છે ત્યારે અનેક દિશાએથી વિકસે છે. દા.ત. ગરીબી વિશે વર્ગમાં માત્ર સાંભળે નહીં, ગરીબોની વચ્ચે જઈને એ જીવનનો અનુભવ જાણે- પારખે. (૩) સર્જનાત્મકતાના વિકાસ માટે પહેલા ધોરણથી અનુસ્નાતક સુધીના અભ્યાસમાં વિદ્યાર્થી પ્રશ્ન પૂછતો થાય તેને પ્રોત્સાહન આપવું જોઈએ. એ માટે શિક્ષણપદ્ધતિ ધરમૂળથી બદલવી. પ્રાચીન કાળમાં 'પરિપ્રશ્ન' ઉપર ખૂબ જ ભાર મુકાતો. ગુરુઓ પ્રશ્નો દ્વારા જ ઘણું બધું શીખવતા.(૪) રમત, યોગ, પ્રાર્થના, સાંસ્કૃતિક કાર્યક્રમ, સંગીત, સાહસકાર્યો અભ્યાસના અનિવાર્ય ભાગ બનવા જોઈએ. આ સઘળાં મનુષ્યના વ્યકિતત્વને ઘાટ આપવામાં, અનેક ગુણોના વિકાસમાં ફાળો આપે છે.

(ઘ) અનુબંધિત શિક્ષણ જ સાચું શિક્ષણ છે. પ્રાચીનકાળના મહાન ગુરુઓ વડના એક નાના બીજમાં વિશાળ વડની શકયતા બતાવતા. જાત, જગત અને સમાજના આંતર સંબંધને સમજાવતા. એનાં લક્ષણોને ઓળખવા પ્રેરતા. એમાંથી વિદ્યાર્થી જીવનનું સમગ્રદર્શન પામતો. આજે વિદ્યાર્થી એકાંગી બને છે. તજજ્ઞ બને તો પણ એકમાર્ગી હોય છે, જીવનના વૈવિધ્ય તરફ એનું ધ્યાન જતું નથી એટલે દર્શનમાં અને કાર્યમાં ઘણી મર્યાદા સર્જાય છે. સ્વચ્છતા અભિયાનમાં સંડાસ તો બંધાય છે, પણ એની સફાઈ માટે પાંચ લિટર પાણીની વ્યવસ્થા દરેક જગ્યાએ નથી હોતી તેનો વિચાર નથી થતો. સમગ્રદર્શન હોય તો ઓછા પાણીએ સંડાસ સફાઈ કેમ થાય અને દુર્ગંધ ન રહે તેનું સંશોધન કરવાનું મન થાય.


અનુબંધ એટલે મનુષ્ય, સમાજ અને પ્રકૃતિની એકતા સ્વીકારવી. આ ત્રણેમાંથી કોઈ પણ એકને આઘાત પહોંચે તો બાકીના બેને પણ આઘાત પહોંચે છે એ સમજનો વિકાસ. આ ત્રણે સાથે સંબંધિત બાબતોના સુધાર કે બગાડમાં મારાં કર્મોનો પણ ફાળો છે એનો સ્વીકાર કરતાં શીખવું. એટલે કે આ ત્રણે પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સ્વીકારવું. તમામ વિષયો આ નજરથી શીખવવા, તમામ પ્રવૃતિઓ આ રીતે કરવી, જેમાંથી વિદ્યાર્થીમાં ઉત્તરદાયિત્વની ભાવના વિકસે. આજે આવી ભાવનાના વિકાસને બદલે માત્ર હકીકતો શીખવાય છે. એમની વચ્ચેના આંતરસંબંધનો અનુબંધ થતો નથી. એટલે વિદ્યાર્થી આ આમ છે, કે આ આમ કામ કરે છે એટલું જ શીખે છે, પરંતુ આમ કેમ છે, કે આનું પરિણામ શું એનો વિચાર કરતો થયો નથી. પરિણામે વિદ્યાર્થી પછીથી બજારરૂપી યંત્રનો એક નાનો અવશ ભાગ બની જાય છે. એટલે પૈસો કમાવવા માટે ગમે તેટલું ખોટું કરી શકાય છે, પ્રકૃતિનાં તત્ત્વોને આઘાત પહોંચાડી શકાય છે, (ભલે પછી ગ્રીનહાઉસ ઈફેકટ સહન કરવાની આપે), સમાજસ્વાસ્થ્ય માટેના નિયમો ટાઢે કોઢે તોડી શકાય છે. એમાં ભૂલી જવાય છે કે આની કિંમત પછીથી દરેક વ્યકિતએ ચૂકવવી પડે છે, આખા રાષ્ટ્રે ચૂકવવી પડે છે. દૃષ્ટાંતની ભાષામાં કહી શકાય કે આવી વ્યકિતઓ પોતાના સો રૂપિયાના લાભ માટે સમાજ કે પ્રકૃતિનું લાખ રૂપિયાનું નુકસાન કરતાં ખચકાટ અનુભવતી નથી. કારણ કે આપણે શિક્ષણમાં ચારિત્ર ઘડતરની ઉપેક્ષા કરી છે, ખાસ ખરીને છેલ્લા ૨૫ વર્ષથી વ્યકિતના ચારિત્રની મૂલવણી સમાજ અને સૃષ્ટિ સાથેના તેના સંબંધના સંદર્ભમાં જ હોઈ શકે. જે વ્યકિત સમાજ અને સૃષ્ટિને ઘસારો ન પહોંચાડે કે નાછૂટકે ઓછામાં ઓછો

ઘસારો પહોંચાડે તે જ ચારિત્રવાન મનુષ્ય ગણાય. શિક્ષણે આવાં વલણો અને મનોભૂમિકાનું નિર્માણ કરવાનું છે.

ઉપનિષદો, ગીતા કે આપણાં અન્ય દર્શનશાસ્ત્રોએ સાચા જીવનનો નકશો દર્શાવ્યો છે. શિક્ષણરચના એવી હોવી જોઈએ કે જેમાં સાચા જીવન તરફની ગતિ વધે. કેવળ અંગ્રેજી શિક્ષણને દોષ દઈને બેસી નહિ રહેવાય. આપણે સંકલ્પપૂર્વક, સૂઝપૂર્વક અને વ્યાપક દર્શનથી ભારતીય કેળવણીની આવતીકાલને કંડારવી પડશે. ભારતે આ અર્થમાં ગુરુ બનવાનું છે. આર્થિક વિકાસ, ભૌતિક વિકાસ કે બજારનો વિકાસ પૂરતો નથી, અધૂરો છે. માનવીય વિકાસ થાય તો જ આ સઘળું મીંડારૂપ બનીને તેની કિંમત વધારી શકે. એવું કરીએ એ સાચી ભારતીય કેળવણી હશે.

**કેળવણી વિમર્શમાંથી સાભાર...**

# પ્રતિભાવ



પૂ.શ્રીમતી જશીબહેન નાયક,
વડીલ તંત્રીશ્રી
ઘરશાળા, અમદાવાદ.
જૂની યાદ :

આજથી ૨૦ વર્ષ પહેલાં તમે અને ડૉ. રઘુભાઈ નાયકે પત્રરૂપે લખાયેલા મારા બે લેખોને (૧) ''વિશ્વમાં ભારતીયો અને ભારતમાં આપણે'' તથા (૨) ''ગુજરાતી ભાષા : શુદ્ધિ - અશુદ્ધિ''ને ''ઘરશાળા''માં છાપીને (બીજરૂપે વાવીને) તેમજ અવાર-નવાર મારા લેખો અને કાવ્યોને 'ઘરશાળા'માં સ્થાન આપીને મને પ્રોત્સાહિત કર્યો હતો અને વધુને વધુ લખવા તરફ પ્રેર્યો હતો. ત્યારબાદ ભાઈશ્રી વિઠ્ઠલભાઈ ઓઝાએ અને તેમના પછી ભાઈશ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ પણ સાથ, સહકાર અને પ્રોત્સાહન આપીને મને આભારી કર્યો હતો, તે વાતને યાદ કરતાં હર્ષની લાગણી અનુભવું છું. તે જાણશો.

બીજા શબ્દોમાં કહીએ તો ૯૬ વર્ષની ઉંમરે પણ મારા આનંદ અને ઉત્સાહનું મૂળ ડૉ. રઘુભાઈ તેમજ જશીબહેન અને ઘરશાળા છે. એવું કહું તો અસ્થાને નહિ ગણાય.

છેલ્લાં બે-ત્રણ વરસ બાદ કરતાં જ્યારે જ્યારે હું અમદાવાદ આવતો હતો ત્યારે ત્યારે તમને મળવા તમારા ''મૈત્રી'' બંગલે આવતો હતો. છેલ્લો આવ્યો ત્યારે તમે વડોદરા ગયા હતા તેથી મળી શકાયું ન હતું. પરંતુ તમારી જન્મ શતાબ્દીના સમાચાર ભાઈશ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, ભાઈશ્રી દીનકરભાઈ શાહ પાસેથી જાણવા મળ્યા હતા.

પરમકૃપાળુ પરમાત્મા તમને, તમારા કુટુંબને સુખદાયી રાખે અને સરસ્વતી વિદ્યામંડળ તેમજ ઘરશાળા વર્ષો વર્ષ ઉન્નતિને પામે અને તમારા સર્વની સર્વ કામનાઓ પૂર્ણ થાય, એવી શુભેચ્છા સાથે શતાબ્દી વંદના સહિત વિરમું છું. અસ્તુ. ઈશ્વરકૃપાએ મારું શરીર સારું છે. અને વડીલોના આશીર્વાદથી ૨૦૧૯ના જાન્યુઆરીમાં અવાશે તો જરૂર મળીશું.

**ધીરુભાઈ શાહ**

સુગરલેન્ડ, ટેકસાસ, અમેરિકા.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● CBSE, IB સહિતની તમામ શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવવી ફરજિયાત :** આગામી નવા શૈક્ષણિક સત્ર જૂન-૨૦૧૮થી ગુજરાત બૉર્ડ, CBSE, ICSE, IB, CISCE, IGCSE સહિતની તમામ બૉર્ડોની શાળાઓમાં ગુજરાતી વિષયને ફરજિયાત ભણાવાશે. ગુજરાત સરકાર દ્વારા તમામ બૉર્ડની શાળાઓમાં ગુજરાતી વિષયને ફરજિયાત કરવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે.

આ અંગે ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાના માધ્યમની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા અને સંસ્કૃતિથી પરિચિત થાય તેવા હેતુથી સરકાર માન્ય અન્ય બૉર્ડ - માધ્યમની શાળાઓમાં પણ ગુજરાતી વિષય શીખવવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

**● પ્રાથમિક શિક્ષકો માટેની ટેટ-૧નું પરિણામ માત્ર ૮.૩૬ ટકા :** રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા તા. ૪-૩-૨૦૧૮ના રોજ લેવાયેલી ધો.૧થી ૫ના પ્રાથમિક શિક્ષકો માટેની ટેટ-૧નું પરિણામ ૮.૩૬ ટકા રહ્યું છે. ગુજરાતી માધ્યમમાં ૬૨૬૭ ઉમેદવાર પાસ થતાં ૮.૩૮ ટકા અંગ્રેજી માધ્યમમાં ૪૦ પાસ થતા ૫.૮૯ ટકા અને હિન્દી માધ્યમમાં ૩૪ પાસ થતા ૯.૨૯ ટકા પરિણામ રહ્યું છે. તમામ માધ્યમમાં મળીને ૯૨૨૮૬ રજિસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓમાંથી ૭૫૮૩૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૬૩૪૧ ઉમેદવારો જ પાસ થયા છે.

**● આદિજાતિ બાળાઓના વાલીઓને મફત અનાજઅન્ન ત્રિવેણી યોજના :** ધોરણ આઠ સુધીની આદિજાતિની બાળાઓની શાળામાં હાજરીમાં વધારો કરવા અને શાળા છોડી જતી આદિજાતિ બાળકીઓની સંખ્યામાં ઘટાડો કરવા માટે આદિજાતિ વિસ્તારોમાં આ બાળાઓના વાલીઓને અન્નત્રિવેણી યોજના અંતર્ગત અનાજ પૂરું પાડવામાં આવે છે. આ બાબતે આ વર્ષે બજેટમાં ૬૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે દ્વારા અંદાજે કુલ ૫.૧૫ લાખ વિદ્યાર્થિનીઓને લાભ મળશે.

**● બાલસખા યોજના, ખિલખિલાટ સેવા માટે ૬૭ કરોડ** ઓછા વજન સાથે જન્મેલા બાળકો માટેની બાલસખા યોજનાનો વ્યાપ વધારી સમગ્ર રાજ્યમાં તેનો અમલ કરવા માટે ૫૯ કરોડ ખર્ચવામાં આવશે. જ્યારે ખિલખિલાટ સેવા દ્વારા નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવા ૨૦૦ વાહનોની ખરીદી પેટે આ વર્ષના બજેટમાં આઠ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**● ડિપ્લોમાં એન્જિનિયરિંગના નવા સત્રથી સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા નિર્ણય :** ધોરણ ૧૦ પછી ડિપ્લોમાં ઈજનેરીમાં જવા માંગતા વિદ્યાર્થીઓને મોટી રાહત મળનાર છે. કારણ કે જીટીયુ-એ તેની એકેડેમિક કાઉન્સીલની બેઠકમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી પ્રથમ વર્ષમાં સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા માટે સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

સેમેસ્ટર સિસ્ટમના કારણે અનેક વિદ્યાર્થીઓ નાપાસ થાય છે અને ભણવાનું છોડી દે છે. આમ ન થાય તે માટે વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**● ધો. ૧૨ સાયન્સનું ૭૨.૯૯ ટકા પરિણામ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગયા માર્ચમાં લેવાયેલી ધો.૧૨ સાયન્સની પરીક્ષાનું પરિણામ ૭૨.૯૯ ટકા આવ્યું છે. ગત વર્ષે ૮૧.૮૯ ટકા પરિણામ રહ્યુ હોય આ વર્ષે ૮.૯ ટકાનો મોટો ઘટાડો સાયન્સના પરિણામમાં નોંધાયો છે.

આ વર્ષે માત્ર ૧૩૬ વિદ્યાર્થીઓ જ એ૧ ગ્રેડમાં છે. જિલ્લાવાર પરિણામમાં ૮૫.૦૩ ટકા સાથે રાજકોટ પરિણામમાં સૌથી આગળ રહ્યો છે અને ૩૫.૬૪ ટકા સાથે છોટા ઉદેપુર પરિણામમાં સૌથી નીચે છે.

ધો.૧૨ સાયન્સનું વિગતવાર પરિણામ.

| વિગત | નોંધાયેલા વિદ્યાર્થી | ઉપસ્થિત વિદ્યાર્થી | પાસ થયેલા વિદ્યાર્થી | ટકા |
|---|---|---|---|---|
| વિદ્યાર્થી | ૮૪૧૩૦ | ૮૪૦૭૬ | ૬૦૪૦૪ | ૭૧.૮૪ |
| વિદ્યાર્થિની | ૫૦૩૦૯ | ૫૦૨૭૬ | ૩૭૬૬૩ | ૭૪.૯૧ |
| કુલ | ૧૩૪૪૩૯ | ૧૩૪૩૫૨ | ૯૮૦૬૭ | ૭૨.૯૯ |
| ગ્રૂપ-એ | ૫૭૬૬૦ | ૫૭૬૩૬ | ૪૪૫૪૫ | ૭૭.૨૯ |
| ગ્રૂપ-બી | ૭૬૭૬૧ | ૭૬૬૯૮ | ૫૩૫૧૧ | ૬૯.૭૭ |
| ગ્રૂપ-એબી | ૧૮ | ૧૮ | ૧૧ | ૬૧.૧૧ |
| કુલ | ૧૩૪૪૩૯ | ૧૩૪૩૫૨ | ૯૮૬૦૭ | ૭૨.૯૯ |

આ વર્ષે વિદ્યાર્થિનીઓનું ૭૪.૯૧ ટકા અને વિદ્યાર્થીઓનું ૭૧.૮૪ ટકા પરિણામ રહ્યું છે. સુરત એ૧ ગ્રેડમાં પ્રથમ રહ્યું છે. અમદાવાદ શહેરનું ૧૦.૭૪ ટકા પરિણામ ઘટ્યું છે.

● **ગુજકેટના પરિણામમાં ૯૯થી વધુ પર્સેન્ટાઈલમાં ૧૩૪૦ વિદ્યાર્થી :** ધો.૧૨ સાયન્સની પરીક્ષાના પરિણામની સાથે ગુજકેટનું પરિણામ જાહેર થયું છે. આ વર્ષે એ ગ્રૂપમાં ૬૧૬૪૫ વિદ્યાર્થીએ ગુજકેટ આપી હતી અને બી ગ્રૂપમાં ૭૨૯૫૫ વિદ્યાર્થીઓએ અને એબી ગ્રૂપમાં ૩૦૦ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. એ ગ્રૂપમાં ૫૧૫૦૧ છોકરાઓ અને ૧૦૧૪૪ છોકરીઓ જ્યારે બી ગ્રૂપમાં ૩૪૬૯૦ છાકરાઓ અને ૩૮૨૬૫ છાકરીઓએ ગુજકેટ આપી છે. આમ કુલ મળીને ૧૩૯૦૦ વિદ્યાર્થીએ ગુજકેટ આપી છે. જેમાંથી ૯૯થી વધુ પર્સેન્ટાઈલમાં આ વર્ષે ૧૩૪૦ વિદ્યાર્થીઓ છે. જેમાં એ ગ્રૂપમાં ૬૧૩ તથા બી ગૃપમાં ૭૨૭ વિદ્યાર્થી છે.

| પર્સેન્ટાઈલ | એ ગ્રૂપ | બી ગ્રૂપ |
|---|---|---|
| ૯૯ થી વધુ | ૬૧૩ | ૭૨૭ |
| ૯૮ થી વધુ | ૧૨૪૮ | ૧૪૭૦ |
| ૯૬ થી વધુ | ૨૪૮૮ | ૨૯૨૨ |
| ૯૨ થી વધુ | ૪૯૯૦ | ૫૯૩૭ |
| ૯૦ થી વધુ | ૬૨૩૪ | ૭૩૩૧ |
| ૮૫ થી વધુ | ૯૩૦૫ | ૧૧૦૩૯ |
| ૮૦ થી વધુ | ૧૨૩૯૨ | ૧૪૬૪૭ |
| ૭૫ થી વધુ | ૧૫૫૩૭ | ૧૮૪૨૩ |
| ૭૦ થી વધુ | ૧૮૬૯૧ | ૨૨૨૧૦ |
| ૬૫ થી વધુ | ૨૧૬૭૬ | ૨૫૬૭૩ |
| ૫૦ થી વધુ | ૩૧૧૯૫ | ૩૬૭૬૯ |
| ૪૦ થી વધુ | ૩૭૧૯૫ | ૪૪૨૧૨ |
| ૩૦ થી વધુ | ૪૩૪૯૦ | ૫૨૩૮૧ |
| ૨૦ થી વધુ | ૪૯૬૮૬ | ૫૮૯૫૨ |
| ૦૦ થી વધુ | ૬૧૯૪૫ | ૭૩૨૫૫ |

● **શાળાઓ દ્વારા થતી ઈત્તર પ્રવૃત્તિઓની ફી માટે ચોક્કસ ફોર્મ્યુલા નક્કી કરવા આદેશ :** ફી નિર્ધારણ કાયદાને લઈને સુપ્રીમ કોર્ટે સરકારને સંચાલકો સાથે ચર્ચા-વિચારણા કરીને જુદી જુદી પ્રવૃતિઓ માટે લેવાતી ફી અને અન્ય ખર્ચા માટેની એક ચોક્કસ ફિક્સેશન ફોર્મ્યુલા એટલે કે નિર્ધારણ પદ્ધતિ નક્કી કરવા સરકારને આદેશ કર્યો છે. આ ઉપરાંત સ્કૂલોને પણ કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે અને કેટલી કેટલી ફી હોય છે તથા કેટલી ફી લઈ શકાય તે સહિતના મુદ્દાઓને લઈને પોતાની એક ચોક્કસ ફોર્મ્યુલા નક્કી કરવા સુપ્રીમે કહ્યું છે. આ ઉપરાંત સુપ્રીમ દ્વારા એમ પણ કહેવામાં આવ્યું છે કે સરકારની કમિટી શાળાઓને કોઈપણ વધારાની પ્રવૃત્તિઓ કરવા માટે રોકી શકશે નહિ.

● **ફિઝિયોથેરાપી કોર્સમાં યોગ શીખેલા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા અપાશે :** ધો.૧૨ સાયન્સ પછીના પેરામેડિકલ અભ્યાસક્રમ બેચલર ઑફ ફિઝિયોથેરાપીમાં હવે યોગ શીખેલા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા અપાશે. યુ.જી.સીએ તમામ યુનિવર્સિટીઓને પરિપત્ર કરીને ફિઝિયોથેરાપીના

કોર્સમાં ડિપ્લોમાં ઈન યોગા પાસ કરેલા ઉમેદવારોને પ્રથમ પ્રવેશ અપાય તેવી ભલામણ કરી છે.

**● અન્ય બોર્ડની શાળાઓમાં સરકાર અલગથી ગુજરાતી પુસ્તક આપશે :** ગુજરાત સરકારે આગામી શૈક્ષણિક વર્ષથી રાજ્યની તમામ શાળાઓમાં ગુજરાતી વિષય અને ગુજરાતી ભાષા ભણાવવાનું ફરજિયાત કર્યું છે, ત્યારે સીબીએસઈ અને અન્ય બોર્ડની શાળાઓમાં કે અંગ્રેજી માધ્યમમાં ભણાવવામાં આવી રહ્યું છે ત્યાં ગુજરાત સરકારના પાઠ્ય-પુસ્તક મંડળ દ્વારા અલગથી ગુજરાતી પુસ્તક આપવામાં આવશે. આ માટે પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા અલગથી ગુજરાતી ભાષાના સામાન્ય જ્ઞાન સાથેનું પુસ્તક તૈયાર કરાયું છે અને જેમાં પ્રથમ સત્રમાં શિક્ષકોએ અભ્યાસ કરીને બીજા સત્રથી વિધિવત્ રીતે વિદ્યાર્થીઓને ભણાવવાનું રહેશે.

**● દેશની ચૂંટણી પ્રણાલી – રાજકારણ વિશે ઉચ્ચ શિક્ષણમાં કોર્સ દાખલ કરવો જોઈએ :** ગુજરાત યુનિવર્સિટી દ્વારા બાબા સાહેબ આંબેડકર ચેરના ઉપક્રમે – વન નેશન વન ઈલેક્શન – મુદ્દે નેશનલ સેમિનાર યોજાયો હતો. સેમિનારના અંતે વક્તાઓ દ્વારા રજૂ કરાયેલા નિષ્કર્ષ મુજબ દેશમાં વિધાનસભા અને લોકસભાની એક જ ચૂંટણી જરૂરી છે અને તે માટે દેશના યુવાનોને જાગૃત કરવા પડશે. આ માટે ઉચ્ચ શિક્ષણમાં કોર્સ દાખલ કરવો જોઈએ તેવો મત રજૂ થયો હતો.

**● શાળાઓમાં આચાર્યની ૨૧૦૦ જગ્યા માટે ૫૦૦૦થી વધારે અરજી :** ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલ આચાર્યની જગ્યા માટે સરકારે ભરતીની પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં ૨૧૦૦થી વધુ જગ્યા માટે ૫૦૦૦થી વધુ અરજીઓ આવી છે. હવે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આમાં આંબેડકર યુનિવર્સિટીમાંથી એમ.એ. ભણેલા ઉમેદવારોના ગુણ ૮૦૦માંથી ગણવા માટેનો પણ પરિપત્ર કરાયો છે આ પ્રક્રિયામાં ટાટની લાયકત તેમજ અન્ય લાયકાતને આધારે આચાર્યની જગ્યા માટે પસંદગી કરાશે.

**● સિતાંશુ યશચંદ્રની કાવ્યકૃતિ "વખાર"ને સરસ્વતી સન્માન :** ગુજરાતી ભાષાના ખ્યાતનામ સર્જક એવા સિતાંશુ યશચંદ્રને ૨૦૧૭ની તેમની કાવ્યકૃતિ "વખાર" માટે ગુજરાતી ભાષાનું સૌથી મોટું 'સરસ્વતી સન્માન' આપવાની જાહેરાત કરાઈ છે. આ સન્માનમાં ૧૫ લાખ રૂપિયા, પ્રશિસ્ત પત્ર અને પ્રતીક ચિહ્ન પણ આપવામાં આવશે. કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા આ સન્માન અપાય છે.

**ટૂંકાવીને**

- પી.જી. મેડિકલ પ્રવેશ માટે નીટના કટ ઑફ પર્સેન્ટાઈલમાં ૧૫ પર્સેન્ટાઈલનો ઘટાડો.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ વધુ ૪૦૦૦ શાળાઓમાં શરૂ કરાશે.
- મેડિકલ અભ્યાસ માટે વિદેશ ગયેલા વિદ્યાર્થીઓને આ વર્ષે નીટમાંથી મુક્તિ મળી શકે.
- નીતિ આયોગની સહાયથી ગુજરાત યુનિવર્સિટીમાં ઈન્ક્યુબેશન સેન્ટર શરૂ કરાશે.
- ગુજરાત નેટ-સ્લેટ પાસ ઉમેદવારો ન મળતાં યુનિવર્સિટીઓને નેટ-સ્લેપ કોર્સ આધારિત વિષયો ભણાવવા સરકારનો આદેશ.
- અમદાવાદ મ્યુનિસિપલની શાળાઓમાં ૩૭૧ શાળાના ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષા આપશે.
- સૌ પ્રથમવાર ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ એસ.એમ.એસ.થી વાલીઓને અપાશે.
- ધો. ૧૨ના સાયન્સના મુખ્ય વિષયોની આન્સર-કી જાહેર કરવામાં આવી. ત્રણ માર્ક્સનું ગ્રેસિંગ.
- આ વર્ષે જીટીયુ તમામ ટેકનિકલ કૉલેજમાં ઈન્સપેકશન કરશે.
- રાજ્યની વિવિધ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કૉલેજોમાં વહીવટી સ્ટાફની ૬૦૦ જેટલી જગ્યાઓ ખાલી.
- અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે મળી યુનિવર્સિટી હેરિટેજ સિટીને લગતા નવ ડિપ્લોમાં સર્ટિફિકેટ કોર્સ શરૂ કરશે.
- હાયર પેમેન્ટ કોર્સની ફીમાં ઘટાડો કરવાનો યુનિવર્સિટીનો નિર્ણય.

## પરદેશનો મોહ : ઝાંઝવાનું જળ

જીવનમાં પહેલાં ક્રમે કોણ આવે સંબંધ કે સંપત્તિ ? આ વિકટ પ્રશ્નનો ઉત્તર આપવાનું સરળ નથી. પરંતુ ક્યારેક તો આ સવાલનો જવાબ આપવો પડે છે. સાચો અને યોગ્ય જવાબ આપવામાં મોડું થાય તે પહેલાં નિર્ણાયક બનવું આવશ્યક છે. આજે જ વિચારી લેવું જોઈએ કે "ક્યા પાયા, ક્યા ખોયા..."

*"કોઈકે મને પૂછ્યું કે આ દુનિયામાં*
*તારું પોતાનું કોણ છે...*
*મેં હસીને કહ્યું કે જે બીજાના માટે મને ન છોડે*
*એ મારું પોતાનું છે..."*

અમેરિકા (પરદેશ) થી પાછા આવવાની બિલકુલ ઈચ્છા ન હોય તો ત્યાં રહીને હૃદયમાં એક મજાનું ભારત ઉગાડી શકો છો. કઈ રીતે એ શક્ય બને ? ત્યાં રહ્યાં રહ્યાં સુંદર પુસ્તકો, સામયિકો કે ઈન્ટરનેટ દ્વારા અને સુંદર કેસેટો સાંભળીને ભારતીય સુગંધ મેળવી શકાય. જોબ માર્કેટ ત્યાં સારું છે, પણ સંતોષ-માર્કેટ, સુખ-માર્કેટ, હૂંફ-માર્કેટ અને સંબંધ-માર્કેટ કદાચ ભારતમાં સારું છે. વિચારવા જેવું ખરું. (સૌજન્ય : 'ગૂફતગૂ' - ગુણવંત શાહ)

...અને મારી વાત કરું તો...

*"વર્ણવી પીડા મારી...*
*હૃદય હલકું કર્યું...*
*સમજ્યા એ મૌન રહ્યા...*
*ને ઘણાએ તાલીઓ પાડી..."*

## પુસ્તક પરિચય : પ્રાથમિક શાળામાં શિક્ષક

વાતને સમજાવી વાચકો સમક્ષ મૂકી છે.

આ પુસ્તક દરેક પ્રાથમિક શિક્ષકે વાંચવું જોઇએ, કારણ કે આ પુસ્તક ગુજરાત રાજ્યના દરેક શિક્ષકને અધ્યાપન પદ્ધતિ, શાળાનું વાતાવરણ, શિક્ષક સામે આવતા ભાવિ પડકારોને ઝિલવાની તાકાત આપે એવું છે. મેં ત્રણ વાર આ પુસ્તક વાંચીને બાળકોના મનોભાવો વિશે હૃદયમાં બાલ્યાવસ્થાના પ્રસંગો જાગ્રત થયા છે. ગિજુભાઇની પયગંબરી વાણી અને કેળવણીના અનુભવો શિક્ષકોને આ પુસ્તક વાંચવાથી ઉર્જા અને પ્રેરણા મળશે. શિક્ષકોને ગિજુભાઇના બાલ ઘડતરના અનુભવો શાળાજીવનમાં ખૂબ જ ઉપયોગી થશે તે વાતમાં મને પૂરેપૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે

જયતુ પુસ્તકમ્
જયતુ જીવનમ્

## સ્વચ્છતા અભિયાનમાં એક શિક્ષકની ભૂમિકા

ગામની પ્રાથમિક શાળામાં પ્લાસ્ટિક ઝુંબેશ અંતર્ગત આવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. હકીકતે સ્વચ્છતા અભિયાન દ્વારા શિક્ષક ધારે તો વિદ્યાર્થીઓ સમક્ષ પોતે એક Role model બની શકે છે.

વિદ્યાર્થીઓ પ્રચાર માધ્યમો દ્વારા સતત સ્વચ્છતા અભિયાન વિષે સાંભળી-જોઈ રહ્યાં છે. હવે તેમાં પ્રાણ પૂરવાનું કામ શિક્ષકે કરવાનું છે. અનુકરણથી વિદ્યાર્થીઓ શીખશે કે મારા શિક્ષક આ જે કાર્ય કરી રહ્યાં છે એ જ સાચું અભિયાન છે અને હવે મારે પણ તેમાં યોગદાન આપવાનું છે.


શિક્ષકને આદર્શ બનાવવાથી ભવિષ્યમાં આ વિદ્યાર્થી જયાં પણ જશે ત્યાં સ્વચ્છતાનો આગ્રહી બનશે. તે વર્ષો પછી પણ જન્મદિવસની ચોકલેટ ખાઈને તેનું રેપર ખિસ્સામાં મૂકતા પોતાના શિક્ષકને યાદ રાખશે. બીજા કચરો ફેંકે તો તેને વારતા કે પોતે કચરાટોપલીમાં ફેંકવા માટે પ્રેરશે.

આમ, સ્વચ્છતા અભિયાન બધે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહ્યું હોય પરંતુ તેને પોતાની શાળા સ્તરનું કે વિદ્યાર્થીના ઘર સ્તરનું બનાવી દેવું તે શિક્ષકના હાથની વાત છે. શિક્ષકમાં વધુ ડહાપણ હોય તો વાલી મિટિંગ કરીને તે વાત તેમના ગળે પણ ઉતારી શકે છે. પરંતુ માત્ર ઔપચારિકતા ન બને અને શિક્ષક "હૃદયપૂર્વક" "મન, કર્મ, વચનથી" જોડાય તો જ કામનું છે.

# સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક સેમિનાર-૨૦૧૮



Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • જૂન-૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



# ગિજુભાઈ બધેકા

૧૫ નવેમ્બર ૧૮૮૫ • ૨૩ જૂન ૧૯૩૯

## બાલમંદિરનું અવતારકૃત્ય

બાલમંદિરમાં કામ ચાલે છે એનો અર્થ ચાર દીવાલોના મકાનમાં કામ ચાલે છે એમ નથી. બાલમંદિરોનું કામ સમગ્ર બાળકો વચ્ચે અને આખી દુનિયામાં ચાલે છે. નાનું એવું બાલમંદિર પણ પોતાનું કામ દુનિયાનાં બધા બાળકો અને સમગ્ર જનતા માટે કરે છે.

આ ભાવના બાલમંદિરના શિક્ષકો સમક્ષ રહેવી જોઈએ. બાલમંદિર દટ્ટા કે વજનનો કાંટો કે રસોડું કે રમતમાં સમાતું નથી. બાલમંદિરનું કાર્ય અમર્યાદિત છે. અમર્યાદિત અફાટ જનતાના એક ભાગને સ્પર્શીને આપણે વિરાટને સ્પર્શીએ છીએ એ ખ્યાલ વિના બાલમંદિરનું અવતારકૃત્ય અફળ જવાનું છે.

## ઈશ્વરનો અનુગ્રહ

ઈશ્વરનો અનુગ્રહ એ સૌથી મોટો ચમત્કાર છે.
બાળકો સૌથી વધારે પ્રભુના અનુગ્રહિતો છે.
બાળકોને સમજવા માટે ચોપડીઓ ન વાંચો,
પણ
બાળકોને જ વાંચો.
બાળકોમાં લોકો અને વાતાવરણને પારખવાની અદ્‌ભુત શક્તિ છે.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.